RNI No. 6489/57

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા

## માસિક પત્રિકા

Issue: 6, Year: 68, September, 2021, Pages: 52, Price Rs. 7.00



सर्व मंगल मांगल्यं, सर्व कल्याण कारणम्
प्रधानं सर्व धर्माणां, जैनं जयति शासनम्

# સશક્ત, સમૃધ્ધ ઝાલાવાડી સ્થા. જૈન સભાની વિકાસગાથા
















## શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભાના ખજાનચીઓ

| | |
|---|---|
| ૧. શ્રી કલ્યાણજીભાઈ ઠાકરશીભાઈ તલસાણીયા | ૧૯૬૭ થી ૧૯૭૦ |
| ૨. શ્રી ફતેહચંદ હરજીવન કામદાર | ૧૯૭૦ થી ૧૯૭૨ |
| ૩. શ્રી ધીરજલાલ છોટાલાલ દોશી | ૧૯૭૩ થી ૧૯૮૩ |
| ૪. શ્રી ત્રંબકલાલ પાનાચંદ વોરા | ૧૯૮૩ થી ૧૯૯૪ |
| ૫. શ્રી ચીમનલાલ ભુદરદાસ ગાંધી | ૧૯૯૪ થી ૧૯૯૯ |
| ૬. શ્રી નિશીતભાઈ પાનાચંદ તુરખીયા | ૧૯૯૯ થી ૨૦૦૭ |
| ૭. શ્રી અશોકભાઈ લાભુલાલ તુરખીયા | ૨૦૦૭ થી ૨૦૧૦ |
| ૮. શ્રી મહેન્દ્રભાઈ દિપચંદ તુરખીયા | ૨૦૧૦ થી ૨૦૧૭ |
| ૯. શ્રી દિલીપભાઈ અમૃતલાલ શાહ | ૨૦૧૭ થી .......... |

## શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભાના સહ મંત્રીઓ

| | |
|---|---|
| ૧. શ્રી લાભુલાલ કેશવલાલ તુરખીયા | ૧૯૭૭ થી ૧૯૮૦ |
| ૨. શ્રી વિપીનચંન્દ્ર સકરચંદ સંઘવી | ૧૯૭૭ થી ૧૯૮૩ |
| ૩. શ્રી મહેન્દ્રભાઈ કલ્યાણજી તલસાણિયા | ૧૯૮૦ થી ૧૯૮૩ |
| ૪. શ્રી ચંદ્રકાંતભાઈ વી. શાહ (ડેલીવાળા) | ૧૯૮૩ થી ૧૯૯૦ |
| ૫. શ્રી પ્રવિણચંદ્ર ગંભીરચંદ શાહ | ૧૯૮૩ થી ૧૯૯૦ |
| ૬. શ્રી મનસુખલાલ અમૃતલાલ સંઘવી | ૧૯૯૦ થી ૨૦૦૪ |
| ૭. શ્રી મહેન્દ્રભાઈ રતિલાલ અજમેરા | ૧૯૯૦ થી ૧૯૯૩ |
| ૮. શ્રી સુરેશભાઈ ખીમચંદ શાહ | ૧૯૯૩ થી ૧૯૯૯ |
| ૯. શ્રી અશ્વિનભાઈ કાંતિલાલ શાહ | ૧૯૯૯ થી ૨૦૦૭ |
| ૧૦. શ્રીમતી મનીષાબેન મિનેષભાઈ શાહ | ૨૦૦૪ થી ૨૦૦૭ |
| ૧૧. શ્રી નિશીતભાઈ પાનાચંદ તુરખીયા | ૨૦૦૭ થી ૨૦૧૦ |
| ૧૨. શ્રી અતુલભાઈ અમૃતલાલ શાહ | ૨૦૦૭ થી ૨૦૧૦ |
| ૧૩. શ્રી અનિલભાઈ હિંમતલાલ સંઘવી | ૨૦૧૦ થી ૨૦૧૭ |
| ૧૪. શ્રી નરેન્દ્રભાઈ વૃજલાલ સંઘવી | ૨૦૧૦ થી ......... |
| ૧૫. શ્રી મુકેશભાઈ રસીકલાલ શાહ (ચશ્માવાળા) | ૨૦૧૭ થી ........... |

## માસિક પત્રિકાના તંત્રીઓ

| | |
|---|---|
| ૧ શ્રી ખીમચંદ મગનલાલ વોરા | ૧૯૫૫ થી ૧૯૭૬ |
| ૨ શ્રી કેશવલાલ મગનલાલ શાહ | ૧૯૫૫ થી ૧૯૮૦ |
| ૩ શ્રી રમણલાલ વીરચંદ શેઠ | ૧૯૭૬ થી ૧૯૯૯ |
| ૪ શ્રી કાંતિલાલ હરિલાલ વકીલ | ૧૯૭૭ થી ૧૯૯૯ |
| ૫ સુશ્રી સંધ્યાબેન બિપિનભાઈ શાહ | ૧૯૯૭ થી..... |








वक्रतुण्ड महाकाय सूर्यकोटि समप्रभ।
निर्विघ्नं कुरु मे देव सर्वकार्येषु सर्वदा॥



BIO-DATA

# Monil Mayur Shah

**Horoscope**

| | | |
|---|---|---|
| Date | : | **6th Feb. 1996** |
| Time | : | 1.28 pm. |
| Place | : | Mumbai |
| Height | : | 5'8" |
| Weight | : | 70 kgs |

**About me**

| | | |
|---|---|---|
| Hobbies | : | Socializing, Sports, Traveling, Music |
| Education | : | B.M.S. (Bachelor in Management Studies) |
| Community | : | Zalawadi Dasha Shreemali Stanakwasi Jain |

**About**

| | | |
|---|---|---|
| Profession | : | T4 Tapes Pvt. Ltd. |
| Mumbai Factory | : | T4 Tapes Pvt. Ltd. G-1, Modern Ind. Estate, Near Paras Industrial Estate, Waliv, Vasai (E), Palghar : 401208 |
| Gujarat Factory | : | T4 Tapes Pvt. Ltd. Surendranagar-Rajkot Highway, Sekhapar, Muli Dist. Surendranagar, Gujarat : 363001 |
| Website | : | www.t4tapes.in |

**Paternal Info :**

| | | |
|---|---|---|
| Father | : | Mr. Mayur Chandulal Shah (Mob. : 9820265905) |
| Business | : | Iron & Steel Merchant (HR Enterprises) |
| Office Address | : | S-13, Hi-Life Mall, 1st Floor, Santarcuz (W), Mumbai-400 054. |
| Mother | : | Heena Mayur Shah (Mob. : 9320053160) |
| Grand Father | : | Shri. Chandulal Dalichand Shah |
| Grand Mother | : | Late Smt. Vasantben Chandulal Shah |
| Uncle | : | Shailesh Chandulal Shah - Mob. : 9825010275<br>Sandip Chandulal Shah - Mob. : 9374453800<br>Sunil Chandulal Shah - Mob. : 9825394110 |
| Native Place | : | Gundyala, Surendranagar, |
| Residence | : | 1101/1102 Gaurav Heights, Mahavir Nagar, Kandivali (West), Mumbai-400 067. |

**Maternal Information**

| | | |
|---|---|---|
| Nana | : | Chandrakant Chabildas Shah |
| Nani | : | Madhuben Chandrakant Shah |
| Mama | : | Bhavesh Chandrakant Shah<br>Mob. : 9327761066<br>Rupesh Chandrakant Shah -<br>Mob. : 9898725599 |

Advt.



PERSONAL DETAILS

Date Of Birth - 17th Feb, 1989

Time & Place - 09:44am, Borivali

Height/Weight - 5’5“ / 60kgs

ADDRESS

805, Shree Rasraj Tower,
Rokadia Cross Lane,
Pai Nagar, Borivali (West)

BIO-DATA

# Karan Naresh Vora

+91 - 8412824000 vorakaran.17@gmail.com +91 - 9022295355

## About Me

I'd describe myself as someone who's an easygoing, caring person with a strong work ethic. I love traveling with friends, watching web series, sports. I follow pure vegetarian diet. I have always enjoyed and loved the company of my parents.

## Job/Profession

**Application System DevOps Engineer – Senior Associate**
*Morgan Stanley Capital International (MSCI Inc)*
*Goregaon (East)*
Working at MSCI Inc. for more than 8 years.

## Education

**Bachelors of Engineering (BE) in Information Technology.**
*University of Mumbai.*
Microsoft Certified Azure Fundamentals, AZ-900.
ITIL® Foundation Certificate in IT Service Management (ITILF)
ITIL® Intermediate Certificate in IT Operational Support & Analysis

## FAMILY

**Father - Naresh Hasmukhlal Vora**
**DNA Infrastructure Pvt Ltd.**
*Constructing Warehouses, Real Estate & Property Consultant.*
National Real Estate
Next to Vijay Sales, Kalyan Road,
Bhiwandi - 421302.
+91 – 9422076050.

**Mother - Bhavana Naresh Vora**
*Home Maker*
+91 – 7666076050.

**Sister (Elder) – Disha Bhavik Shah**
*Married to Bhavik Shah, Kandivali.*

**Grand Father – Late Hasmukhlal Khetsibhai Vora**

**Grand Mother – Late Chandanben Hasmukhlal Vora**

**Mosal – Late Kundanlal Chhaganlal Shah**
*Wadhwan.*

**Native Place – Nagra**
*Surendranagar*

## HOBBIES

**Traveling, Watching Sports, Listening Music, Web series.**

## RELIGION

**Zalawadi Dashashrimali Sthanakvasi Jain.**

Advt.

BIO-DATA

2nd JUNE 1994

# SMIT DHARMENDRA GOPANI



| | |
|---|---|
| DOB | ■ 02/06/1994, 7.17 PM, DOMBIVLI. |
| HEIGHT | ■ 5' 6" |
| RELIGION | ■ VISHA SRIMALI STHANAKWASI JAIN (ZALAWADI) |
| EDUCATION | ■ 1) B.E. (CIVIL) (DATTA MEGHE COE) |
| PROFESSION | ■ BUSINESS (KULDEEP TRADERS – ALUMINIUM WINDOWS MANUFACTURER) |
| HOBBIES | ■ TREKKING, TRAVELLING & WATCHING MOVIES |
| NATIVE | ■ BOTAD, GUJARAT |
| EMAIL | ■ GOPANISMIT94@GMAIL.COM |
| CONTACT | ■ 9167285264 |

**FAMILY DETAILS**

| | |
|---|---|
| FATHER | ■ DHARMENDRABHAI KANTILAL GOPANI (9820120755) |
| OCCUPATION | ■ BUSINESS (KULDEEP TRADERS) |
| MOTHER | ■ NAYNABEN DHARMENDRA GOPANI (9833806304) |
| GRANDFATHER | ■ SHRI KANTILAL VAKHATCHAND GOPANI |
| GRANDMOTHER | ■ MANGALABEN KANTILAL GOPANI |
| SISTER | ■ AASHKA DHARMENDRA GOPANI (YOUNGER – PERSUING CS) |
| RESI. ADD. | ■ E/35, 12TH FLOOR, INDRAPRASTHA HSG. SOC., SARVODAYA NAGAR, MULUND WEST, MUMBAI. |
| OFFICE ADD. | ■ UNIT NO F, PLOT NO 61/A, NEW MINERVA IND. ESTATE, OPP MARIGOLD EXOTIC, MULUND WEST, MUMBAI. |

**PATERNAL FAMILY**

| | |
|---|---|
| UNCLE (KAKA) | ■ RAJNIKANTBHAI KANTILAL SHAH (9969967085) (BORIVALI) |
| | ■ ASHWINBHAI KANTILAL SHAH (9820027502) (MULUND) |
| AUNT (FAIBA) | ■ TARULATABEN RAJENDRAKUMAR SHAH (USA) |
| | ■ REKHABEN PRAFULKUMAR VORA (9375740508) (SURENDRANAGAR) |
| | ■ HARSHABEN SUBODHKUMAR SHAH (9322703331) (VASAI) |

**MATERNAL FAMILY**

| | |
|---|---|
| GRANDFATHER | ■ LATE SHRI HASMUKHLAL GULABCHAND VORA (PRESENT: MULUND, NATIVE: BOTAD,) |
| GRANDMOTHER | ■ LATE SMT. DHARMISTHABEN HASMUKHLAL VORA |
| UNCLE (MAMA) | ■ DILIPBHAI HASMUKHLAL VORA (9820001850) (MULUND) |
| | ■ MEHULBHAI HASMUKHLAL VORA (9321939321) (MULUND) |
| AUNT (MASI) | ■ MEENABEN ATULKUMAR SHETH (MALAD) (9137372725) |
| | ■ DIPTIBEN PIYUSHKUMAR SANGHAVI (DOMBIVLI) (9220847762). |

**GOL DHANA CALLED OFF**

Advt.




શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા (મુંબઈ)
સ્થાપના : ઈ. સ. ૧૯૦૩

**માસિક પત્રિકા**

સપ્ટેમ્બર ૨૦૨૧
વર્ષ : ૬૮ : : અંક : ૬
: તંત્રી :
સંધ્યાબેન બિપિનભાઈ શાહ
માલિક :
શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા
: મુદ્રક અને પ્રકાશક :
પ્રવીણચંદ્ર જી. શાહ

: પ્રકાશન સ્થાન :
૩૦૧, બે વ્યુ (ઈસ્ટ), ત્રીજે માળે,
૪૭, ડૉ. એમ. બી. વેલકર સ્ટ્રીટ,
(કોલભાટ લેન) ચીરાબજાર,
મુંબઈ–૪૦૦ ૦૦૨.
મો.: ૭૨૦૮૪૭૨૮૮૪, ૭૨૦૮૪૮૧૭૯૧
Email : zalawadisabha@gmail.com

મુદ્રણસ્થાન : રાજેશ પ્રિન્ટરી,
૧૧૫, પ્રગતિ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ,
૩૧૬, એન. એમ. જોશી માર્ગ,
ડિલાઈલ રોડ, લોઅર પરેલ (ઈસ્ટ)
મુંબઈ–૪૦૦૦૧૧. ફોન : ૪૦૦૩૨૪૯૬
: ફક્ત પત્રિકાનું લવાજમ :
એક વર્ષના રૂપિયા ૪૦૦/– + 5%
ત્રણ વર્ષના રૂપિયા ૧૦૦૦/– + 5%
છૂટક નકલ રૂા. ૭/–

શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા
ઑફિસના કામકાજનો સમય
સવારના ૧૧–૦૦ થી સાંજના ૭–૦૦

*શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા, માસિક પત્રિકામાં પ્રકાશિત થતા લેખોમાં દર્શાવેલા વિચારો લેખકના પોતાના છે, તેની સાથે સભાના હોદ્દેદારો અને તંત્રી સંમત છે તેમ માની લેવું નહિ.*



## તંત્રી સ્થાનેથી...

આદરણીય વડીલો, પ્રિય મિત્રો અને વહાલા વાચકો,

*'એવું પણ એક જગત હોય*
*સતત વહેતી જ્યાં ક્ષમા હોય*
*ન રાગ હોય ન દ્વેષ હોય*
*બસ કેવળ પ્રેમ ને ક્ષમા હોય...'*

પર્વાધિરાજ પર્યુષણનો સહુથી શ્રેષ્ઠ દિવસ એવો સંવત્સરી ક્ષમાપનાનો દિવસ - પોતાની ભૂલો સ્વીકારી બીજાની ભૂલોને માફ કરવાનો દિવસ...

પત્રિકાના તંત્રી તરીકે, સંસ્થાના અને મુખપત્રના નિર્ધારિત કરેલા મૂલ્યો ને માનદંડોને જાળવવા કાજે જો કોઈ પણ વ્યક્તિનું જાણતાં અજાણતાં મનદુઃખ થયું હોય તો અંતઃકરણથી ક્ષમા માંગુ છું.

આત્મશુદ્ધિના આ પર્વે ક્ષમામૂર્તિ પ્રભુ મહાવીરને પ્રાર્થુ કે આપણી વાણી પ્રેમમય બને, આપણી દૃષ્ટિ અમૃતમય બને, આપણા હાથ દાનેશ્વરી બને અને આપણો આત્મા ઉજ્જવળ બને...

'મિચ્છામિ દુક્કડં..'

**સંધ્યા શાહ**

**खामेमि सव्वजीवे, सव्वे जीवा खमंतु मे।**
**मित्ती मे सव्वभूएसु, वेरं मज्झं न केणई ।।**

સભ્યો, મિત્રો, શુભચિંતકો, અમારા ઉપકારી કલ્યાણકારી સ્વજનો...
આપ સહુ ને જાણતા કે અજાણતા અમારા થી કોઈ મન દુઃખ થયું હોય તો અંતઃકરણપૂર્વક

# મિચ્છામિ દુક્કડમં

**પ્રમુખ, ટ્રસ્ટીઓ તથા કાર્યવાહક સમિતિ ના સભ્યો**

# શિક્ષક શું કમાય છે ?

જેક મોટો કરોડપતિ હતો. તેણે પોતાને ત્યાં મોટી પાર્ટીનું આયોજન કર્યું હતું. અનેક લોકોને નિમંત્રણ આપ્યું હતું. અનેક વાનગી બનાવી હતી. ખાતી વખતે સૌ પોતાના કામની વાત કરી રહ્યાં હતાં. વાત વધારી-ચડાવીને એ દર્શાવવા પ્રયત્ન કરતા હતા કે પોતાના કામ દ્વારા તેઓ કેટલા બધા પૈસા કમાઈ રહ્યા છે.



જેક પણ મોટી મોટી વાતો કરતો હતો. એકાએક તેણે જોયું કે સુઝી કાંઈ બોલતી ન હતી. તેણે મજાકના મૂડમાં સુઝીને કહ્યું કે, 'જેને કોઈ કામ ન આવડે એ શિક્ષક બને છે. સુઝી તું કેટલું કમાય છે ? તું તો ટીચર છો ને ? બાળકો તારી પાસેથી શિક્ષક બનવાનું શીખતાં હશે, પણ તું પોતે કેટલું કમાય છે ?'

સુઝી એની પ્રામાણિકતા અને ખુલ્લાપણા માટે ખૂબ જાણીતી હતી. તેણે પૂછ્યું, 'તમે સાંભળવા ઈચ્છો છો કે હું કેટલું કમાઉં છું ? તો સાંભળો. હું મારા વિદ્યાર્થીઓનો પ્રેમ કમાઉં છું. હું બાળકોને મહેનત કરવાનું શીખવું છું જે બાળકો ભણવામાં નબળાં હોય છે. જેને નાપાસ થવાનો ભય હોય છે તેમને હું મેડલ મેળવવા યોગ્ય બનાવું છું. જે બાળકો મહેનતમાં પાછાં પડે છે તેમની જવાબદારી હું લઉં છું. મારા વિદ્યાર્થીઓને પ્રશ્નો કરતાં, તર્ક કરતાં, જિજ્ઞાસા કેળવતાં શીખવું છું. હું મારા વિદ્યાર્થીઓને ઘણુંબધું શીખવું છું.

'હું તેમને માફી માગતાં શીખવું છું. માફી માગવાની અનુભૂતિ કેવી હોય છે તે તેમને શીખવું છું. તેમને સંગીત શીખવું છું. સંગીત કેટલું મહત્ત્વનું છે તેનો અહેસાસ તેમને કરાવું છું. હું તેમને કોઈ પણ કામગીરીનું મહત્ત્વ સમજાવું છું. હું ઇચ્છું છું કે વિષયો ભણવાની સાથે સાથે તેમનું વ્યક્તિત્વ પણ વિકસીને પ્રગટ થાય. મારા વિદ્યાર્થીઓ સંસ્કારી અને નમ્ર બને એ હું જોઉં છું.

'તમને એ જાણવાનું ગમશે કે હું મારા વિદ્યાર્થીઓને બીજું શું શું શીખવું છું ? હું મારાં બાળકોને મહેનત દ્વારા જે ઉપલબ્ધિ થાય છે તેનું ગૌરવ કરતાં શીખવું છું.'

જેક સમજી ગયો કે સુઝીને છંછેડીને તેણે ઘણી મોટી ભૂલ કરી હતી. સુઝીએ આગળ કહ્યું, 'હજુ વધુ સાંભળવા ઇચ્છશે જેક, કે હું શું કમાઉં છું ? હું વિદ્યાર્થીઓને શીખવું છું કે તમે અદ્વિતીય છો. તમે બીજા કરતાં અલગ છો. તમારી જિંદગીનું ઘડતર કેમ કરવું.' ત્યાં બેઠેલા સૌ જેક તરફ જોઈ રહ્યા. એક શરમાઈ ગયો.

શિક્ષક દુનિયાની સૌથી સન્માનનીય વ્યક્તિ છે. તે પોતાના સામર્થ્યનો પોતાના વિદ્યાર્થીઓ પાછળ વ્યર્થ ઉપયોગ નથી કરતો, પણ રોકાણ (Investment) કરે છે. બધાંને સમજાઈ ગયું કે પૈસા કમાવાને આધારે વ્યક્તિને માપવી નહિ જોઈએ. શિક્ષક પોતાના વિદ્યાર્થીઓને સાચો રાહ બતાવે છે. તેઓ બાળકોને જીવનનાં મૂલ્યો શીખવે છે. એટલે શિક્ષકનું કામ બહુ જ મહત્ત્વપૂર્ણ છે.

❖❖❖



યક્ષજીના પ્રશ્નો
યુધિષ્ઠિરજીના જવાબો...

સ. પૃથ્વીથી મોટું શું છે ?
જ. માતા.
સ. આકાશથી ઊંચું શું છે ?
જ. પિતા.
સ. વાયુથી ઝડપી શું છે ?
જ. મન.
સ. ઘાસ કરતાં પણ જલદી શું વધે ?
જ. ચિંતા.
સ. આ દુનિયામાં ધર્મ કરતાં પણ શું મહાન છે ?
જ. દયા અને વિવેક.
સ. કોની સાથે મિત્રતાનો અંત નથી હોતો ?
જ. સજ્જન સાથેની.
સ. ક્યારેય પણ દુઃખી ન થવા પાછળનું રહસ્ય શું છે ?
જ. જે કોઇ પોતાના મનને કાબૂમાં રાખી શકે તો તે કયારેય દુઃખી ન થાય.
સ. સૌથી મોટું ધન શું છે ?
જ. શિક્ષણ.
સ. સૌથી મોટો નફો ક્યો છે ?
જ. તંદુરસ્તી.
સ. સૌથી મોટું સુખ કયું છે ?
જ. સંતોષ.
સ. માણસનો સૌથી મોટો દુશ્મન કોણ છે ?
જ. ક્રોધ.
સ. કયા રોગનો ઉપાય નથી ?
જ. લોભ.

**છેલ્લો સવાલ,**

સ. જિંદગી ની સૌથી મોટી વિચિત્રતા શું છે ?
જ. અનંત સમય સુધી જીવવાની ઇચ્છા. રોજેરોજ આપણે કેટલાય લોકોને મરતા જોઇએ છીએ. છતાં આપણે એવું વિચારી એ છીએ કે આપણે મૃત્યુ નહીં પામીએ.

# જૈન ધર્મ

**લે. ચંદ્રકાન્ત બક્ષી**

જૈન ધર્મ વિજ્ઞાન અને તર્કના પાયા ઉપર ઊભો છે. એ કદાચ એક કારણ છે કે કાળના પ્રવાહો સામે એ આજ સુધી સ્વસ્થતાથી જીવી શક્યો છે અને જીવે છે.

જૈનોની શાખા-પ્રશાખાઓ હિન્દુઓ જેવી નથી, પણ મુંબઈના કોઈપણ ગુજરાતી દૈનિક વર્તમાનપત્રની મૃત્યુનોંધો જોવાથી એનો થોડો ખ્યાલ આવી શકે છે. ઓસવાલ પોતાને ક્ષત્રિય કુળના ગણે છે. કચ્છમાં એમની ઘણી વસ્તી છે. જે ધર્મ વર્ણભેદના વિરોધરૂપે જન્મ્યો હતો. એમાં હવે પોતાના જ ભેદભાવ જન્મી ચૂક્યા છે અને એ સ્વાભાવિક છે. હિન્દુસ્તાનમાં શીખો અને ખ્રિસ્તીઓમાં પણ અસ્પૃશ્યો છે, પણ જૈનોમાં અસ્પૃશ્યો નથી એ એક બહુ મોટી વાત છે !

નવકારમંત્ર જૈન ધર્મના પાયામાં છે. નમસ્કાર મહામંત્રમાંથી નમઃકારમંત્ર બન્યો, એમાંથી 'નવકારમંત્ર' શબ્દ આવ્યો. આને નવના આંકડા સાથે સંબંધ નથી. ભમરામાંથી 'ભંવરા' કે કમલમાંથી 'કંવલ' જેમ 'મ' અક્ષર 'વ' માં કાળક્રમે બદલાઈ ગયો ! આ ધર્મ ચોક્કસાઈ પર કેટલો ભાર મૂકે છે અને કેટલો તર્કશુદ્ધ છે એ માટે એક દૃષ્ટાંત જોવા જેવું છે. પ્રથમ પાંચ મંત્રો પછી આવે છે : 'એસો પંચ નમુક્કારો, સવ્સ પાવપ્પાણાસણો' અર્થાત્ આ પાંચ મંત્રો, સર્વે પાપોનો નાશ કરે છે. અહીં જે 'પણાસણો' શબ્દ છે એ સંસ્કૃત 'પ્રનાશ'નું અર્ધમાગધી સ્વરૂપ છે. માત્ર પાપના નાશની વાત નથી, પણ પાપનો પ્રનાશ થાય છે. છાણાં બાળીને અને એની રાખ થઈ જાય એટલે કહેવાય કે છાણાંનો નાશ થયો, પણ એ રાખ જ્યારે ઊડી જાય ત્યારે કહી શકાય કે હવે છાણાંનો પ્રનાશ થયો ! માત્ર પાપના નાશથી જ સંતોષ નથી, એની રાખ ઊડી જવી જોઈએ. વિચારોની આટલી શુદ્ધતા અને તર્ક પછીનો ધારદાર વિતર્ક એ જૈન ધર્મની ખાસિયત છે !

જૈનો કોઈ જાતિ કે પેટાજાતિ નથી પણ ધર્મપરાયણ પ્રજા છે. જૈન શબ્દ પણ પાટીદારની જેમ હોદ્દાવાચક કે નાગરની જેમ જાતિવાચક નથી, કોઈ સરકાર કે પ્રતિષ્ઠાને એમને આ નામ આપ્યું નથી, પણ પ્રજાએ પોતે પોતાના માટે આ નામ સ્વીકાર્યું છે. ધર્મ, કર્મ, માન્યતાઓ, ખાવા કે ન ખાવાના નિયમો, વ્યવહાર આદિમાં એમની પાસે હજારો વર્ષ જૂની પ્રણાલિકાઓ છે. એ કોઈ માતા કે ઈશ્વરમાં માનતા નથી, પણ તીર્થંકર, અરિહંત સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ વગેરે ઊંચી અને ઊંચી આધ્યાત્મિક સ્થિતિઓની એમની પાસે એક ભૂમિકા છે. જ્યાં માણસ પોતે જ ઈન્દ્રિયદમન અને તપસ્યા કરીને મોટો બની શકે છે. જૈન ધર્મ વિજ્ઞાન અને તર્કના પાયા ઉપર ઊભો છે. એ કદાચ એક કારણ છે કે કાળના પ્રવાહો સામે એ આજ સુધી સ્વસ્થતાથી જીવી શક્યો છે અને જીવે છે.

જૈનોએ આપેલી પ્રતિભાઓની યાદી કરવી હોય તો આ જ કદનો બીજો એક લેખ ઓછો પડે ! પણ થોડાં નામો એમની પ્રવૃત્તિઓની વિવિધતા સમજવા માટે ગણાવી શકાય. ધર્મની દુનિયામાં કેટલાંય મોટાં નામોનો ઈતિહાસ સાક્ષી છે. મધ્યયુગમાં હેમચંદ્રાચાર્યનું નામ સૂર્યની જેમ પ્રકાશે છે. અકબરના જમાનામાં હીરવિજયસૂરિને શાહી દરબારમાં આમંત્રણ મળ્યું હતું અને એમને 'જગદ્‌ગુરુ' ની ઉપાધિ અપાઈ હતી. એમના પ્રયત્નોને કારણે અકબરે માંસાહારનો ત્યાગ કર્યો હતો. પછી તો કેટલાય વિચારકો અને વિદ્વાન સૂરીઓ આવતા ગયા. આપણા જમાનામાં શ્રીમદ રાજચંદ્ર સુપ્રસિદ્ધ છે. આજના ભારતના એક સુખ્યાત કે કુખ્યાત પણ અત્યંત મેધાવી વિચારક પણ જૈન છે - આચાર્ય રજનીશ ! પણ એ મધ્ય પ્રદેશના છે. મધ્યયુગનું એક બહુ મોટું નામ આનંદઘનજી ! એમના સમયના મહાન નૈયાયિક યશોવિજયજી, આ સિવાય આપણા સમયમાં 'પંજાબકેસરી' કહેવાતા વલ્લભસૂરિ અને એમના પ્રતિસ્પર્ધી રામસૂરિ જૈનદર્શનના બે સ્થંભો સમાન હતા. આ સિવાય આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પામેલા આત્મરામજી, કાશીવાળા વિજયધર્મસૂરિ અને પુણ્યવિજયજી, હમણાંના દિવસો તરફ આવીએ તો મુનિ સંતબાલ ! અને એક - મુનિ ચિત્રભાનુ, જે અમેરિકામાં જૈન ધર્મ ભણાવવા સિવાય પણ પ્રવૃત્તિઓ કરે છે ! અને જૈનોના કાનજી સ્વામીને કોણ ઓળખતું નથી ?

ઇતિહાસ પ્રસિદ્ધ આબુનાં મંદિરો બનાવનારા મંત્રીઓ વિમલ શાહ અને વસ્તુપાલ-તેજપાળ તથા રાણા પ્રતાપના મુખ્ય મંત્રી ભામાશાહ જૈન હતા. ગુજરાતના ઈતિહાસના સુવર્ણયુગ જેવા સોલંકીકાળમાં જૈનોનું વર્ચસ્વ હતું. તત્કાલીન ગુજરાતી ઈતિહાસ પણ એમની પાસેથી જ મળે છે. ગુજરાતના એક પ્રખર વિદ્વાન પંડિત સુખલાલજી અંધ હતા, પણ એમના મુકાબલાની પ્રતિભા ભાગ્યે જ પેદા થઈ છે. જેમને આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠા મળી છે એવા જૈન ભાષાશાસ્ત્રી પ્રબોધ પંડિત હતા.

કુંવરજી આણંદજી જૈન ધર્મના પ્રકાંડ શાસ્ત્રજ્ઞ હતા. એમના પુત્ર પરમાનંદજી કુંવરજી કાપડિયા 'પ્રબુદ્ધ જીવન' (પહેલાં પ્રબુદ્ધ જૈન) સાથે સંકળાયેલા હતા, સમાજનેતા હતા. એમના જ પિતરાઈ મૂળ ભાવનગરના મોતીચંદ કાપડિયાએ મહાવીર જૈન વિદ્યાલયો સ્થાપ્યાં, જેને કારણે જૈન સમાજને પ્રથમ કક્ષાના પ્રોફેસરો, ડૉક્ટરો, અભ્યાસીઓ મળ્યા ! ગઈ સદીમાં પ્રખ્યાત શેઠ મોતીચંદ ઉર્ફે મોતી શાહ થઈ ગયા જે લવજી વાડિયાના મુકાબલાના જહાજમાલિક હતા. દુનિયાભરમાં ધંધો કરતા તારાચંદ મોતીચંદ ચિનાઈ ચીની ભાષા ભણ્યા હતા, ચીનની મુસાફરી કરનારા પ્રથમ જૈન ગૃહસ્થ હતા અને જૈનોએ જેમને માટે ખરેખર ગર્વ લેવો જોઈએ એવો એક શાહ-સૌદાગર મર્દ ખેલાડી જે એ જમાનામાં કરોડો કમાયો, કરોડો ખોયા, મુંબઈનું આખું 'રેક્લેમેશન' કર્યું. મુંબઈના રાજા, દુનિયાનાં રૂબજારોને ધ્રુજાવનારો સુરતનો જૈન સપૂત - પ્રેમચંદ રાયચંદ. મુંબઈએ અને કદાચ હિન્દુસ્તાને આવો શેરદિલ અને ભડવીર માણસ જોયો નથી. બહાર - ગેટ (બઝાર ગેટ)ના જૈન કુટુંબોને સામાયિક-

પ્રતિક્રમણ કરવામાં સમય જોવાની તકલીફ પડે છે માટે માતા રાજબાઈએ એક ટાવર બાંધવાનું સૂચન કરતાં પ્રેમચંદ રાયચંદે મુંબઈનો વિશ્વવિખ્યાત રાજાબાઈ ટાવર બંધાવ્યો !

ગઈ સદીમાં સ્વામી વિવેકાનંદ ગયા હતા એ અમેરિકાની શિકાગો વિશ્વધર્મ પરિષદમાં જૈન ધર્મના પ્રતિનિધિ તરીકે જઈને વીરચંદ રાઘવજી ગાંધીએ વિદેશોમાં પ્રથમ વાર જૈન ધર્મ વિષે વ્યાખ્યાનો આપ્યાં હતાં. યુવાનીમાં અવસાન પામેલા એ પ્રખર જૈન વિદ્વાનને જૈનોએ જ્ઞાતિ બહાર મૂક્યા હતા ! જૈનોમાં દાન અને ધર્મ વિદ્વત્તાની સાથે સાથે રહ્યાં છે. યશોદેવસૂરિ જૈન શિલ્પસ્થાપત્યના નિષ્ણાત અને તત્વજ્ઞ છે. વિજયધર્મસૂરિની પ્રેરણાથી મૂર્તિપૂજક સમાજમાં કરોડો રૂપિયાનાં દાનનાં કાર્યો થયાં છે. સુરતમાં બે કરોડને ખર્ચે મહાવીર હૉસ્પિટલ બનાવનાર દાનવીર જયંતીલાલ રતનચંદ શાહને કેમ ભૂલી શકાય ? એક તદ્દન જુદાં ક્ષેત્રમાં એ જૈન મશહૂર થયા હતા - નથ્થુમંછા જાદુગર હતા !

અમદાવાદનાં વિખ્યાત જૈન પરિવારની વાત કર્યા વિના સૂચિ અધૂરી રહી જાય ! મૂળ સ્થાપક શાંતિદાસ શેઠ, એમના જ પરિવારમાં એક પુત્રના વંશવૃક્ષમાં હેમાભાઈ અને એમના પુત્ર પ્રેમાભાઈ થયા. બીજી લાઈનમાં થયેલા લાલભાઈ અને એમના યશસ્વી પુત્ર (અને હવે સ્વર્ગસ્થ) કસ્તૂરભાઈને આખું ગુજરાત ઓળખે છે. જૈનમંદિરોની વ્યવસ્થા કરતી 'આણંદજી-કલ્યાણજી'ની પેઢી (આ કોઈ વ્યક્તિઓ નથી, પણ આનંદ અને કલ્યાણ એવી ભાવનાઓ છે !)નો વહીવટ પણ લાલભાઈએ કર્યો હતો. હઠીસિંહ કેસરીસિંહ એ બીજો પરિવાર જેમનું હઠીસિંહ દેરું અમદાવાદનું એક દર્શનીય સ્થાન છે. એ પરિવારના રાજા હઠીસિંહ જવાહરલાલ નેહરુની બહેન કૃષ્ણાને પરણ્યા હતા ! સારાભાઈ પરિવારે દેશને ઘણાં નામો આપ્યાં છે. અંબાલાલ સારાભાઈના કાકા ચીમનલાલ નગીનદાસનું સી.એન. વિદ્યાલય મશહૂર છે. એ જ કુટુંબમાં ઇંદુમતી ચીમનલાલ થયાં.

ભારતના વિરાટ ઉદ્યોગોમાંથી કેટલાક જૈન છે : વાલચંદ હીરાચંદ, સારાભાઈ, કસ્તૂરભાઈ લાલભાઈ, કામાણી, કિલાચંદ, ચંદેરિયા ! ચંદેરિયા પરિવારના ઉદ્યોગો બત્રીસ દેશોમાં છે. ફીટટાઈટ બૉલ્ટ-નટ્સ કંપનીના ચેરમેન લાલદાસ જમનાદાસ વોરા અગાઉ મુંબઈના શેરબજારના પ્રમુખ રહી ચૂક્યા છે. મજાની વાત એ છે કે મુંબઈના ધનપતિઓને ધ્રુજાવનાર મજૂરનેતા આર.જે. મહેતા પણ પાલનપુરના લાખોપતિ જૈન ઝવેરી પરિવારના નબીરા છે ! જૈનો ઉદ્યોગપતિઓની સાથે સાથે મજદૂરનેતા પણ પેદા કરી શકે છે !

જૈન સમાજનું એક પ્રતિષ્ઠિત નામ ચીમનલાલ ચકુભાઈ શાહ. તે મુંબઈ સરકારના સૉલિસિટર. લોકસભાના સભ્ય અને યુનોની મહાસમિતિમાં ભારતીય પ્રતિનિધિમંડળના સભ્ય રહી ચૂક્યા છે. ડૉ. રમણલાલ ચી. શાહ મુંબઈ યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના અધ્યક્ષ છે અને મધ્યકાલીન જૈન સાહિત્ય તથા તત્વજ્ઞાનના તજજ્ઞ છે. શિક્ષણના ક્ષેત્રમાં એસ.એન.ડી.ટી. યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર ડૉ. મધુરીબહેન શાહ ભારતભરમાં સુવિખ્યાત છે. મુંબઈના બેશુમાર ડૉક્ટરો જૈન છે. એક નામ ડૉ. કે.એન. કામદાર, જેમનું એશિયાના પ્રમુખ રેડિયોલૉજિસ્ટોમાં સ્થાન છે. બાલકૃષ્ણ દોશી ભારતના પ્રમુખ સ્થપતિઓમાં (આર્કિટેક્ટ) ગણાય છે અને અમદાવાદનાં કેટલાંય આધુનિક મકાનો એમના કસબની સાક્ષીરૂપે ઊભાં છે. ડૉ. વિક્રમ સારાભાઈ વિશ્વપ્રસિદ્ધ વૈજ્ઞાનિક હતા અને એમના પરિચયની જરૂર નથી.

અર્થશાસ્ત્રી પ્રો. કે. ટી. શાહ લોકસભાના સભ્ય હતા અને રાષ્ટ્રપતિની ચૂંટણી માટે ઊભા રહ્યા હતા. વાડીલાલ ડગલી 'કૉમર્સ' પત્રિકાના સંપાદક છે. અર્થશાસ્ત્રી છે. 'જન્મભૂમિ' પત્રોના પ્રાણ જેવા સંપાદક અમૃતલાલ શેઠ જૈન હતા. સર્વ પ્રથમ ગુજરાતી ફિલ્મ સાપ્તાહિક 'ચિત્રપટ' શરૂ કરનાર નગીનલાલ શાહ, 'ગુજરાત સમાચાર' તંત્રી શાંતિલાલ શાહ, 'જયહિંદ' બાબુભાઈ શાહ, ૯૦ હજાર નકલોનો ફેલાવો ધરાવતા 'ફૂલછાબ' દૈનિકના સંપાદક હરસુખ સાંગાણી આ બધા જ ગુજરાતના પત્રકારત્વ પર છવાયેલા છે. આજના ગુજરાતી વિવેચક-વિચારક અને 'ગ્રંથ' ના તંત્રી યશવંત દોશી જૈન છે. રાજનીતિશાસ્ત્રના પંડિત ડૉ. રજની કોઠારી પણ જૈન છે અને સેક્સ વિજ્ઞાનના પંડિત ડૉ. પ્રકાશ કોઠારી પણ જૈન છે. આ દરેક પોતપોતાનાં ક્ષેત્રોમાં શિખર પર છે ! સિનેમાની દુનિયામાં સરદાર ચંદુલાલ એક જ હતા ! ફિલ્મવિતરકોમાં કપૂરચંદ પરિવારનો સિક્કો હતો. કલ્યાણજી અને આણંદજી સંગીતક્ષેત્રે સુપ્રસિદ્ધ છે. ફિલ્મ-ફાઈનાન્સમાં નામ કાઢનાર જી. એન. શાહ પણ જૈન છે. ગુજરાતી નાટકની દુનિયામાં જાનદાર કાન્તિ મડિયાના કદમ સાથે કદમ મિલાવીને ચાલનારા ઓછા છે. નાટ્યક્ષેત્રે લાલુ શાહ અને જગદીશ શાહ ગાજતાં નામો છે. નૃત્યની-ફિલ્મોની મુખ્ય ગુજરાતી અભિનેત્રી રાગિણી જૈન છે. નૃત્યની ઝિલમિલ દુનિયામાં ઝવેરી બહેનોએ નામ રોશન કર્યું છે અને આજે મલ્લિકા સારાભાઈ પણ ટોચનું નામ છે. હિન્દુસ્તાનમાં જાદુની માયાજાળ કાન્તિલાલ ઉર્ફે કે.લાલે આવી પાથરી છે કે હવે એ આંતરરાષ્ટ્રીય બની ગઈ છે અને ક્રિકેટના રસિકોને ભારતીય ટેસ્ટ ટીમના સ્પીન બોલર દિલીપ (રસિકભાઈ) દોશીનો પરિચય આપવાનો રહેતો નથી.

સાહિત્યમાં જૈનોએ બહુ મોટાં નામો આપ્યાં છે : વાડીલાલ મોતીલાલ શાહ અને મોહનલાલ ચુનીલાલ ધામી, ચુનીલાલ વર્ધમાન શાહ અને જયભિખ્ખુ ! આધુનિક ગુજરાતી ભાષાના શ્રેષ્ઠ કવિ અને ગાંધીજીના શબ્દોમાં 'રાષ્ટ્રીય શાયર' ઝવેરચંદ મેઘાણી જૈન હતા. એમના ભત્રીજા રમણીક મેઘાણીએ બંગાળી સાહિત્યની કૃતિઓના ઉત્તમ અનુવાદો ગુજરાતીને આપ્યા છે. કથાવાર્તામાં ટોચનાં નામો જૈન છે - ચુનીલાલ મડિયા અને ગુલાબદાસ બ્રોકર ! લોકપ્રિય કથાકારોમાં રસિક મહેતા બહુ વંચાય છે અને ગઈ પેઢીનું એક નામ - મોહનલાલ મહેતા - સોપાન !

ધર્મમાં કહ્યું છે કે કશાયનો વાસ ચાર જગ્યાએ છે : ક્રોધનો લલાટમાં, માનનો ગરદનમાં, માયાનો હૃદયમાં, લોભનો સર્વ અંગોમાં ! કદાચ 'મહાજાતિ' વાસ જૈનોમાં હશે.

❖❖❖

# અવેરે જ શમે વેર...

સંધ્યા શાહ



નેપોલિયન જિંદગીના અંતિમ દિવસોમાં ઈશ્વરને પ્રાર્થના કરતા હતા પણ પોતાને હરાવનાર વેલિંગ્ટનની યાદ આવતી ને મન ઉદાસ થઈ જતું હતું. તેમની સેક્રેટરીએ કહ્યું, 'તમે જ્યાં સુધી વેલિંગ્ટનને માફ ન કરો ત્યાં સુધી ઈશ્વર તમારા પર કઈ રીતે પ્રસન્ન થાય ? નેપોલિયને કહ્યું, 'હું વેલિંગ્ટનને માફ કરુ છું.' સેક્રેટરીએ કહ્યું, 'એટલાથી ન ચાલે, તમારે એ વાત ભૂલી જવી પડશે.' 'નેપોલિયને કહ્યું, 'I can forgive him, I can not forget him.' સેક્રેટરીએ કહ્યુ, 'માફી આપી શકાય અને ભૂલી ન શકાય તે ક્ષમા કેવી રીતે કહેવાય ?'

સાચી વાત છે. માણસ બધું કરી શકે છે બસ, માફ નથી કરી શકતો. એટલે જ કહેવાય છે 'क्षमा वीरस्य भूषणम्'

આફ્રિકાની રંગભેદની લડાઈમાં અશ્વેત પ્રજાના હક માટે લડત કરનાર નેલ્સન મંડેલાને અંગ્રેજોએ ૨૭ વર્ષ રોબિન ટાપુ પરની જેલમાં પૂરી દીધા. તેમની પત્નીને અને પરિવારને અત્યંત દુઃખ આપવામાં આવ્યુ. મંડેલાએ પોતાની માતા અને સંતાનને ગુમાવ્યા - ૨૭ વર્ષની કાળાપાણીની કેદમાં અંગ્રેજોએ કોઈ જુલમ કરવામાં બાકી નહોતું રાખ્યું. અશ્વેત પ્રજાની આઝાદી માટે થનગનતા એ ૪૫ વર્ષના નેલ્સન મંડેલાને જ્યારે આંતરરાષ્ટ્રીય દબાણ થકી છોડવામાં આવ્યો ત્યારે એ ૭૨ વર્ષના વૃદ્ધ બની ગયા હતા. આખી જિંદગી અપાર યાતના આપનાર લોકો માટ તેમના હૃદયમા કોઈ વેર ભાવ નહોતો. આંતરિક મનોમંથને એમને સંપૂર્ણપણે અહિંસક બનાવી દીધા હતા.



માતાના ગર્ભમાં હતા ત્યારથી અન્યને સુખ આપવા પોતે કષ્ટ સહી લેતા ક્ષમામૂર્તિ મહાવીર સ્વામીની તપશ્ચર્યામાં અનેક ઉપસર્ગો આવ્યા - એટલે સુધી કે ચંડકૌશિક નાગના ડંખ ને સહીને પણ પ્રભુએ અપાર કરૂણા દાખવી. અંગૂલિમાલને માફી બક્ષી જીવનરાહ દર્શાવતા કરૂણામૂર્તિ બુદ્ધ, પોતાના મૃત્યુ માટે જવાબદાર વ્યક્તિને નાસી જવાનું કહી ક્ષમા આપી દેતા દયાનંદ સરસ્વતી તથા સળગતા અંગારા સહન કરતા ગજસુકુમાર ના કિસ્સાઓ આપણે જાણીએ છીએ. મહાત્મા ગાંધી અને વિનોબા ભાવેના જીવનમાં આ પ્રશમ ભાવ અનેક પ્રસંગોએ ઝળહળ્યો છે. આપણને થાય કે એ તો બધી ઈશ્વરની કે લોકોત્તર મહામાનવોની વાત થઈ. વૈયક્તિક જીવનમાં શું આ શક્ય છે ?

જીવનપથ પર કેટકેટલા લોકોએ આપણી લાગણી દુભાવી છે ! કોઈના વર્તન કે કોઈના શબ્દો થકી જે ઘાવ લાગ્યા છે તે રૂઝાતા નથી. જેટલી વાર એ પીડાની પળોને યાદ કરીએ એ વ્રણમાંથી લોહી વહેવા લાગે છે. જિંદગીમાં એવા લોકોથી સદાય દૂર થઈ જવાનું ગમે છે. ભૂલવાની તો વાત જ ક્યાં ! હકીકતે થાય છે એવું કે કોઈએ આપણું દિલ એક જ વાર દુભાવ્યું હોય છે એ યાદ કરીને આપણે વારંવાર આપણું દિલ દુભાવતા હોઈએ છીએ. એમની નજીક જવાનું આપણે ટાળીએ છીએ ને સંબંધોમાં એક ખાલીપો - શૂન્યાવકાશ સર્જાતો હોય છે. કોઈ આપણું અપમાન કરે, આપણને અન્યાય કરે, વિના કારણ હેરાન કરે ત્યારે ગુસ્સો આવી જાય છે. ક્રોધ માનવીના સત્વને બાળી નાંખે છે. ક્રોધને કારણે વર્ષોથી જાળવી રાખેલા સંબંધો ક્ષણવારમાં તૂટી જાય છે. પારિવારિક શાંતિ હણાઈ જાય છે.

કુદરતે માણસને સુખી થવા માટે, આનંદમાં રહેવા માટે બે વિકલ્પો આપ્યા છે. માણસ કાં તો માફી આપી દે, કાં તો દુશ્મનાવટને જીવતી રાખી શકે..



ગાલિબ કહે છે,

'इस तरहासे हमने जिंदगी को
आसां कर लिया'
किसीसे माफी मांग ली,
किसीको माफ कर दिया।'

માફ કરવામાં કે માફી માંગવામાં મોડું ન કરવું જોઈએ દિલ પરનો ભાર હળવો કરવા માટે ક્ષમાપના એ અમોઘ ઔષધ છે. ક્ષમા જીવનને અમૃતમય બનાવે છે. કેટકેટલા પ્રસંગોએ ક્રોધ, નારાજગી, આંસુ કે વિષાદને બદલે એ ક્ષણોને ક્ષમાભાવથી જાળવી લઈએ તો જિંદગીની બળતરા શમી જાય છે.

મને યાદ છે, જોગેશ્વરીની એક શાળાના બાળકોને લઈ જતી વેનમાં ૧૧ બાળકો હતા. ડ્રાઈવરે ગાડી હંકારી ને અચાનક આગ ફાટી નીકળી. બાળકોનો

મૈત્રીભાવનું પવિત્ર ઝરણું મુજ હૈયામાં વહ્યા કરે,
શુભ થાઓ આ સકલ વિશ્વનું એવી ભાવના નિત્ય રહે,
પ્રભુ એવી ભાવના નિત્ય રહે.

ગુણથી ભરેલા, ગુણીજન દેખી, હૈયું મારું નૃત્ય કરે,
એ સંતોના ચરણકમલમાં, મુજ જીવનનો અર્ધ્ય રહે.
મૈત્રીભાવનું...

દીન, ક્રૂર ને ધર્મ વિહોણા, દેખી દિલમાં દર્દ રહે
કરુણા ભીની આંખોમાંથી, અશ્રુનો શુભ સ્રોત વહે.
મૈત્રીભાવનું...

માર્ગ ભૂલેલા જીવન પથિકને, માર્ગ ચીંધવા ઊભો રહું,
કરે ઉપેક્ષા એ માર્ગની, તો યે સમતા ચિત્ત ધરું.
મૈત્રીભાવનું...

ચિત્રભાનુની ધર્મ ભાવના, હૈયે સૌ માનવ લાવે,
વેરઝેરનાં પાપ તજીને મંગળ ગીતો એ ગાવે.
મૈત્રીભાવન...



કિલ્લોલ કિકિયારીમાં ફેરવાઈ ગયો. પાંચ બાળકોના કરૂણ મૃત્યુ થયા. બાળકોને અતિશય વહાલથી રોજ લઈ જતા ડ્રાઈવરની બેદરકારીને કારણે કે અન્ય કોઈ કારણે આ આગ લાગી પણ બાળકોના વાલીઓએ પોતાના હૈયાના ટુકડાને ગુમાવ્યા હોવા છતા આ ડ્રાઈવરના બાળકો પ્રત્યેના સ્નેહને યાદ રાખી એને માફ કરી દીધો...

મહાત્મા વિદૂરને પૂછવામાં આવ્યુ હતું, 'સ્વર્ગ કોને પ્રાપ્ત થાય છે ? વિદૂરે કહ્યુ, 'સ્વર્ગ એવી વ્યક્તિઓને મળે છે જેમનામાં પરિપૂર્ણ સામર્થ્ય હોવા છતાં સામેવાળી વ્યક્તિને જે ક્ષમા આપી દે..'

જીવનનું એક સત્ય છે,

*''શમે ના વેરથી વેર, ટળે ના પાપ પાપથી*
*ઔષધ સર્વે દુઃખોનું, મૈત્રીભાવ સનાતન''*

માફી આપવી એટલે સામેનાના દુર્વ્યહવારની સામે આપણી ઉદાર વૃત્તિને વધારવી. માફી આપવા માટે કે માફી માગવા માટે શબ્દોની જરૂર નથી હોતી. આંખોમાંથી સ્નેહ નીતરે અને મિચ્છામિ દુક્કડં થઈ જાય.

જેલમાંથી છૂટેલો એક માનવી દસ વર્ષ બાદ ટ્રેનમાં જઈ રહ્યો હતો. સહયાત્રીએ પૂછ્યું, 'કયાં જાવ છો ? પેલા માનવીએ કહ્યું, 'એ જ વિચારું છુ', 'શું આપને ઘર નથી ? શું આપનું કોઈ નથી ? 'છે, ને, ઘર છે, કુટુંબ છે, પત્ની-સંતાનો છે પણ... મેં એ બધાને એટલો અન્યાય કર્યો છે કે એમની સામે જોવાની હિંમત હું કરી શકતો નથી. મારા ગુનાઓને લીધે મને મળી એ કરતા ઘણી વધારે સજા એમને મળી. આબરૂ ગઈ, મિલકત ગઈ ને ભગવાન જાણે કેવી કેવી હાડમારીઓ સાથે આ વર્ષો તેમણે ગાળ્યા ? હવે તેઓ મને સ્વીકારશે ખરા ? થોડા દિવસો પૂર્વે મેં ઘેર કાગળ લખ્યો છે હું છૂટીને બહાર આવવાનો છું. જો તમે દિલથી માફી આપો તો એની નિશાની તરીકે ઘરને આંગણે આવેલા દેવદારના વૃક્ષ પર એક સફેદ ધજા બાંધજો. રેલવે લાઈનની એ નજીક છે માટે હું જે ગાડીમાં આવીશ એમાંથી જોઈશ. ધજા દેખાશે તો ઉતરી જઈશ નહીં તો કયાંક આગળ જતો રહીશ.'

વતનનું સ્ટેશન આવ્યું. બારીની બહાર જોવાની એની હિંમત ન ચાલી - સહયાત્રીને કહ્યું, ઝાડ પર કોઈ સફેદ પટ્ટો દેખાય છે ? આ શું ? રેલ્વે લાઈનની બાજુના એ દેવદારના વૃક્ષો પર એક, બે, નહીં પણ અનેક સફેદ ધ્વજ લહેરાતા હતા - રખેને એ નિશાન ચૂકે... ક્ષમા માણસનું હદય જીતી લે છે.'

ક્ષમા આપણા અહંકારનું વિસર્જન કરે છે. ક્રોધને શાંત પાડી દે છે. શત્રુઓનો નાશ કરે છે. ભર્તૃહરિએ કહ્યું છે, 'જેની પાસે ક્ષમા



છે તેને બખ્તરની શી જરૂર છે ?' મૈત્રી-પ્રમોદ-કરુણા અને માધ્યસ્થ - ધર્મની આ ચાર ભાવનાઓનું આચરણ ક્ષમા વિના શક્ય નથી.

જિનશાસનની ભવ્ય પરંપરા સમા પર્યુષણ પર્વે સર્વે જીવોની ક્ષમાયાચના કરીએ.

❖❖❖

# મમત્વનો ત્યાગ

અબ્રાહમ લિંકન.

અમેરિકાની ભૂમિ ઉપર જન્મેલ વિશ્વ વિખ્યાત વિભૂતિ! વ્યવસાયે વકીલ. ભારે કાબેલ.

એક વખત અબ્રાહમ લિંકન બેઠા હતા ત્યાં અચાનક એક જમીનદાર દોડી આવ્યો. આવતાં જ રોષભરી વાણીમાં એ બોલવા માંડ્યો :

'વકીલ સાહેબ! મારે એક કેસ લડવો છે!'

'શાનો કેસ છે એ તો કહો!' લિંકને કહ્યું.

જમીનદારે રૂઆબ દાખવતાં મૂછ ઉપર વળ દીધો ને પછી કહ્યું : 'મારે એક ખેડૂત ઉપર કેસ માંડવો છે. તમે કહેશો તેટલી ફી ચૂકવીશ...પણ હું એ ખેડૂતને હંફાવવા માગું છું!'

'કેટલી ઉતાવળ તમે કરો છો, ભાઈ! ખેડૂત ઉપર તમારે કેસ માંડવો છે એ ઠીક, પણ કંઈ કારણ કહેશો કે નહિ? કઈ બાબત ઉપર તમે એને હંફાવવા માગો છો?' લિંકને કહ્યું.

'વકીલ સાહેબ, એ ખેડૂતની પાસેથી મારે અઢી ડોલર લેવાના છે. અનેક વખત ઉઘરાણી કરી પણ એ દાદ આપતો નથી. એટલે આ વખતે તો હવે એને ખબર જ પાડી દેવી છે.'જમીનદારે કહ્યું.

'પણ ભાઈ! અઢી ડોલર વસૂલ કરવા ખાતર કોર્ટે જવાતું હશે?'

'સાહેબ, રકમ ભલે નાની હોય, આમાં તો વટનો સવાલ છે! મારા જેવાની સામે એ ટકરાવાની હિંમત કરે તે કેમ ચાલે?'

લિંકન જમીનદારની વાત સમજી ગયા. એ જાણતા હતા કે માનવી આવેશમાં હોય ત્યારે અંધ બની જાય છે. એને હિત કે અહિત કંઈ જ દેખાતું નથી. એ બોલ્યા : 'ભાઈ, કેસ તો હું લડીશ પણ મારી ફીની રકમ ઘણી વધારે થશે.'

'ભલે, ગમે તેટલી રકમ ચૂકવવા હું તૈયાર છું.'

'તો એમ કરો. હમણાં જ મને દસ ડોલર આપી દો. પહેલાં તો ખેડૂતને આપણે નોટિસ આપવી પડે, એના ખર્ચમાં દસ ડોલર થશે.'

'આ લ્યો....' ખિસ્સામાંથી કાઢીને દસ ડોલર જમીનદારે અબ્રાહમ લિંકનના હાથમાં મૂક્યા.

જમીનદારને વિદાય કરીને લિંકન તો પેલા ખેડૂત પાસે પહોંચી ગયા. ખેડૂતને સમજાવતા એમણે કહ્યું : 'જો ભાઈ! ઝઘડાનું મૂળ ન જોઈએ. હું તને પાંચ ડોલર આપું છું એમાંથી અઢી ડોલર તું તારા જમીનદારને આપી આવ, બાકીના અઢી ડોલર તું રાખજે હોં!'

ખેડૂત તો ખુશ થઈ ગયો.

એક તો દેવું ચૂકવાઈ જાય ને ઉપરથી પોતાને અઢી ડોલરનો નફો થાય!

વાહ, ભાઈ વાહ!

ખેડૂત જમીનદાર પાસે પહોંચી ગયો. એણે અઢી ડોલર તેને આપી દીધા. દેવું ભરપાઈ થઈ ગયું!

લિંકનની કેવી અદ્‌ભુત ચાલાકી!

પોતે કેસ લડ્યા વિના જ પાંચ ડોલર મેળવી લીધા, ને ખેડૂતનું દેવું ચૂકવ્યા છતાં અઢી ડોલર મળી ગયા!

અને લિંકન કેટલા સજ્જન કે તેમણે કેસ લડીને વધુ પૈસા કમાઈ લેવાની લાલચ કરવાને બદલે આ કેસ સારી રીતે જલદી પતાવી દીધો!

બીજા જ દિવસે જમીનદારે લિંકન પાસે આવીને કહ્યું, 'વકીલ સાહેબ, હવે મારે કેસ લડવાનો નથી. પેલો ખેડૂત મારું લેણું ચૂકવી ગયો છે.'

આ મૂરખ જમીનદારે તો અઢી ડોલર મેળવવા જતાં વધારાના દસ ડોલરનું નુકસાન વેઠ્યું.

ઝઘડાનું પરિણામ હંમેશાં વિનાશક જ આવે છે. સમાધાનમાં સુખ છે. કારણ કે ઝઘડો ધીમે ધીમે મમત્ત્વ ઉપર સ્થિર થાય છે, ને મમત્ત્વ જ માનવીને મારે છે.

ચાલો, મમત્ત્વરૂપ દરેક બાબતનો ત્યાગ કરવા કટિબદ્ધ બનીએ...! ❖❖❖

# ઝાલાવાડી સભાના આત્મીય સ્વજન મુગટભાઈ દોશીનું અંતિમ પ્રયાણ...



અત્યંત સૌમ્ય, મૃદુભાષી, પ્રસન્ન વ્યક્તિત્વ ધરાવતા શ્રી મુગટભાઈ ગફલભાઈ દોશીનું ૧૬મી ઓગસ્ટ ૨૦૨૧ના દિને અવસાન થયુ. સમાજને સમર્પિત એક ઊજળું વ્યક્તિત્વ અનંતમાં લીન થઈ ગયું.

એમના જમાનામાં UDCT માંથી સુવર્ણચંદ્રક મેળવી પોતાની યશસ્વી કારકિર્દીનો આરંભ કરનાર અત્યંત પ્રતિભાશાળી મુગટભાઈએ જ્વલંત વ્યાવસાયિક સફળતા મેળવી સાથે સમાજ સાથેનો અનુબંધ જાળવી રાખ્યો. જૈન સોશ્યલ ગ્રુપ, જૈન સોશ્યલ ઈન્ટરનેશનલ ફેડરેશનના પ્રમુખ તરીકે એટલા વિશાળ સમુદાયનું સુચારુ નેતૃત્વ કર્યુ. વ્યક્તિત્વની મીઠાશ તો એટલી કે દરેક પદ માટે તેઓ સર્વાનુમતે બિનહરીફ જ ચૂંટાયા. ઝાલાવાડી સભાની કાર્યવાહક સમિતિના સભ્ય તરીકે કાર્યરત રહ્યા. સભાના પ્રત્યેક પ્રકલ્પમાં તેમનું યોગદાન રહ્યું. **શૈક્ષણિક ઉત્કર્ષ યોજનામાં પણ તેમના તરફથી ૨૫ લાખ રૂા. નું અનુદાન મળ્યુ.** જીવનસાથીની આકસ્મિક - અણધારી વિદાય પછી પણ ૩૪ વર્ષ સતત સમાજના હિતલક્ષી કાર્યોમાં તેઓ ગૂંથાયેલા રહ્યા. ઉપેનભાઈ, નૂતન બહેન તથા ઉષા બહેન ત્રણેય સંતાનોને વાત્સલ્ય સભર પિતાની ખોટ પડી છે. અજાતશત્રુ એવા મુગટભાઈ સદૈવ સ્મરણમાં રહેશે. ઈશ્વર તેમના આત્માને અપાર શાંતિ આપે એ જ પ્રાર્થના.

# એક શિક્ષક ધારે તો શું કરી શકે ?

## પ્રેરણાદાયી વ્યક્તિત્વ - મોતીભાઈ અમીન



**આ**જથી એક સદી પહેલાં એક શિક્ષક ભરબપોરે ધોમધખતા તાપમાં વસો રેલવે સ્ટેશને ઊતર્યા. ટ્રેનમાંથી ઊતરીને તેમણે ગામ તરફ ચાલવા માંડ્યું. એમની સાથે ટ્રેનમાંથી કેટલીક સ્ત્રીઓ પણ ઊતરી હતી. એ બધાએ વસો સ્ટેશનથી ગામ તરફ ચાલવાનું શરૂ કર્યું. પેલી મહિલાઓ ઉઘાડા પગે ચાલી રહી હતી. ઉનાળાને કારણે ધીખતી ધરતી ઉપર એમના પગ પડતા હતા ત્યારે તેમને દાહકતાનો અનુભવ થતો હતો. સ્ટેશનથી ગામ વચ્ચેના રસ્તા પર જ્યાં વૃક્ષ દેખાતું ત્યાં એ સ્ત્રીઓ ઊભી રહી જતી હતી અને થોડી વાર છાંયડામાં ઊભા રહ્યા પછી ફરી વાર હિંમત કરીને ધગધગતા રસ્તા ઉપર ચાલવા માંડતી હતી.

પેલા શિક્ષકથી આ સહન થતું નહીં. એ સ્ત્રીઓને મર્યાદાને નામે ઉઘાડા પગે ચાલવાની ફરજ પાડવામાં આવતી હતી. એ સમયમાં લોકો એવું માનતા હતા કે મહિલાઓ અમુક પ્રકારનાં સામાજિક કામે જતી હોય ત્યારે પગમાં કંઈ પહેરી ન શકે. પેલા યુવાન શિક્ષકને એ રિવાજની ખબર હતી પણ ભરઉનાળે તેમણે નજરે સ્ત્રીની ઉઘાડા પગે ચાલવાની વેદના જોઈ ત્યારે તેમનાથી રહેવાયું નહીં. તેમણે પોતાના વિદ્યાર્થીઓને ભેગા કર્યા અને કહ્યું કે આપણે પગરખાંની (જૂતાંની) પરબ શરૂ કરવી છે. એ શિક્ષકે પોતે કેટલાક પૈસા કાઢ્યા અને બીજા કેટલાક મિત્રોની મદદ લીધી અને જુદી જુદી સાઈઝનાં પગરખાં ખરીદ્યાં.

એ શિક્ષક અને તેમના વિદ્યાર્થીઓએ વસો અને આણંદ રેલવે સ્ટેશન બહાર પગરખાંની પરબ શરૂ કરી. તેઓ ટ્રેનમાંથી મહિલાઓ ઊતરે એટલે તેમને તેમની સાઈઝનાં પગરખાં પહેરવા આપતા. એ માટે જેઓએ મોટા થેલાઓ લઈને ઊભા રહેતા. પગરખાં પરબના સભ્યો મહિલાઓને પગરખાં આપીને તેમની સાથે ચાલતા થઈ જતા.

એ મહિલાઓ જોકે પગરખાં પહેરીને ગામમાં જવાની હિંમત નહોતી કરી શકતી. એટલે ગામમાં પ્રવેશતાં અગાઉ તેઓ પગરખાં પરબના સભ્યોને પગરખાં પાછાં આપી દેતી. પગરખાં પરબના સભ્યો એ પગરખાં પાછા થેલામાં મૂકીને વસો કે આણંદ સ્ટેશને પહોંચી જતા અને ફરી બીજી ટ્રેનની મહિલાઓને એ પગરખાં પહેરવાં આપતા.

પેલા શિક્ષકની આવી પ્રવૃત્તિથી એ વિસ્તારની મહિલાઓ એમના માટે આદર ધરાવતી થઈ ગઈ, પણ ચરોતરના રૂઢિચુસ્ત આગેવાનોથી આ પ્રવૃત્તિ સહન ન થઈ. તેમણે પેલા શિક્ષકનો વિરોધ કર્યો અને તેની આવી 'સમાજ વિરોધી' પ્રવૃત્તિ બંધ કરવા કહ્યું, પણ એ શિક્ષકે એ બદમાશ આગેવાનોની વાત કાને ધર્યા વિના પોતાની પ્રવૃત્તિ ચાલુ રાખી. ઊલટું તેમણે મહિલાઓને વ્યાયામ જેવી પ્રવૃત્તિઓ માટે આગળ આવવા પણ પ્રોત્સાહન આપ્યું.

ચરોતરના રૂઢિચુસ્ત આગેવાનોની સાથે દુશ્મની વહોરીને આવી પ્રવૃત્તિ કરનારા એ શિક્ષક હતા મોતીભાઈ અમીન. વડોદરા રાજ્યના મહેસૂલ ખાતામાં નોકરી કરતા નરસિંહભાઈ અમીનને ત્યાં ૨૯ નવેમ્બર, ૧૮૭૩ના દિવસે મોતીભાઈનો જન્મ થયો હતો. મોતીભાઈને બાળપણથી જ પુસ્તકો વાંચવાનો શોખ હતો. એના કારણે તેમનામાં જુદી વિચારશક્તિ વિકસી. તેઓ માત્ર દસ વર્ષના હતા ત્યારે તેમના પિતા મૃત્યુ પામ્યા. મોતીભાઈની માતા અને સાવકી માતાએ તેમને ભણાવ્યાં. ૧૯૦૦ના વર્ષમાં, મોતીભાઈ ગ્રેજ્યુએટ થયા.

મોતીભાઈ ગ્રેજ્યુએશન પછી વડોદરાની હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે નોકરી મળી. એ પછી એમણે પાટણમાં પણ શિક્ષક તરીકે નોકરી કરી. પાટણની ફત્તેસિંહરાવ લાઈબ્રેરીનું સંચાલન તેમણે હાથમાં લીધું. પાટણમાં થોડાં વર્ષ નોકરી કર્યા પછી તેમને પેટલાદમાં હેડ માસ્ટર તરીકે નોકરી મળી. પેટલાદમાં તેમણે ભાડાના મકાનમાં પેટલાદ બોર્ડિંગ હાઉસ શરૂ કર્યું. તેમને કેટલાક દાતાઓની અને સરકારની મદદ મળી અને તેમણે 'સયાજી જ્યુબિલી બોર્ડિંગ હાઉસ' નામની મોટી સંસ્થા શરૂ કરી. અમુક વર્ષો પછી તેમણે ચરોતર એજ્યુકેશન સોસાયટીની સ્થાપના કરી. તેમણે ગામેગામ લાઈબ્રેરી શરૂ કરવાનું કામ હાથ ધર્યું.

એ સમયમાં વડોદરાના રાજા સયાજીરાવ ગાયકવાડ અમેરિકા ફરવા ગયા હતા. ત્યાં તેમણે વિખ્યાત ઉદ્યોગપતિ એન્ડ્રુ કાર્નેગીની મદદથી શરૂ થયેલી લાઈબ્રેરીઝ જોઈ. સયાજીરાવ ગાયકવાડે વડોદરા રાજ્યમાં પ્રાથમિક શિક્ષણ ફરજિયાત બનાવ્યું હતું. એ પછી તેમને લાઈબ્રેરીઝ શરૂ કરવાની પ્રેરણા એન્ડ્રુ કાર્નેગી પરથી મળી. તેમણે પોતાના રાજ્યમાં લાઈબ્રેરીઝ શરૂ કરવા માટે એક અમેરિકનને કામ સોંપ્યું પણ તેઓ ગ્રામ્ય લોકો સાથે સંવાદ સાધી શકતા નહોતા એટલે સયાજીરાવે મોતીભાઈ અમીનને એ અમેરિકનને મદદ કરવા કહ્યું.

મોતીભાઈ અમીને ગામેગામ ફરીને લાઈબ્રેરી શરૂ કરાવી . ૬૦ વર્ષની ઉંમરે મોતીભાઈ સરકારી નોકરીમાંથી નિવૃત્ત થયા ત્યારે વડોદરા રાજ્યનું એક પણ ગામ એવું નહોતું કે જ્યાં સ્કુલ હોય તો લાઈબ્રેરી ન હોય.

સરકારી નોકરીમાંથી નિવૃત્ત થયા પછી મોતીભાઈએ પુસ્તકાલય સહાયક સહકારી મંડળ નામની સંસ્થા પણ સ્થાપી. તેમણે 'આરોગ્ય મંડળ દવાખાના' પણ શરૂ કર્યા. મોતીભાઈને પુત્ર નહોતો એટલે એમણે પોતાની મિલકત વસો કેળવણી મંડળને મળે એ માટે વસિયતનામું બનાવ્યું હતું.

મોતીભાઈનું નામ ચરોતરની પ્રજા સાડાસાત દાયકા પછી પણ ભૂલી નથી.

❖❖❖

# બહુરૂપીનો વેશ

**❖ ગોપાલ બારોટ ❖**

*''સોરઠ ધરતી જગ જૂની, ગઢ જૂનો ગિરનાર,*
*સાવજડાં સેંજળ પીએ, નમણાં નર ને નાર.''*

**સો**રઠનાં જુનાગઢ ને સોલંકીઓના સૈન્યોએ ઘેરો ઘાલ્યો છે. એક એક સોરઠી યુવાન કેશરી વાઘા પહેરી જુનાગઢ રા'ની પડખે રીયા છે... સોલંકીની દરિયા જેવી સેના અને કાળના કાળ જેવો સેનાપતિ ઉદયન મહેતા. વાણીયો પણ એની માંએ શે'ર સૂંઠ ખાઈને જણેલો. વીર ધીર ને બુદ્ધિમાં તો એને કોઈ પુગી ના શકે. સોલંકીરાજ કુમારપાળે એને જુનાગઢ સર કરવા સેનાપતિ પદ સોંપ્યુ છે. પાટણનો એ દંડનાયક. આજ ગિરનારને હંફાવી રહ્યો છે. સોરઠી શૂરવીરોના સમર્પણની ગાથાઓ સાંભળી હતી. આજ ઉદો મહેતો એ વીરોની વીરતા નજરો નજર નિહાળતો હતો... ''અહિંસા પરમો ધરમ!''ને વરેલો સંસ્કારી જૈન વાણીયો આજ યુદ્ધમાં લોહીની નદીઓ વહેતી જોઈ રહ્યો છે.

આવા યોદ્ધાઓ યુદ્ધમાં ધમસાણ મચાવી રહ્યાં છે. હાથીઓની ચીંઘાડો તો ક્યાંક ઘોડાની હણહણાટીઓ વચ્ચે મોતના બ્યુગલો વાગી રહ્યાં છે. 'મારો કાપો'ના ઘોર પોકારો વચ્ચે આજ ઉદો મહેતો ખુદ હાથમાં હથિયાર લઈ યુદ્ધમાં ઉતર્યો છે રા'ની સામે એની મોતની રમતું મંડાણી છે. ઉદાના આકરા ખડગ પ્રહારને ચુકાવતા રા'ના મોઢામાંથી પણ શબ્દો સરી પડે છે!

''વાહ વાણીયા! શાબાશ! વાણીયા...''ને તલવારોની તાલીયો મંડી થાવા ને આ ભયાનક સંગ્રામમાં ઉદયન મે'તા આખો વેતરાઈ ગયો છે. રૂધીરના પરનાળા વહે છે! તોય જુનાગઢ લીધું... રા'ની હાર થઈને સોલંકી સેનાનો વિજય થયો... ઉદા મેતાને ઝોળીએ નાંખી સૈનિકો છાવણીમાં લાવ્યાં છે. રાજ વૈદ્યે પડેલા ઘા ધોઈ એને દોરાના ટાંકા લઈ સીવી લીધાં છે. પણ મહેતાને ખબર છે કે હવે... પ્રાણ રહેશે નહિ! કહેવત છે ને કે ઉંટ મરે તોય મારવાડ સામુ જુએ!

રૂવાંડે રૂવાંડે વેદના છે. છતાં વતનનો પ્રેમ એના એક અણુંમાં વ્યાપેલો છે એવા ઉદા મહેતાને સોરઠની ભૂમિમાં મરવું નહોતું. તે હુકમ કર્યો, ''હાલો, જલ્દી કરો મારે પ્રાણ સોરઠની ભૂમિમાં પડી જાય એ પહેલા મને વઢવાણ પહોંચતો કરો... રાતને દિવસ રોકાણ વગર મજલ ચાલુ રહે...''

ને પાલખી તૈયાર થઈ! ઉદા મહેતા સમેત લશ્કર ઉપડ્યું. દડ મજલ કરતા... પહોંચવું તો હતું પાટણ... પણ વઢવાણ પહોંચ્યાને મહેતાને હવે આગળ નહીં પહોંચાડી શકાય તેવું લાગતા લશ્કર ત્યાં જ છાવણી નાંખીને રોકાયું. ઉદા મહેતાને વીંટાળાઈને પાટણના અધિકારીઓ ઉભા છે. કુમારપાળનો કુંવર ખુદ હાજર. ઉદા મહેતાનો દિકરો લુણીગ પણ હાજર છે ને મહેતાએ ઈશારો કરી તેને નજીક બોલાવ્યો.



''છેલ્લી વેળાની ભાવના... સાંભળવી છે! કોઈ...ઈ... મહારાજ... સા..હેબ...ને તેડી લાવો... મા..રે... મોડું... થાય છે...'' દિકરા લુણીગના કાનમાં ત્રૂટક શબ્દોમાં... મહેતાએ કીધું ને વઢવાણના શ્રાવકો દોડ્યાં.... પણ માનવીનું ધાર્યુ કયાં કાંઈ થાય છે. ધાર્યુ તો ધણીનું જ થાય ને! આખાય વઢવાણમાં તે દી એક પણ અપાસરામાં જૈન સાધુ નહોતા. કારણ કે જૈન સાધુઓ તો હંમેશ વિચરતા રહે છે. ક્યારેય કોઈ એક જ જગ્યાએ રહેતા નથી. સંયોગવશાત આજ એક પણ સાધુ વઢવાણમાં નહોતા. હવે કોઈ વિચરતા સાધુ આવી ચડે એની રાહ જોવાય તેટલો સમય પણ નહોતો. સમગ્ર શ્રાવક સમાજ મૂંઝવણમાં છે. કોઈ ઉપાય સૂઝતો નથી!

જગતમાં બધું જ મળવું સહેલું છે પણ એક સંતનો સંગ થવો મુશ્કેલ છે. પાટણનો દંડનાયક ઉદ્યન મહેતા આજ છેલ્લી ઘડીઓ ગણે છે. એને મૃત્યુની પળે કોઈ જૈનમુનિના મુખે નવકાર સાંભળવો છે પણ કોઈ જૈન મુની મળતા નથી!

''આપણા ગામમાં... ભાંડ રહે છે... બહુરૂપી... એ જુદા જુદા વેશ... અદ્‌ભૂત રીતે ભજવી જાણે છે. જો કોઈ બહુરૂપીને જૈનમુનીનો વેશ પહેરાવી...મહેતાની સામે રજુ કરીએ તો... એમનું મૃત્યુ તો સુધરે...!'' ને ડુબતો માણસ જેમ તરણાનો સહારો લે તેમ... ભાંડના વાસમાં જઈ એક ભાંડ પાસે આ રજુઆત કરી! એકસો સુવર્ણ મુદ્રાઓ આપવાનું ઠેરાવ્યું... ને ભાંડે... અસ્સલ જૈન મુનિનો વેશ લીધો.

કોઈ ન કહી શકે કે આ જૈન મુનિ નથી! અદ્‌ભૂત ત્યાગ મુર્તી, ગચ્છનો ભાર વહન કરનાર, દીર્ઘદર્શી, લાલસા કે અપેક્ષા વગરના, પાંચે ઈન્દ્રીય પર વિજય મેળવનાર, નવવિધ બ્રહ્મચર્યની ગુપ્તીનો ધારણ કરનાર, પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તીને ધારણ કરનાર, જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચારને પાળનારા, આચાર્ય માટે નિર્દ્દિષ્ટ છત્રીશે ગુણને ધારણ કરનારા જૈન મુનિનો પુર્ણ વેશ લીધો. આખા દેહ પર શાંતિ છવાયેલી, ભવ્ય મુખ મુદ્રા જોતા

લોકો વૈરભાવ ભુલી જાય, ત્યાગ જોઈ સંસાર ઢીલો પડી જાય, એવા આ સાધુએ ધીમા ડગે... શ્રાવકો સાથે છાવણીમાં પ્રવેશ કર્યો ને...

છાવણીમાં આખા શરીરે ઘવાયેલા... પાટા પીંડીથી વીંટળાયેલા સિંહસમા સીનાવાળા પાટણના દંડનાયક મહામંત્રી ઉદયન મહેતાની નજર... આવતા જૈન મુની ઉપર પડીને... મૃત્યુની પથારીએથી પણ હતી એટલી શક્તિ ભેળી કરી... ઉદા મહેતા પથારીમાંથી બેઠા થઈ ગયા... ઓલવાતા દિપકની જયોત વધુ પ્રકાશ આપે છે. એમ એનું કપાળ વધારે તેજ મારતું હતું. એણે ઉભા થઈ ''જૈનમ્ જયતિ શાસનમ્!'' નાદ કરી મહારાજ સાહેબને નમસ્કાર કર્યા...

**''ખામેમી સવ્વે જીવા, સવ્વેજીવા ખમંતુ મે,''**
**મિત્તીમે સવ્વભુએસુ, વૈરં મજ્જન ન કેણઈ''**

''હે શ્રાવક શ્રેષ્ઠ! જગતમાં સર્વને ક્ષમા કરો, સર્વ જીવોની ક્ષમા યાચો... સમગ્ર સૃષ્ટિ જો માટીમાં મળી જવાની હોય તો વૈર કોની સાથે કરવું...''

**''અનિત્યાણી શરીરાણી, વૈભવો નહિ શાશ્વત।''**
**નિત્યં સન્નિ હિતો મૃત્યું, કર્તવ્યો ધર્મ સંચય।।''**

''આ શરીર અનિત્ય છે, વૈભવો પણ કાયમ રહેતા નથી. મૃત્યુ રોજ પાછળ આવી રહ્યું હોય તો ધર્મ સંચય એ જ સાચુ કર્તવ્ય છે..'' કહી મુનિએ ધીરા ડગ ભર્યા. મહેતાના માથે હાથ મુકી જૈનોનો દશે દશ ભાવનાઓ મૃત્યુ સમયની સંભળાવી. નવકારનો મંત્ર ભણ્યો. નવકારના બુલંદ સ્વરો છાવણીમાં સંભળાઈ રહ્યાં.

**નમોઃ અહિહંતાણમ્**
**નમોઃ સિધ્ધાણમ્**
**નમોઃ આયરિયાણમ્**
**નમોઃ ઉવઝઝાયાણમ્**
**નમોઃ લોએસવ્વસાહૂણમ્**
**એસો પંચનમુક્કારો,**
**સવ્વપાવ્વપણાસણો,**
**મંગલાણણાંચ સવ્વેસી,**
**પઢવં હવઈ મંગલમ્।।**

ને આ સ્વરો સાંભળતા સાંભળતા ઈતિહાસના એક ઉજળા વ્યક્તિત્વે વિરામ લીધો... ઉદય મહેતાની આંખ વીંચાઈ ગઈ. પ્રાણ મોક્ષના માર્ગે સંચર્યો ને નિશ્ચેત દેહના વદન પર પરમ્ શાંતિના ભાવ દર્શાવતો ગયો!

''ભગવાન મહાવીરના જયઘોષ'' સાથે ઉદય મહેતાને ભોગાવાના કાંઠે અગ્નિ સંસ્કાર પુરા રાજ સન્માન સાથે કરવામાં આવ્યાં... અને શ્રાવકો... પેલા નકલી મુનિની પાસે આવ્યાં... પણ નકલી જૈનમુનિના ચહેરા પર એજ અસ્સલ તેજ એજ મુનિ પ્રતિભા ઝળકી રહી છે!

''ભાઈ! તારા આ જૈનમુનિના અદ્ભૂત વેશના જેટલા વખાણ કરીયે તેટલાં થોડા... જૈનેતર હોવા છતા તમારો આવો પ્રભાવ જોઈ ઘડીભર તો અમને પણ એમ થઈ ગયું કે કોઈ... સાચા પ્રખર વિદ્વાન શતાવધાની જૈનમુનિ પધાર્યા લાગે છે. વાહ ભાઈ... તમે તો રંગ રાખ્યો... હો... તમારા આગમને અમારા મહેતાની આંખ મીંચાણી...એ મોક્ષ ગતિને પામ્યાં!''

''ભાઈ! તમારી વાત ખરી છે... મારા આગમને તમારા મહેતાની આંખ મીંચાણી ને મારી આંખ ઉઘડી ગઈ ભાઈ! મહેતાને મોક્ષ મળ્યો ને મને મુક્તિનો મારગ મળ્યો. માત્ર એક ઘડીક નકલી મુનિનો વેશ પહેર્યો ને મને એક ભાંડને જોઈ પાટણનો દંડનાયક મરણ પથારીયેથી બેઠો થઈ જાતો હોય...માત્ર આ વેશ પાટણના મંત્રીને જો મોક્ષ અપાવી શકતો હોય તો જો હું આ વેશ જીંદગી ભર પહેરી રાખું તો મારૂં તો કલ્યાણ જ થઈ જાયને... ભાઈ હવે...તો આ વેશ...મૃત્યુના સંથારે જ ઉતરશે...!''

બધા સ્તબ્ધ બની ગયા. શ્રાવકો હર્ષનાદ કરી રહ્યાં ને એ બહુરૂપીએ પછી ખરેખર દિક્ષા લઈ લીધી અને જીવનની આખરી પળોમાં એમણે જુનાગઢ માંજ સંથારો લીધો... જૈનમ્ જયતિ શાસનમ્!

❖❖❖

## સૂરજ મુખીના ફૂલનો સંદેશ



સૂરજમુખીના ફૂલની એક ખાસિયત છે કે, એ હંમેશા જે દિશામાં સૂરજ હોય છે એ તરફ ઢળે છે. બીજા શબ્દોમાં એ પ્રકાશનો પીછો પકડે છે. આ હકીકત તો આપણે જાણીએ છીએ, પરંતુ મનમાં ક્યારે ય એવો સવાલ થયો ખરો કે, જ્યારે આકાશમાં વાદળાં હોય અને સૂરજ સંપૂર્ણપણે વાદળાંની પાછળ ઢંકાઈ ગયો હોય, ત્યારે આવા વાદળછાયા વાતાવરણમાં સૂરજમુખીના ફૂલ કઈ તરફ ઝૂકતાં હશે ?

આ રસપ્રદ સવાલનો જવાબ જો તમે એવો વિચારતા હો કે સૂરજમુખી કરમાઈ જતાં હશે અથવા જમીન તરફ ઢળી પડતાં હશે, તો આ ધારણા બરાબર નથી.

વાદળછાયું વાતાવરણ હોય ત્યારે પણ સૂરજમુખી ટકી રહે છે, મૂરઝાઈ જતાં નથી. હા, સૂરજમુખીનાં ફૂલ આવા સમયે એકબીજા તરફ ઝૂકીને આપસમાં એકબીજાને પોતાની ઊર્જા વહેંચે છે!

કુદરતની આ કરામતનો સંદેશ આપણા જીવનમાં એટલો જ લાગુ પાડી શકીએ. આપણને સૌને પણ પરિવાર, દોસ્તી, કામ-ધંધો, વગેરેમાં પ્રકાશની જરૂર પડે છે. આ પ્રકાશ એટલે સધિયારો, પ્રેમ, હૂંફ અને આશ્વાસન.

દરેકના જીવનમાં ક્યારેક ને ક્યારેક તો એવા દિવસો આવતા જ હોય છે, જ્યારે મુસીબત આવી પડે છે. નિરાશા વ્યાપી જાય છે. આવા વખતે લોકો દબાણ હેઠળ શું કરવું, ન કરવું એવી દ્વિધામાં સરી પડે છે ને ક્યારેક કોઈ માણસ ન કરવાનું પણ કરી બેસે છે.

બીજી તરફ, સૂરજમુખીનું દૃષ્ટાંત આપણને સૂચવે છે કે આવા સમયે આપણે એકમેકને ટેકો આપીએ ને મદદ કરીને એમના જીવનમાં નવો ઉજાસ ફેલાવીએ.

❖❖❖

# મનોરથ

ગિરીશ ગણાત્રા

**મં**દિરના પ્રાંગણમાં પ્રવેશીને એ બૂટ-ચંપલ ઉતારવાની જગ્યાએ વાંકા વળી બૂટની દોરી છોડતો હતો ત્યાં એક ખરબચડા હાથનો એને સ્પર્શ થયો. પાછળ વળીને જોયું તો એક સાઠેક વર્ષની કૃષકાય ડોશી એને ઈશારાથી કશું આપવા વિનંતી કરી રહી હતી. બે આંગળીઓ બતાવી, પેટ પર હાથ મૂકી એ સમજાવવા પ્રયત્ન કરી રહી હતી કે એ બે દિવસથી ભૂખી છે.

ડોશીની વિનંતીનો કોઈ પ્રતિભાવ આપે તે પહેલાં જ હાથમાં પેંડાનું પૅકેટ અને ફૂલની પત્તીઓ લઈને પત્ની બે બાળકો સાથે આવી પહોંચી અને બોલી :

‘તમેય તે શું પેંડાવાળા પાસેથી ચાલ્યા આવ્યા ? અહીં પેંડાનો પ્રસાદ ધરાવવાનો રિવાજ છે. આ પૅકેટ મંદિરમાં આપી દઈએ એટલે ધરાવીને પાછા આપી દેશે-ઘેર લઈ જવા માટે... બૂટ-ચંપલ અહીં ઉતારવાનાં છે ?’

‘હા.’

પત્ની અને બાળકોએ પણ ચંપલ-બૂટ ઉતાર્યાં, એટલી વારમાં ડોશીએ ફરીથી સ્ત્રીના હાથનો સ્પર્શ કરી એને કશુંક આપવાની વિનંતી કરી, પણ એ વૃદ્ધા સામે તિરસ્કારભરી નજર કરી સ્ત્રી બબડી : ‘બસ, મંદિરમાં હજુ દર્શન કરીએ તે પહેલાં જ ભિખારીઓ ચોંટી પડે છે’. ‘પહેલાં દર્શન કરી આવીએ, નહિતર ભીડમાં પૂરાં દર્શન પણ નહિ થાય.’ આશાભરી ડોશીને ‘ચલ હટ’ કહી પતિનો હાથ પકડી, મંદિરના મુખ્ય દરવાજાની તરફ એણે ચાલવા માંડ્યું.

મંદિરના ચોકમાં પ્રવેશ કરતાંની સાથે જ પત્ની બોલી. ‘બહુ ગિરદી નથી. શાંતિથી દર્શન થશે અને છોકરાઓને પણ કરાવી શકાશે... બને તો પૂજારીને જ મનોરથનું પૂછી લેજો હોં !’

પતિ-પત્ની બાળકોને લઈને મંદિરમાં પ્રવેશ્યાં. મંદિરના વિશાળ મંડપમાં ઠાકોરજીની ભવ્ય મૂર્તિનાં દર્શન થઈ રહ્યાં હતાં. નર અને નારીઓ અલગ અલગ જૂથમાં ઊભાં રહી ભાવપૂર્વક પ્રભુજીને નમી રહ્યાં હતાં.

બિન્ટુને ઊંચકીને સનતે એને દર્શન કરાવ્યાં તો આ બાજુ ઉર્વશીએ પીન્કીને ઊંચકીને એને નમન કરાવ્યું. બહુ ભીડ ન હોવાને કારણે



બન્નેએ સારી રીતે પ્રભુજીની ઝાંખી કરી લીધી અને આટલા શાંતિથી દર્શન થયાં એનો મનોમન હર્ષ વ્યક્ત કર્યો.

દર્શન કરી સનત-ઉર્વશી જ્યારે મંદિરને ઓટલે પાછાં આવ્યાં એટલે ઉર્વશી તરત જ બોલી ઊઠી-

‘પૂજારી જોડે કંઈ વાતચીત થઈ ? તમે અંતરપટ સુધી તો પહોંચી ગયા હતા એ મેં જોયું. પૂજારીને પેંડાનું પૅકેટ આપ્યું ને ?’

‘હા, ટેરાની બાજુમાં ઊભેલા પૂજારીને મેં મનોરથની વાત પણ કરી. એણે પેઢીમાં જવાનું કહ્યું.’

‘પેઢી ક્યાં છે ?’

‘મંદિરના મુખ્ય દરવાજાની બાજુમાં પાછલા ભાગમાં પેઢી છે. ત્યાં બધી માહિતી અને વિધિ જાણવા મળશે.’

‘અત્યારે એ ખુલ્લી હશે ને ?’

‘હા, પૂજારીએ કહ્યું કે જનકપ્રસાદભાઈને મળજો. એ અત્યારે ત્યાં હશે જ.’

બન્ને જણાં મંદિરમાં ગયાં. મંદિરના વહીવટકર્તા જનકપ્રસાદને મળ્યાં. એણે સનત-ઉર્વશીને મનોરથની વિધિ, અન્નકૂટ વગેરેનો સમય અને વિધિ મુજબનો ખર્ચો ગણાવ્યો અને ઉમેર્યું કે કાલની તિથિ ખાલી છે, તો કાલે જ લાભ લઈ લો. બપોર સુધીમાં પૈસા જમા કરાવી નામ નોંધાવી દો તો મંદિરના બોર્ડ પર તમારા નામની તિથિ લખાવી દઉં.

લગભગ સાત-આઠ હજાર રૂપિયાનો ખર્ચ હતો. બન્ને જણાં મુંબઈથી નીકળ્યાં ત્યારે મનોરથ અને રાજભોગના ખર્ચના હિસાબે અડસટ્ટો લગાવીને જ નીકળ્યાં હતાં એટલે પૈસાની જોગવાઈ તો હતી જ.

‘બપોરે એક-દોઢ સુધીમાં પૈસા ભરી જઈશ. પાંચસો-હજાર ઍડ્વાન્સમાં જોઈએ તો હમણાં જ ભરી દઉં... મારી પાસે ટ્રાવેલર્સ ચેક્સ છે એ અહીંની બૅન્કમાં વટાવીને. ‘બધા સાથે જ ભરજો ને. સાંજના આરતી વેળાએ આપી જશો તોય ચાલશે, પણ તમારું નામ જરા નોંધાવી દો તો...’

સનતે વહીવટીકર્તાના ચોપડે નામ, સરનામું, સંકલ્પ વગેરેની માહિતીઓ નોંધાવી દીધી અને પાછાં ફર્યાં. મંદિરનો કોઈ મુખિયાજી પેઢી પર આવી એને ભગવાનને ધરાવેલું પેંડાનું પૅકેટ પાછું આપી દીધું. સનતે એના હાથમાં પાંચ રૂપિયાની નોટ મૂકી.

મંદિરની બહાર નીકળીને બૂટ-ચંપલ પહેરતા હતા ત્યાં પેલી ડોશી ફરી એમની પાસે આવી.

ડોશીએ જીભ કાઢી, આંગળીઓની ઈશારતથી સમજાવ્યું કે એની વાચા હણાઈ ગઈ છે. એ બોલી શકતી નથી.

સનતે તરત જ ગજવામાં હાથ નાખ્યો અને બે રૂપિયાની નોટ એના હાથમાં મૂકી બોલ્યો -

‘માજી, લ્યો ચા-પાંઉ ખાઈ લેજો.’

સનત લીવ ઍન્ડ લાઈસન્સવાળા એક નાનકડા ફ્લૅટમાં રહેતો હતો અને કોઈ કંપનીનો સેલ્સમૅન હતો. મા-બાપ વિનાનો સનત જિંદગીમાં એકલો જ હતો. કોઈ બોર્ડિંગમાં રહીને ભણ્યો, ભણીને પછી નાની નોકરી સ્વીકારી લીધી. ધીમે ધીમે એ સેનેટોરિયમમાંથી હોટલની રૂમમાં રહેવા લાગ્યો અને ત્યાંથી લીવ એન્ડ લાઈસન્સવાળા ફ્લૅટમાં. ઉર્વશીને પરણ્યા પછી એના નસીબે જોર કર્યું. એણે સ્વતંત્ર ધંધો

શરૂ કર્યો. ત્રણ-ચાર આઈટમોનું સેલ વધારી, એજન્સી લીધી અને એ એજન્સીએ એને તારી દીધો. આજે એની પાસે સરસ ફ્લેટ હતો. ફ્લૅટમાં મોંઘું ફર્નિચર હતું. વિવિધ સગવડતાઓ આપે એવાં ઉપકરણો હતાં અને હમણાં હમણાં તો કાર પણ લીધી હતી.

જીવનયાત્રાની આ સફળતામાં એને ઘણી ઘણી મુશ્કેલીઓ વેઠવી પડી હતી અને જ્યારે જ્યારે મુશ્કેલીઓ આવી પડે ત્યારે પ્રભુજીને મહાપ્રસાદ ધરાવવાની લીધેલી માનતાને પૂરી કરવાના મનોરથોને એ દોહરાવતો જતો હતો. આખરે, દિવાળી પછી આ મનોરથ પરિપૂર્ણ કરવા એ અહીં પરિવાર સાથે યાત્રાએ આવ્યો હતો.

મંદિરમાંથી દર્શન કરી બૅન્ક શોધી કાઢી અને દસ હજાર રૂપિયાના ટ્રાવેલર્સ ચેક વટાવ્યા. પૈસાને સાચવીને ખિસ્સામાં મૂકી રિસ્ટ-વૉચ તરફ નજર કરી તો સાડાબાર વાગી ગયા હતા. પેટ પણ દાદ માગતું હતું. એટલે બધા એક સારા ભોજનાલયમાં ગયાં અને જમ્યાં. સનતે ઉર્વશીને કહ્યું -

'તમને બધાને ગેસ્ટ-હાઉસમાં મૂકી હું મંદિરમાં જઈ મનોરથના પૈસા ભરી આવું છું. તમે કપડાં બદલાવો ત્યાં સુધીમાં તો હું આવી જઈશ.'

પપ્પાનો આ પ્રસ્તાવ બાળકોને ગમી ગયો એટલે તરત જ હા પાડી દીધી.

રિક્ષા કરી સનત સૌને ગેસ્ટ-હાઉસ પર મૂકી મંદિરના પ્રાંગણમાં આવ્યો. મંદિરના એક ઓટલે બેસી બૂટની દોરી છોડતો હતો ત્યાં એની નજર સામેની બંધ દુકાનના નાના પાટિયા પર પડી. એ લાકડાના પાટિયા પર સવારવાળી ડોશી બેઠી હતી અને ઊભી રાખેલી લાકડી પર માથું ટેકવી એ ઝોકું ખાઈ રહી હતી. સનતે વિચાર કર્યો. બિચારી ગરીબ મૂંગી ડોશી છે. એણે સવારે આપેલા બે રૂપિયામાંથી કોઈ રેંકડીએ જઈ ચા-પાંઉ ખાઈ પેટ ઠાર્યું હશે. સવારના એ નિસ્તેજ ચહેરા પર અત્યારે થોડી સ્વસ્થતા આવી છે.

એ એકીટશે ડોસીના ચહેરા સામે તાકી રહ્યો.

એ ચહેરા પર કેટલાંય વર્ષોની કારમી દારુણતાનાં એક પછી એક પડ વળી વળીને હવે એ કરચલીરૂપે ઊપસી આવ્યાં હતાં. જેમ જેમ એ આ સૂકો કરચલીવાળો ચહેરો નિરખતો ગયો એમ એમ એ ચહેરા પર હવે એક બીજો ચહેરો ઊપસી આવ્યો. એ ચહેરો હતો એની માનો.

પહેલવહેલો જ્યારે એ મુંબઈની બોર્ડિંગમાં ભણવા આવ્યો ત્યારે એના નાનકડા ગામના રેલવેસ્ટેશને મૂકવા આવેલી એની વિધવા માનો ચહેરો પણ આ ડોશી જેવો જ હતો ને ! ગામ લોકોનાં છાણ-વાસીદાં કરી. ખેતરમાં દાડિયે જઈ, કમરતોડ મજૂરી કરી એની માએ પણ શરીરને કયાં કૃશ નહોતું બનાવી દીધું ? એમાંય માને ટીબી લાગુ પડ્યો અને એક ધર્માદા હૉસ્પિટલને ખાટલે રિબાઈ રિબાઈને મરી ત્યારે એના ચહેરાનાં અંતિમ દર્શન વખતે એનું મુખ કેવું કાળું ધબ્બ બની ગયું હતું ! બરાબર આ ડોશીના ચહેરા જેવું જ...

બૂટ કાઢી એ મંદિરના ઓટલે બેસી પેલી ડોશીને નિરખતો રહ્યો. એણે ઘડિયાળ સામું જોયું. લગભગ અડધા કલાકથી એ અહીં જ બેઠો હતો.

એ ઊભો થયો. મંદિરને પેઢીએ જઈ વહીવટકર્તા જનકપ્રસાદભાઈને હળવેકથી પૂછ્યું.

'મારે એક માહિતી જોઈએ છે...'

'બોલો.'

'આ ગામમાં કોઈ પ્રામાણિક-ખૂબ જ પ્રામાણિક-સેવાભાવી સજ્જન કોણ ?'

'એવા ઘણા છે, પણ તમે મંદિરની બહાર નીકળી ડાબી બાજુના રસ્તે વળી જશો એટલે પંદર-વીસ દુકાન છોડ્યા પછી કરિયાણાની એક મોટી દુકાન આવશે - શ્રી વસ્તુ ભંડાર. એના માલિક કાંતિલાલની ગામમાં સુવાસ સારી, પૈસો, આબરૂ અને પરોપકાર એને વરેલાં છે...'

'સારુ. હું હમણાં આવું છું.'

'મનોરથના પૈસા... ?'

'તમને હમણાં આવીને મળું છું.' કહી, સનત ઊઠ્યો અને બૂટ પહેરી એ કાંતિલાલની શોધમાં નીકળ્યો. કાંતિલાલ એ વખતે દુકાનમાં નહોતા, પણ દુકાનની પાછળની શેરીમાં જ એનું ઘર હતું એટલે ત્યાં જ મળી ગયા. સનતે પોતાનો પરિચય અને આગમનનું કારણ કહી વાત છેડી -

'આજે સવારે દર્શન કરવા ગયો ત્યારે એક મૂંગી ડોશી મળી ગઈ...'

'જકલ. જકલબાઈ જ મળી હશે. સાઠી વટાવી ગઈ છે. કાળો ફાટેલો સાડલો, કેડેથી નમેલી અને લાકડીના ટેકે ચાલતી...'

'બસ, એ જ. મારે એ જાણવું છે કે એ ક્યાંની છે ? એનું કોઈ સગું-વહાલું ખરું ?'

'સગું-વહાલું જુઓ તો એને એક દીકરો છે. પરણ્યા પછી દીકરા-વહુએ ડોશીને ઘરમાંથી કાઢી મૂકી છે. ડોશી ઘરમાં એકલી રહેતી, પણ બે-ચાર વરસ પહેલાં છોકરાએ ઘર વેચી નાખ્યું એટલે આવી ગઈ રસ્તા પર... દીકરો ક્યાંક અમદાવાદ બાજુ છે એવું જાણવા મળ્યું છે...'

'કાંતિભાઈ, મારા વતી એક કામ કરશો ?'

'બોલો ને !'

અહીં આવ્યો છું મનોરથ કરવા અને પ્રભુજીને મહાપ્રસાદ ચડાવવા, પણ એ ઈચ્છાને હવે પાછી ઠેલવી પડશે. આજે સાંજે આરતીનાં દર્શન કરતી વખતે ઠાકોરજી પાસેથી મુદત માગી લઈશ, પણ મારું એક કામ કરો. મનોરથ માટે નિર્ધારેલા દસ હજાર રૂપિયા તમને આપતો જાઉં છું. બને તો ડોશીને ક્યાંક આશરો ગોઠવી આપો અને બે ટાઈમ જમાડવાની વ્યવસ્થા કરી આપો. દસ હજાર ઓછા પડે તો બીજા આઠ-દસ હજાર મુંબઈ જઈ મોકલી આપું, પણ આ ડોસીનું ઘડપણ સુધારો...'

કાંતિભાઈ સનત સામે જોઈ રહ્યા. એણે ઘરમાં ચા બનાવવા કહ્યું અને પછી પૂછ્યું -

'આ ડોસી સાથે તમારે કંઈ...'

'કશું જ નહિ, પહેલી જ વખત-આજે સવારે મંદિરમાં દર્શન કરવા જતો હતો ત્યારે પહેલી વખત એને જોઈ.'

'તો પછી આ સખાવત કરવાનું કારણ ?'

'કારણમાં તો...' શું જવાબ આપવો એની હવે સનતને મૂંઝવણ થઈ. 'તો...તો...એ તો કહી શકતો નથી, પણ મનમાં એવો વિચાર આવે છે કે... કે... પ્રભુજીને પ્રસાદ ધરાવનારા મારા જેવા ઘણા મળી આવશે, પણ ડોશી જીવશે ત્યાં સુધી એને કોઈ પ્રસાદ નહિ ધરાવે. એટલે પછી... પછી... એવો વિચાર કર્યો કે કાનજી ભગવાન ભલે મારા પર પ્રસન્ન નહિ થાય, પણ જશોદાજી તો જરૂર પ્રસન્ન થશે. જેમ ડોશી કોઈની મા હતી એવાં જશોદાજી પણ કોઈનાં મા છે ને...' સનતના મનમાં જે કંઈ અસ્પષ્ટ હતું એ વાણી દ્વારા નીકળવા માંડ્યું.

'તો એવું કરી દઈએ.' કાંતિભાઈ બોલ્યા,' અહીંના એ ભોજનાલય જોડે ગોઠવણ કરીએ કે ડોશીનું બે ટાઈમ પેટ ભરે ને...નૈ... હું એક ધર્મશાળાનો ટ્રસ્ટી છું. એના કમ્પાઉન્ડની એક ભીંતે લાકડાની કેબિન કરી દઈએ. ખાટલો, ગોદડું, ધાબળા વગેરે મારા તરફથી થશે. દસ હજારમાં લગભગ થઈ રહેશે. લાકડાની કેબિન માટે જરૂર પડ્યે હજાર-બે હજાર કદાચ જોઈએ...'

'હું તમને પાંચ હજાર મોકલી આપું છું, એ જીવે ત્યાં સુધી...'

'અરે શેઠ, તમે આટલું કર્યું તો ગામવાળા થોડું ઘણું નહિ કરે? નહિ કરે તો બે-ચાર જણાને કહી પરાણે કરાવશું. આ તો, જે અમને નહોતુ સૂઝયું તે તમે જ સુઝાવ્યું. 'ડોશીની હવે તમે ચિંતા ન કરશો. બાકીનું અમે ઉપાડી લઈશું...'

કાંતિભાઈ સાથે બધી ગોઠવણ કરી એ બહાર નીકળ્યો ત્યારે એ પેલા પાટિયા પાસે ગયો. ડોશી હવે ટૂંટિયું વાળીને સૂતી હતી. એના મોં પરના ભાવ નીરખી મંદિર પર ફરકતી ધ્વજાને નમીને એ ગેસ્ટ હાઉસમાં ગયો ત્યારે ઉર્વશી, પિન્કી અને બિન્ટુને પડખામાં ઘાલી સૂતી હતી. એ એના કુટુંબનું સુરેખ ચિત્ર નિહાળી રહ્યો. ઉર્વશી અત્યારે એને પત્ની નહોતી લાગતી. બન્ને બાળકોથી વીંટળાયેલી પત્નીમાં એણે માનું સ્વરૂપ નિહાળ્યું.

એનો નિર્ણય એને હવે સાચો લાગ્યો.

❖❖❖

# હલક શાહને ડ્રોન-ઈનોવેશન માટે અભિનંદન

યુથ ડેના દિવસે મિનિસ્ટર અનુરાગ ઠાકુરના હાથે નૅશનલ અવૉર્ડ મેળવનારા સાંતાક્રુઝના હલક શાહે ખેતીમાં રેન્ટેડ ડ્રૉનના ઉપયોગ દ્વારા સમય અને ખર્ચ ઓછો કરીને ઉત્પાદન કેવી રીતે વધારી શકાય છે એનું ઇનોવેશન કર્યું છે.

ઇનોવેશનની બાબતમાં ઝાલાવાડીઓને ગર્વ થાય એવું કામ સાંતાક્રુઝમાં રહેતા નાગનેશ નિવાસી હલક વિશાલ શાહે (જોબાળિયા) કર્યું છે. આર્કિટેક્ટની ડિગ્રી પછી ઇન્ફ્રાસ્ટ્રક્ચરમાં એમબીએ કરનારા હલકે તેના ફ્રેન્ડ મોનિશ ગદિયા સાથે મળીને 'ખેતી હલ' નામની યુનિક ઍપ્લિકેશન ડિઝાઇન કરી છે. એ અંતર્ગત આજે આપણે જેમ કૅબ બુક કરીએ છીએ એમ ખેડૂતો પોતાના ફાર્મનાં વિવિધ કામ માટે રેન્ટેડ ડ્રૉન બુક કરી શકશે. બિયારણ નાખવાથી લઈને દવાનો છંટકાવ કરવો, પાકનો ગ્રોથ અંદરખાને કેવો થયો છે એની ફોટોગ્રાફી કરવી જેવી અનેક બાબતો માટે ડ્રૉનનો ઉપયોગ કરી શકાશે. આમાં




હલક વિશાલ શાહ

તેમનો સમય અને મેનપાવર બન્ને બચશે. એ સિવાય ખેડૂતો માટે ઈ-કૉમર્સ, ફાર્મર્સ ચૅટિંગ, કૉર્પોરેટ સાથે ડાયરેક્ટ બીડ કરી શકે એવાં ઘણાં ફીચર્સ ઍપ્લિકેશનમાં છે. દર અસલ યુનાઇટેડ નેશન્સ વૉલન્ટિયર્સ, યુનાઇટેડ નેશન્સ ડેવલપમેન્ટ પ્રોગ્રામ અને મિનિસ્ટ્રી ઑફ યુથ અફેર્સ ઍન્ડ સ્પોર્ટ્સ દ્વારા નૅશનલ કૉમ્પિટિશનનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાનો વિષય હતો 'ક્રિએટિંગ સસ્ટેનેબલ ફૂડ વૅલ્યુ ચેઇન સિસ્ટમ'. એમાં ખેતીને જ ધ્યાનમાં રાખીને પાંચ કૅટેગરીમાં બે-બે ઇનોવેશનને એટલે કે દેશભરમાંથી કુલ દસ ઑન્ટ્રપ્રનર આઇડિયાને 'સૉલ્વ્ડ ૨૦૨૧ અવૉર્ડ' સન્માનિત કરાયા હતા. દેશભરમાંથી લગભગ ૮૫૦ એન્ટ્રીમાંથી માત્ર દસ એન્ટ્રી પસંદ થઈ હતી. હલકને ટ્રોફી, સર્ટિફિકેટ, ગિફ્ટ હૅમ્પર અને એક લાખ રૂપિયા ઇનામ પેટે મળ્યાં છે.

હલક શાહે કહ્યું હતું કે, 'આ પહેલાં આ જ આઇડિયાનું ઇનિશિયલ વર્ઝન નેસ્લે કંપની દ્વારા આયોજિત એક કૉમ્પિટિશનમાં પાંચ હજાર એન્ટ્રીમાંથી સિલેક્ટ થયું હતું અને એમાં પણ ભવ્ય આયોજન વચ્ચે બે લાખની ધનરાશિ અને ટ્રોફી મને મળ્યા છે.

મલ્ટિનૅશનલ કંપનીમાં એનર્જી ટ્રાન્સમિશન કન્સલ્ટન્ટ તરીકે કામ કરતા હલક શાહને ખૂબ ખૂબ ધન્યવાદ.

❖❖❖

# નર્મદાકિનારે

❖ અમૃત બારોટ ❖



પોર્ટરને પૈસા આપવા પડ્યા પણ જનરલ ડબામાં જગ્યા મળી ગઈ ને તેય બારી પાસેની એટલે દિવ્યાને શાંતિ થઈ. આમ તો એક સમયની સ્કૂલની પ્રિન્સિપાલ એટલે આવી રીતે જનરલ ડબામાં બેસવાનું પસંદ ના કરે. એમાં મોભો ના રહે ને ત્યાં કેવા કેવા માણસો હોય! પણ અચાનક નીકળી જવાનો નિર્ણય લીધો એટલે નાછૂટકે કચવાતે મને એ બેઠી. ડબો કંઈ એટલો ખરાબ નહોતો. માણસોની અવરજવર ને ઘોંઘાટ નડે પણ થોડા કલાક ચલાવી લેવાશે. બારી પાસેની સીટનું આશ્વાસન પણ હતું.

એની બાજુમાં બોલી પરથી મારવાડી લાગતું દંપતી બેઠેલું હતું. સ્ત્રીએ લાંબો ઘૂમટો કાઢ્યો હતો ને પુરુષ ક્યારનો સામાન ગોઠવવામાં પડ્યો હતો. સામેની બારીની સીટમાં કથ્થઈ સાડલામાં એક વૃદ્ધ સ્ત્રી બેઠેલી હતી. એને અડીને બારી બાજુ એક આઠ-દસ વર્ષની કન્યા ઊભેલી હતી. એ બન્નેની બાજુમાં કોઈ મુફલિસ જેવા લાગતા બે માણસો બેઠેલા હતા. ગાડીમાં એટલી ગિરદી નહોતી. મારવાડી આ બાજુના પાટિયા નીચે સામાન ગોઠવીને એક બેગ સામેના પાટિયા નીચે પણ ગોઠવતો હતો. એને થયું આટલો બધો સામાન લઈને શું કામ નીકળતા હશે લોકો? એની પાસે એક બેગ જ હતી. જોકે અચાનક નીકળવાનું ના થયું હોત તો કદાચ એણે પણ એકાદ બેગ વધારે લીધી હોત પણ થયું જ એવું કે -

સવારથી દિવ્યા ધૂંઆપૂંઆ હતી. આમ તો કાલ રાતથી જ મગજનો પારો ચઢેલો હતો. રાતે સાડાનવે એક કાર્યક્રમમાંથી એ ઘરે આવી ત્યારે ક્રિશ ને ત્વિષાની કેરટેકર બાઈએ કહ્યું, ''સાહેબ ને મેમસાબ પિક્ચરના શોમાં ગયાં છે, ત્યાં બહાર જમવાનાં છે. તમારું જમવાનું ઢાંકી રાખ્યું છે.'' એને ના ગમ્યું પણ બાઈ આગળ એ કંઈ બોલી નહીં. માત્ર એટલું જ પૂછી લીધું, ''ક્રિશ ને ત્વિષા જમ્યાં?'' ''હા, મેમસાબે જમાડી દીધાં છે.'' એણે કિડ્ઝરૂમમાં ડોકિયું કર્યું તો બંને છોકરાં ઊંઘી ગયાં હતાં.

ડાઈનિંગ ટેબલ પર એકલા જમતાં બહુ વિચારો આવ્યા. ઘરનો નિયમ હતો, દિવસના ભાગે ભલે શક્ય ના બને પણ રાતે બધાએ ડાઈનિંગ ટેબલ પર સાથે બેસીને જ જમવાનું. વર્ષોથી આ નિયમ છે. પોતે જ બનાવ્યો છે. આજે એને સહેજ મોડું થયું હતું એ ખરું પણ પિક્ચરમાં જવાની વાત તો થઈ જ નહોતી. ગ્રીષ્મા ના કહે એ સમજ્યા પણ કૃતાર્થનેય ફોન કરવાનું કે વોટ્સએપ કરવાનું ના સૂઝે? પોતાનું લોહી છે તોય-! એણે મૂંગા મૂંગા જમી લીધું ને પછી રૂમમાં જઈ એક નોવેલ કાઢી વાંચવાનું શરૂ કર્યું. થોડી વાર કોશિશ કરી પણ વાંચવામાં ચિત્ત ચોંટ્યું નહીં. નોવેલ બાજુ પર મૂકી એ બારી પાસે આવી ઊભી રહી. બારીમાંથી મહાનગરનું આકાશ કાપેલા ટુકડા જેવું દેખાતું હતું એના અડધેથી કપાઈ ગયેલા દામ્પત્યજીવન જેવું જ.

વિમલ સાંભરી આવ્યો. એની સાથે છેક સુધી વ્યવસ્થા બાબતે ચડભડ રહી. એનું બધું વેરણછેરણ રહેતું. પેન, ચશ્માં ગમે ત્યાં પડ્યાં હોય. કપડાં બદલ્યાં હોય તો કાઢેલાં કપડાં સાંજ સુધી બેડ પર પડી રહે. ઘડિયાળ નથી મળતી કે ચેકબુક નથી મળતી એવી રોજની બૂમાબૂમ હોય. ઘણી વાર તો એનો કાંસકો ડાઈનિંગ ટેબલ પર પડ્યો હોય. જમવાના ટેબલ પર કાંસકો! કેવું લાગે? પોતે ટોકે તો, ''ના ગમતું હોય તો ઉઠાવીને મૂકી દે'', એવો જવાબ મળે. પોતે શિસ્ત, વ્યવસ્થાની આગ્રહી છતાં વિમલને એની કાંઈ અસર નહીં. ક્યાંય જવાનું હોય ત્યારે પણ સમયસર ના આવે ને પછી ઉતાવળ કરાવી મૂકે. કંઈક કહીએ તો, ''માણસ છે, યાર, થોડું આઘું પાછું તો થાય. એમાં આટલી આકળી શું કામ થાય છે?'' હવે, આવા માણસને શું કહેવું?

તે દિવસે બંને વચ્ચે બરાબરની જામી પડી. એની મોટી બેનની દીકરીની સગાઈ હતી. બનેવી મુહૂર્ત-ચોઘડિયામાં બહુ માને. પોતે સમયસર તૈયાર થઈને વિમલની રાહ જોઈ રહી હતી પણ એનો પત્તો જ નહીં. ફોન પણ ના ઉપાડે. કલાક મોડો આવ્યો ને ત્યાં ફંક્શન માટે ગિફ્ટ લાવવાનું કહ્યું હતું એય ભૂલી ગયો. કોઈનોય પિત્તો જાય કે નહીં!? કહ્યું, ''તારામાં કમિટમેન્ટ જેવું કંઈ મળે કે નહીં?'' તો કહે, ''મેડમ, કમિટમેન્ટ માટે જ આવ્યો છું નહીં તો અત્યારે મને મરવાનીય ફુરસદ નથી.'' એનાથી બોલાઈ જવાયું, ''મારાં સગાંમાં જવાનું હોય છે ત્યારે જ ફુરસદ નથી હોતી, કેમ?'' ઘડીક એ લેવાઈ ગયો હોય એમ જોઈ રહ્યો ને પછી કહે, ''તને ખબર હોત કે અત્યારે હું કેવા સ્ટ્રેસમાં... રે'વા દે, ચાલ, રસ્તામાંથી કોઈ ગિફ્ટ લઈને પહોંચીએ નહીં તો મારા સાઢુભાઈને વળી મુહૂર્ત-ચોઘડિયાં વહી જશે.''

એ દિવસે સમજાયું નહોતું પણ અઠવાડિયા પછી વિમલને એટેક આવ્યો ત્યારે એ ડઘાઈ ગઈ. ધંધામાં નુકસાન જાય કે પાસાં અવળાં પડે તો કોઈ પાતાની સહધર્મચારિણીને વાત કરે કે નહીં? અરે, મારું પી.એફ, બેંક-બેલેન્સ છેવટે અલંકારો વેચીનેય હું પડખે ઊભી રે'ત પણ કોઈ વાત જ ના કરે તો! મને શું એના વીમાની રકમમાં રસ હતો? પણ એ બધી વાતોનો કોઈ અર્થ નહોતો. હોસ્પિટલ પહોંચતા પહેલાં જ તો એ...! તકલીફ પડી હતી પણ એણે બધું સંભાળી લીધું હતું. વિમલના વીમાની રકમ કામ આવી હતી. ખોટ ભરપાઈ કરી દીધી હતી. આર્થિક રીતે તો ગાડું પણ પાટા પર ચડી ગયું પણ-

એક ઝટકો લાગ્યો ને ગાડી સ્ટાર્ટ થઈ. પ્લેટફોર્મ પર મૂકવા આવેલા સ્વજનો, 'આવજો', 'ફરી મળીશું' - એવા ઉદ્ગારો સાથે દેખાતા બંધ થયા. સ્વાભાવિક છે પોતાને મૂકવા

કોઈ થોડું આવવાનું હતું ? પોતે નીકળી જ એવી રીતે હતી કે-

કૃતાર્થનાં લગ્ન કરાવ્યાં ત્યારે હતું કે શિક્ષિત વહુ આવશે તો સારી કંપની મળી રહેશે. દીકરીની જેમ જ રાખીશ એને. પણ બધું આપણું ધાર્યું ક્યાં થતું હોય છે ? ગ્રીષ્મા દેખાવડી હતી, હોશિયાર હતી. કૃતાર્થને પસંદ હતી ને કુટુંબ પણ સારું હતું પછી ઝાઝું વિચારવાનું હતું જ નહીં. શરૂઆતના મહિના બધું બરાબર ચાલ્યું પણ પછી, ''હજી ઊઠી નથી ગ્રીષ્મા ?'' ''મમ્મી, બાઈ છે, મહારાજ છે, પછી વહેલા ઊઠીને શું કામ છે ?'' ''અરે પણ, આપણા સ્વાસ્થ્યનો વિચાર કરવાનો કે નહીં ? વહેલા સૂઈ વહેલા ઊઠવું એ આરોગ્ય માટે-'' ''એ બધી વાતો જૂની થઈ, મમ્મી. થિંગ્ઝ હેવ ચેન્જડ, ડોન્ચ્યુ સી ?'' શિસ્તની બાબતમાં ચલાવી લેવું દિવ્યાના સ્વભાવમાં નહોતું. ચડભડ થઈ પણ ઘર છે, કાંઈ હોટેલ થોડી છે ? ધાર્યું'તું એવું ઘરનું વાતાવરણ ના રહ્યું. ચડભડ વધતી ગઈ. બાળકોનાં નામકરણ બાબતે ગ્રીષ્માએ જે મનમાની કરી એ હજી એને ચચરે છે. ક્રિશ ને ત્વિષા - કેવાં નામ છે ? આપણી સંસ્કૃતિ દેખાય છે એમાં ?

કોઈ છીંકણી સૂંઘતું હતું કે શું ? એણે ડબામાં નજર ફેરવી, હા, પેલી વૃદ્ધ સ્ત્રીએ છીંકણીવાળા હાથ જ એના સાડલે લૂછ્યા. બહુ ઉડાડી ના હોય તો સારું, નહીં તો આખા ડબામાં હમણાં છીંકાછીંક થઈ જશે. ચાલો, ઊડી હોય એવું લાગતું નથી, પણ પેલી છોકરી એની સ્ટાર્ચવાળી સફેદ સાડી સામે કેમ વારેવારે તાક્યા કરે છે ? એણે છોકરીને ધ્યાનથી જોઈ. નવું ફ્રોક પહેર્યું છે ને આંખોમાં કાજલ લગાડ્યું છે. ચોટલા પર જૂની ઢબે રીબન પણ બાંધી છે ! પેલી સ્ત્રીએ બાંધી આપી હશે ? ના ના, એ તો સાવ અણઘડ લાગે છે પણ છોકરી છે મીઠી. એની ચકળવકળ થતી આંખોમાં જાણે કુતૂહલ ડોકિયું કર્યા કરે છે.

ત્વિષા યાદ આવી ગઈ કે કેમ, એણે છોકરીને ગાલે હળવેથી ટપલી મારીને પૂછ્યું, ''ચોકલેટ ખાવી છે ? આપું ?'' દિવ્યાએ હાથમાંની પર્સ ખોલી એમાંથી ચોકલેટ કાઢી. છોકરીએ પેલી સ્ત્રી સામે જોયું. બોખા મોંએ હસીને એ સ્ત્રીએ હકારમાં ડોકું ધણાવ્યું એટલે છોકરીએ ચોકલેટ લઈ લીધી ને ખોલીને ખાવા લાગી. વિચારોથી પીછો છોડાવવા દિવ્યાએ એ સ્ત્રી સાથે વાતચીત શરૂ કરી, ''બહારગામ જાઓ છો ?'' ''ગોંમ જીએ છીએ, ઓંઈ થોડા દા'ડા હાટુ આયાં'તાં, અવે વળતાં થ્યાં છીએ.''

અચ્છા, એટલે આ લોકો મુંબઈમાં રહેતા નથી, ગામડાના છે, એમાં જ તો આવા-પોતે કોઈ ગામડે કદી ગઈ નથી. રસ્તામાં અલપઝલપ બેચાર કલાક જોયાં હશે કોઈ ગામ. લાવને પૂછું. ''માજી, ગામડાનું જીવન આમ કેવું ?'' 'ઓંમ તો એવું જ, શેરની શાયબી નોં મલે, મજૂરી કરવી પડે પણ ઈમ તો ઓંઈયે ઘણાં મનેખ મજૂરી કરતાં જ અશેને ?''

''કામ તો અહીંના માણસેય કરવું પડે પણ કામ કામમાં ફેર હોય.''

''હાચી વાત કીધી ભા, જેનું કોંમ જે કરે. ઓંઈ હુંવાળાં કોંમ વ્હોય, ત્યાં ગોંમમાં શાયડાય વાળવા પડે ને ગાલ્લુય હાકવું પડે. ટપકવાળાં ને ટેક્ટરવાળાંને એવું નોં વ્હોય પણ બધાંના એવાં નસીબ થોડાં વ્હોય !''

દિવ્યાને અડધું જ સમજાયું પણ સારું છે ડોશી વાતોડિયાં છે. પોતેય વાતોમાં બધું ભૂલવા મથે છે પણ ગ્રીષ્માએ બપોરે જે શબ્દો ઉચ્ચાર્યા એ -

ખટકે છે, ખૂબ ખટકે છે. પોતે જરાક અમસ્તું એણે પહેરેલાં શોર્ટ્સ વિશે કહ્યું તો ચપચપ ચોંટી પડી, ''તમે મમ્મી, આવી કીટકીટ કરો એ કેમ ચાલે ?'' ''અરે પણ તું ઘરમાં આવા શોર્ટ્સ પહેરીને ફરે તો કે'વું તો પડે જને ?''

''આવા એટલે કેવા ? એના પરથી તમે મારું કેરેક્ટર નક્કી કરવાનાં છો ?''

'મેં એવું કહ્યું ? પણ ખાનદાન કુટુંબમાં આ ના શોભે. કહી દીધું તને.''

''તમારા આવા ચોખલિયા વિચારોને લીધે બીજાને કેટલો સ્ટ્રેસ થાય એની ખબર છે તમને ? આમાં ને આમાં તો કોઈને એટેક આવી જાય !''

છેલ્લું વાક્ય ગ્રીષ્મા મનમાં બોલતી હોય એવી રીતે બોલી હતી પણ એને સ્પષ્ટ સંભળાયું હતું. એ સમસમી ગઈ. એટલે શું પોતાને કારણે વિમલને- ?

એ વખતે જ એણે મનમાં ગાંઠ વાળી લીધી. નથી રે'વું આવી રીતે. સાંજ સુધીમાં નીકળી જઈશ. કોઈ આશ્રમમાં જઈને રહીશ. હું કંઈ તમારી પર અવલંબિત નથી. પેન્શન આવે છે મારું. એણે બેગ તૈયાર કરી દીધી. યાદ કરીને ચેકબુક પણ લઈ લીધી. ક્રિશ અને ત્વિષાને છોડી જવાનું મન ના થયું પણ મન મક્કમ કરી નીકળી પડી.

માજી કંઈ કહેતાં હતાં. એ વિધવા બન્યાં એની વાત કરતાં હતાં. ''સોરી, મારું ધ્યાન ના રહ્યું. શું કહેતાં'તાં તમે ?'' ''હોવ ભા, બધે લોહી-ઉકાળા વ્હોય તે આપડું મન બીજે હેંડી જાય, ઈનું કાંઈ નઈ. તમે ઓંઈ મુંબઈનાં કે અમારી પઠ્યમ- ?'' ''ના, હું મુંબઈની જ. થોડા દિવસ બહાર ફરવા જાઉં છું. નર્મદાકિનારે.'' ''નબદા તો મા છે, હઉનો વિહોમો. ત્યોં મોંણસનું મન ઠરે.'' ''પણ તમે તમારી વાત કરતાં હતાંને ? તમે વિધવા થયાં એની.'' ''અરર ભા. ભગવોંન કોઈનેય રંડાપો નોં આલજો બાપ. મોંયનું દુઃખ તો વિહારેય મોં પડ્યું વ્હોય ન લોક ચૂંટી ખાય તમોને.''

''આ છોકરી તમારે- ?''

''મારા રમલાની છ,'' માજીએ છોકરીને પડખામાં લેતાં કહ્યું, ''મજૂરી કરીને, ગોંમના ટોણાંટપ્પાં ખઈને મીં રમલાને મોટો કર્યો, પેણાયો, ભગવોંને આ રૂપાળી છાડી આલી'તી પણ આયખું નઈ તે-'' માજીનો અવાજ ગળગળો થઈ ગયો ને આંખોમાં આંસુ આવી ગયાં. દિવ્યાને થયું, પોતાના કરતાં આ ગામડિયણ સ્ત્રીનું દુઃખ અનેક ઘણું વધારે છે વિમલ ગયો ત્યારે પોતાને તો પ્રિન્સિપાલની નોકરી હતી. કૃતાર્થની કોલેજ પણ પૂરી થવા આવી હતી. પછી એનેય સારી નોકરી મળી ગઈ ને બધું પાટે ચડી ગયું. જ્યારે આ સ્ત્રીનો દીકરો... આયખું નઈ એટલે શું એ પણ- ?

ગાડીનો ખટાક ખટ અવાજ ઘણની જેમ કાને

અથડાતો હતો. એણે જોયું. માજી આંસુ લૂછીને થોડાં સ્વસ્થ થયાં લાગતાં હતાં. ''તમારા દીકરાને શું થયું'તું માજી ?' પ્રશ્ન સાંભળીને થોડી વાર એ ઊંડાં ઊતરી ગયાં હોય એમ શૂન્યમાં તાકી રહ્યાં પછી ઊંડો નિશ્વાસ નાખી બોલ્યાં, ''કોગળિયું થઈ જ્યું'' ભાઈને ! દુઃખ વધી જ્યું ત્યાં લગણ કોઈને કાંય કે'યુ નઈ. ખરા બપોરના તાપમાં હેતરમાં કોં કરતો'તો. ચક્કર ખઈને પડ્યો તાણ ખબર પડી. તાલુકાની અસ્પતાલે લેઈ જ્યાં પણ દાગ્તર કે' કે મોડાં પડ્યાં.'' માજીની આંખોમાં ફરી જળજળિયાં ઊભરાઈ આવ્યાં.

દિવ્યાના મનમાં અરેરાટી ઊઠી. થયું, એ સ્ત્રીને એના દુઃખની યાદ અપાવી વધુ દુઃખી શું કામ કરવી ? એણે વાત બદલી, ''અહીં મુંબઈમાં ફરવા આવ્યાં હતાં ! ?'' ''ના રે, ફરવા તો શ્યોંથી આઈએ ? આ તો લગન અતાં એટલે - આ છોડીની માનાં.''

ટ્રેનનો એક ધક્કો આવ્યો. દિવ્યા થડકો ખાઈ ગઈ. છોડી-છોકરીની માનાં ! એ આગળ પૂછવું કે નહીં એના વિચારે ચઢી પણ કુતૂહલ શમતું નહોતું.

''છોકરીના મા એટલે તો તમારા દીકરાની વહુ, એનાં ?''

''હોવં ભા, ઈનાં જ. એ તો ઘણુંય ના પાડતી'તી. કે,' 'મા, તમોનં મૂકીને મું શ્યોંય જવાની નથી.' પણ બાપ મીં રંડાપો વેઠ્યો છ. મારી નજર્યો હોંમે ઈની રાતા રોંયણ જેવી દેઈને હુકઈ જતી શ્યમ દેખી જાય !''

''એટલે તમે... તમે એનાં લગ્ન કરાવી આપ્યાં ?''

''મું તો હું કરાવતી'તી ! આ ભગવોંને જોગ કરી આલ્યો. મારો ભોંણિયો ઓંઈ મુંબઈમાં રે'છ નં ભણેલો છ. ઈને ભલોંમણ કરી'તી ઈના રૂડા પરતાપે-''

''પણ પછી આ છોકરી- ?'' ''ઈનો જ વાંધો પડ્યો'તો હોંમેનું હગું બધી રાતે હારું અતું પણ છોડીને રાખવાની ઈમની નમશા નઈં તે આઘુંપાછું કરતાં'તાં.. વઉ છોડીને મેલીને જવા તય્યાર નઈં. પછ મીં કે'યું, મું અજી જીવું છું. આ છોડી હારું જ ભગવો'ને મને જીવાડી છ. મું રાખે ઈને.'' ''વહુ માની ગઈ ?'' ''માનો જીવ ભા, હેને મોંને ? મોંડ મોંડ હમજાઈ, કે'યું તું વખત બે વખત આઈને મલી જજે. અમારી ખબદ કરતી જજે.'' ''પણ પછી છોકરી મોટી થાય એટલે એને પરણાવવી પડે. ગામડામાં તો છોકરીને સાપના ભારો ગણે છેને ?''

''ના ભા, એવું નથી હોં, મું પેણાયે ઈને. મારે તો એ હાપનો ભારોય નથી કે વેઠની ગોંહડીય નથી. એ તો મારી ઓંખ્યોનો દીવો છે. દીકરો મોટો કર્યો'તો, અવે દીકરીનો અભરખો પૂરો કરું. આ મનખો કશા કોંમમાં આવે એ જ - ''વાક્ય અધૂરું મૂકી કે સ્ત્રીએ ફરી પેલી છોકરીને પડખામાં લીધી ને બચીઓથી નવરાવી દીધી. છોકરી પણ દાદીની ગોદમાં સરકી ગઈ.

વાત સાંભળી રહેલી દિવ્યાને અણઘડ લાગતી એ સ્ત્રીની સરખામણી પોતે વામણી લાગી. એ સ્ત્રીના ચહેરા પરની કરચલીઓમાં એક પ્રકારની પ્રવાહિતા હતી. એને થયું, એ ખરેખર અત્યારે નર્મદાકિનારે જ ઊભી છે.

❖❖❖

# યાત્રા આરંભીશું, તો અંધકાર સ્વયં અદૃશ્ય થઈ જશે !

ચંદ્રકાંત મહેતા

આકાશના આંગણાના દીપક બુઝાયા અને મારા અંતરાત્માએ કહ્યું : ''ત્યાં કોઈક છે.'' પ્રભાતકાળે વિમલવાયુની લહેર વહેવા લાગી. પુષ્પોની પાંખડીઓ ખૂલવા લાગી અને આભનું સૂનું આંગણું સાથિયાથી સોહામણું બની ગયું. નીરવ પગલે કોઈક આવ્યું ને ખોબલે ખોબલે પ્રકાશની લહાણ કરવા લાગ્યું. ત્યારે મારા મને કહ્યું : ''ત્યાં કોઈક છે.''

પેલી પ્રકાશધારામાં સ્નાન કરતું જગત નાચ્યું, કૂદ્યું, ડોલ્યું, મહાલ્યું, મલકાયું, છલકાયું અને વિરામ માટે વહાલભારી ગોદ ઝંખવા લાગ્યું, ત્યારે મીઠા હાલરડાં ગાતી વિભાવરી આવી. એની અમૃતમયી ગોદે ત્રિવિધ તાપથી પરિત્રસ્ત માનવબાળને ચૂમીઓના વરસાદથી ભીંજવી નાખ્યા. તેણે મધુર નિંદની સૃષ્ટિમાં વિહાર આરંભ્યો, ત્યારે મારા અંતરમાંથી અવાજ આવ્યો ''ત્યાં કોઈક છે.''

હા...ત્યાં કોઈક છે.

પણ ક્યાં ?

મારી પાસે એનો કોઈ જવાબ નથી ! કદાચ કોઈની પાસે એનો જવાબ નથી ! પુસ્તકનાં પાનાં ફેરવું છું, ધર્મગ્રંથોનાં ઊંડા નીરમાં ડૂબકી મારવા પ્રયત્ન કરું છું ! બધાંનો એક જ સાદ, એક જ અવાજ !

''ત્યાં કોઈક છે.''

દૃષ્ટિ ફેંકું છું, નજર થાકે છે, કલ્પના કરું છું, તરંગોના અશ્વો હણહણીને પાછા આવે છે. સાદ કરું છું, અવાજ પડઘા બનીને વેરાઈ જાય છે !

ધુમ્મસછાયો પંથ, કંટકછાયી કેડી અને સીમાહીન સીમાડે પહોંચવાની માનવીની નેમ ! ભલી એમની નેમ અને ભલું એમનું સ્વપ્ન !

પણ આ નશ્વર માનવીનો અનશ્વર તત્ત્વને જાણવાનો, માણવાનો, તાવવાનો અને તપાસવાનો આયાસ ભ્રમ છે કે વાસ્તવિક ? તો એનો ઉત્તર ? એનો ઉત્તર છે. સ્પષ્ટ છે બિલકુલ વિશ્વાસપાત્ર છે !

''હા, ત્યાં કોઈક છે !'' ''ત્યાં કોઈક છે જ !''

ત્યાં તમે જ છો, ત્યાં હું પણ છું, આપણે બધા જ છીએ ! આપણા બધાનું ભેગું નામ ''કોઈક !'' ચાલો એ ''કોઈક''ને ઓળખવાની પ્રક્રિયા આરંભીએ અને એનો આરંભ આપણાથી કરીએ.

યાત્રા આરંભીશું, તો અંધારું ખસી જશે, કારણ કે અંધારું છે જ નહીં, અને હતું પણ નહીં !

❖❖❖

# પ્રત્યેક ઝાલાવાડી સભ્યનું ઉત્તરદાયિત્વ
# 'આધારસ્તંભ યોજના'

સમગ્ર જૈન સમાજમાં આદર્શરૂપ કહી શકાય તેવી આપણી માતબર સંસ્થાએ ૧૧૫ વર્ષની દીર્ઘયાત્રામાં સામાજિક ઐક્ય અને ઉત્કર્ષનાં ઉત્તમ કાર્યો સંપન્ન કર્યાં છે. ઝાલાવાડી સભાના સભ્યોએ સભા પ્રત્યે સદાય સ્નેહ છલકાવ્યો છે. આધારસ્તંભ યોજના મુજબ **પાણી પરબ, નોટબુક, સ્વધર્મી સહાય તથા મેડિકલ રાહત યોજના** (પ્રત્યેકના રૂા. ૩૦૦૦/-) એટલે **કુલ ૧૨,૦૦૦/- રૂપિયાના બદલે ૧૧,૦૦૦/-** આપનાર પરિવાર તે વર્ષનો આધાર સ્તંભ અને ઉપરોક્ત ચારેય યોજનાનો સહયોગી દાતા બની શકશે.

- આપનો ચેક 'Zalawadi Sabha Charitable Foundation'ના નામનો મોકલવા વિનંતી.
- આપનું દાન ૮૦-જી અન્વયે કરમુક્ત રહેશે.



**સ્વ. ચંપકલાલ મણીલાલ અજમેરા**

અત્યંત ધર્મપ્રિય, કુશળ અને બૅંક ઑફ બરોડાના અધિકારી એવા સ્વર્ગસ્થ શ્રી ચંપકલાલ અજમેરાની પ્રથમ પુણ્યતિથિએ (૮-૯-૨૦૨૦) **મૃદુલાબેન ચંપકલાલ મણીલાલ અજમેરા** પરિવારે આધારસ્તંભ યોજનામાં અનુદાન આપ્યુ છે. વતન રંગપૂરથી મુંબઈ આવી અપાર પુરુષાર્થ થકી ચંપકલાલ મણીલાલ અજમેરાએ સંતાનોને ઉચ્ચ શિક્ષણ અને ધર્મના સંસ્કાર આપી ઘડતર કર્યું. આજીવન સાધુસંતોની વચ્ચાવચ્ચ કરી. ડો. પરાગભાઈ, ડો. મનિષ ભાઈ, હિરેનભાઈ, પુત્રવધૂ ડો. અલ્પાબેન, શિલ્પા બેન, લીના બેન.... પિતાનો સંસ્કાર વારસો દીપાવી રહ્યા છે.

**ઝાલાવાડી સભા - આધારસ્તંભ યોજનામાં દરેકના રૂ. ૧૧૦૦૦/-**

- મૃદુલાબેન ચંપકલાલ મણીલાલ અજમેરા
- શશિકાંતભાઈ મણીલાલ અજમેરા
- લલિતભાઈ મણીલાલ અજમેરા
- બીનાબેન હસમુખભાઈ શાહ
- હસમુખભાઈ શાહ
- માતુશ્રી કંચનબેન વ્રજલાલ શેઠ
- ડૉ. મનીષ ચંપકલાલ અજમેરા
- હિરેન ચંપકલાલ અજમેરા
- ડૉ. પરાગ ચંપકલાલ અજમેરા
- ડૉ. અલ્પા પરાગભાઈ અજમેરા
- શિલ્પા મનિષભાઈ અજમેરા
- લીના હિરેનભાઈ અજમેરા
- **અરિહંત હાર્ટ ક્લિનિક એન્ડ નર્સિંગ હોમ**

## ઝાલાવાડી સભા ચૅરિટેબલ ફાઉન્ડેશન

**શૈક્ષણિક ઉત્કર્ષ યોજનામાં તા. ૨૫-૭-૨૦૨૧ પછી મળેલ રકમની વિગત**

| | |
|---|---|
| ચોટિલા નિવાસી ( હાલ - સાંતાક્રુઝ)<br>ચેતનભાઈ ચંપકલાલ શાહ પરિવાર<br>હ : રાહિલ ચેતનભાઈ શાહ | ૧,૦૦,૦૦૦/- |
| બોટાદ નિવાસી (હાલ - બોરીવલી)<br>પ.પૂ. ન્યાલચંદ ત્રિભોવનદાસ શાહ તથા<br>પ.પૂ. સરલાબેન ન્યાલચંદ શાહની સ્મૃતિમાં<br>હ : અશ્વિનભાઈ - મુકેશભાઈ - નિલેશભાઈ | ૧,૦૦,૦૦૦/- |

## સાભાર સ્વીકાર

(હાલ - વિક્રોલી) અ.સૌ. જ્યોત્સનાબેન મહેન્દ્રભાઈ શાહની પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે હસ્તે મહેન્દ્રભાઈ વાડીલાલ શાહ સ્વધર્મી સહાય ફંડ — ૧૦૯૫

બોટાદ નિવાસી (હાલ - મલાડ) શ્રી હર્ષદભાઈ વાડીલાલ શાહના સ્વર્ગવાસ નિમિત્તે હસ્તે વાડીલાલ મોહનલાલ શાહ પરિવાર તરફથી સ્વધર્મી સહાય ફંડ — ૫૦૦૦

## વેવિશાળ

**યશસ્વી — રાજવી** (વરપક્ષ કન્યા પક્ષ)

શ્રી મુરલીધરજીના સુપુત્ર તિરુપતી નિવાસી (હાલ - ગોરેગામ U.S.A.)

શ્રી મયુરભાઈ રમણીકલાલ મહેતાની સુપુત્રી સાયલા નિવાસી (હાલ - બોરીવલી) — ૧૧૦૦ ૧૧૦૦

**મૃણાલ — ઈશાની**

શ્રી શૈલેષભાઈ કનકસિંહ અંજારિયાના સુપુત્ર અંજાર કચ્છ નિવાસી (હાલ - મુંબઈ)

શ્રી મિલનભાઈ ભાઈચંદભાઈ દોઢીવાળાની સુપુત્રી થાનગઢ નિવાસી (હાલ - બોરીવલી) — ૫૦૦ ૫૦૦

**આદર્શકુમાર — યાત્રી**

શ્રી કિરણભાઈ રસીકલાલ ધ્રુવના સુપુત્ર રાજપર નિવાસી (હાલ - અમદાવાદ)

શ્રી ચંદ્રેશભાઈ ચીમનલાલ શાહની સુપુત્રી લખતર નિવાસી (હાલ - મલાડ) — ૫૧૧ ૫૧૧

**કેવિન — મૈત્રી**

શ્રી કમલેશભાઈ જયંતિલાલ શાહના સુપુત્ર ખંભાત નિવાસી (હાલ - અંધેરી)

શ્રી વિજયભાઈ છન્નાલાલ દોશીની સુપુત્રી બોટાદ નિવાસી (હાલ - મુંબઈ થાણા) — ૫૦૧ ૫૦૧

**મલય — સલોની**

શ્રી તેજપાલભાઈ વાડીલાલભાઈ શાહના સુપુત્ર કામરોળ નિવાસી (હાલ - મલાડ)

શ્રી  વિરેનભાઈ પ્રવિણચંદ્ર શાહની સુપુત્રી ચુડા નિવાસી (હાલ - મલાડ- કાંદિવલી) — ૫૦૧ ૫૦૧

**યશ — અન્વી (અમી)**

શ્રીમતી નિશાબેન તથા ધર્મેશભાઈ ગુણવંતરાય વોરાના સુપુત્ર ઘોલેરા નિવાસી (હાલ-મલાડ)

શ્રીમતી મીનાબેન તથા ભરતભાઈ કેશવલાલ ભરખડાની સુપુત્રી બગસરા નિવાસી (હાલ - કાંદિવલી) — ૫૦૧ ૫૦૧

**પાર્થ — વૈભવી**

શ્રી યોગેશભાઈ હરિલાલ શાહ ના સુપુત્ર વિરમગામ નિવાસી (હાલ-ભાયંદર)

શ્રી સુરેશભાઈ કાંતિલાલ શાહની સુપુત્રી જસાપર. જિ. સુરેન્દ્રનગર નિવાસી (હાલ - ભાયંદર) — ૫૦૧ ૫૦૧

**આદિત્ય — તન્વી**

શ્રી દીપકકુમાર સૂર્યકાંત દોશીના સુપુત્ર વઢવાણ નિવાસી (હાલ - વિલેપાર્લા)

શ્રી સંજયભાઈ શાંતિલાલ અજબાનીની સુપુત્રી ધાનેરા નિવાસી (હાલ - મુંબઈ) — ૧૧૦૦ ૧૧૦૦

**ભવ્યકુમાર — રૂચીતા**

શેઠશ્રી દેવાંગકુમાર ભગવાનદાસ શાહના સુપુત્ર વઢવાણ નિવાસી (હાલ - બોરીવલી)

સ્વ. હીમાંશુકુમાર બલવંતરાય ત્રિવેદીની સુપુત્રી વરતેજ ભાવનગર નિવાસી (હાલ - બોરીવલી) — ૧૦૦૧ ૧૦૦૧

## પ્રભુતામાં પગલાં

**અંકિત-શ્રદ્ધા** (વરપક્ષ કન્યા પક્ષ)

સ્વ. જીતેન્દ્રભાઈ હિંમતલાલ દોશીના સુપુત્ર દેદાદરા નિવાસી (હાલ - બોરીવલી)

શ્રી સુખલાલભાઈ ગિરધરલાલ લાખાણીની સુપુત્રી ચલાળા નિવાસી (હાલ - બોરીવલી) — ૧૦૨૨ ૧૦૨૨

**હર્ષ-રિધ્ધિ**

શ્રી સવજીભાઈ વાલજીભાઈ સત્રાના સુપુત્ર ભરૂડીયા નિવાસી (હાલ - કાંદિવલી)

શ્રી અશ્વીનભાઈ ચંદુલાલ કોઠારીની સુપુત્રી સુરેન્દ્રનગર નિવાસી (હાલ - કાંદિવલી) — ૧૦૦૧ ૧૦૦૧

## સાહિત્ય વૃત્ત — કવિનો શબ્દ



**માધવ રામાનુજ**

- પાસપાસે તોય કેટલા જોજન દૂરનો આપણો વાસ !
  આમ તો ગગન સાવ અડોઅડ તોય છેટાંનો ભાસ !
- ગોકુળમાં કોક વાર આવો તો કાન, હવે રાધાને મુખ ના બતાવશો...
- કાંઠો તો યમુનાનો, પૂનમ વનરાવનની, વેણ એક વાંસળીના વેણ
  મારગ તો મથુરાનો પીંછુ તો મોરપિચ્છ, નેણ એક રાધાના નેણ....
- કૂંડે બેઠા છે રૂડા દાણા પટલાણી,
  ઓણ દીકરીનાં કરી દઈ આણાં
- એક વાર નીકળ્યુ'તું ફળફળતું લોહી
  હવે નીતરતા સિંદૂરના રેલા !
  અમે પાદરમાં ઝાટકે ખરેલા !
- એક ક્ષણ જો યુદ્ધ અટકાવી શકો
  ટેંક પર માથું મૂકી ઊંઘી લઉ.

**ઋજુ સંવેદનોની ઋજુ અભિવ્યક્તિ એટલે માધવની કવિતાનું પાનું ... કવિ, ચિત્રકાર, કળાના ઉપાસક, અનહદની સાથે સંવાદ સાધતા પરમમિત્ર માધવ રામાનુજની અનેક કાવ્યપંક્તિઓ મને હૃદયસ્થ અને કંઠસ્થ છે. શબ્દોનું સહજ સૌંદર્ય એમની કવિતાને કંડારે છે. નિર્વ્યાજ સંબંધોની મહેક, ગ્રામ્યજીવનની મધુરતા ને કૃષ્ણપ્રીતિ તાજગીભર્યા કલ્પનોથી, અભિવ્યક્તિના કૌશલ્યથી કાવ્યશિલ્પને સર્જે છે. 'તમે' 'અક્ષરનું એકાંત' 'અનહદનું એકાંત' એ તેમના કાવ્યસંગ્રહો હવે 'અંતરનું એકાંત' માં સંચિત થયા છે. નરસિંહ મહેતા એવૉર્ડ અને સાહિત્ય ગૌરવ પુરસ્કારના વિજેતા કવિએ કાવ્ય, ચિત્ર અને સંગીતની ઉપાસના સાથે તેજસ્વી ગદ્યની રચના પણ કરી છે. રૂબિન ડેવિડના જીવન પર આધારિત એમની નવલકથા 'પિંજરની આરપાર' પણ ધ્યાનાર્હ બની છે. જીવનની સંધ્યાએ સંવેદનશીલતા સમાજલક્ષી પ્રવૃત્તિમાં ઢળી છે અમદાવાદની કિડની હોસ્પિટલના ડાયરેક્ટર પદે પ્રવૃત્ત માધવ અનહદના અનુસંધાનની અનેક કવિતા આપે એવી સહજ ઝંખના...**

**– સંધ્યા શાહ**

### સાંભરણ

રોઈ રોઈ આંસુની ઊમટે નદી તો એને કાંઠે કદમ્બવૃક્ષ વાવજો,
વાદળ વરસે ને બધી ખારપ વહી જાય પછી ગોકુળિયું ગામ ત્યાં વસાવજો.
આંખોમાં સાંભરણ ખૂંચશે કણાની જેમ
પાંપણનાં દ્વાર કેમ દેશું ?
એક પછી એક પાન ખરશે કદમ્બનાં
ને વેળામાં વીખરાતાં રે'શું.
છલકાતું વહેણ કદી હોલાતું લાગે તો વેળુમાં વીરડા ગળાવજો.

❖

હળવા તે હાથે ઉપાડજો રે અમે કોમળ કોમળ,
સાથરે ફૂલડાં ઢાળજો રે અમે કોમળ કોમળ...
આયખાની આ કાંટ્યમાં રે અમે અડવાણે પગ,
રૂંવેરૂંવે કાંટા ઊગિયા રે અમને રૂંધ્યા રગેરગ;
ઊના તે પાણીડે ઝારજો રે અંગ કોમળ કોમળ,
ખેપનો થાક ઉતારજો રે અમેકોમળ કોમળ...

### રીત

ભીંજાવાની હોય નહિ કોઈ રીત
એ તો આમ જ થઈ જાય કે
જેમ થાય છે પ્રીત...

ધોધમાર કે ઝરમર ઝરમર વર્ષાનું તો કેવું ?
કોઈ ચાહના બની ધસમસે, કોઈ ન ઉઘડે એવું !
વીજળીના ઝબકારાનીયે

હોય ન કોઈ રીત.
એ તો આમ જ થઈ જાય કે
જેમ થાય છે પ્રીત...

❖

### અમે ઈચ્છ્યું એવું...

એક એવું ઘર મળે આ વિશ્વમાં
જ્યાં કશા કારણ વિના પણ જઈ શકું;
એક એવું આંગણું કે જ્યાં મને
કોઈ પણ કારણ વગર શૈશવ મળે !

## શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા–મુંબઈ

સંચાલિત

## શ્રી નંદલાલ તારાચંદ વોરા જૈન ઉપાશ્રય–નાલાસોપારા
## શ્રીમતી મંગળાબેન જશવંતલાલ શાહ જૈન ભુવન–નાલાસોપારા

☐ દિલીપભાઈ એ. શાહ

ઝાલાવાડી સ્થા. જૈન સભા સંચાલિત ઉપરોક્ત ઉપાશ્રયમાં જ્ઞાનગચ્છ સંપ્રદાયના પ.પૂ.પ્રકાશમુનિ મ.સા.ના સુશિષ્યા પ.પૂ. રેણુકાશ્રીજી મ.સા. આદિ ઠાણા-૪ નું ચાતુર્માસ પ્રાપ્ત થતાં સમગ્ર ઝાલાવાડી, મારવાડી, શ્રમણસંઘ વિગેરે સમાજમાં આનંદ છવાયો છે. પૂ. સતીરત્નોની પુનિત પધરામણી થઈ અને જિનવાણી શ્રવણ દ્વારા, સત્સંગને પામતા જ્ઞાનમાં વૃદ્ધિ, દર્શનમાં શુદ્ધિ અને ચારિત્રમાં પરિશુદ્ધિ થતા શ્રાવક-શ્રાવિકાઓ ધન્યતાની લાગણી અનુભવે છે.

પ.પૂ. રેણુકાશ્રીજી, પ.પૂ. કરુણાશ્રીજી મ., પ.પૂ. સમર્પિતાજી મ. અને પ.પૂ. જિગિશાબાઈ મ. ચારેય સતીરત્નો શાસન પ્રભાવના માટે જબ્બર પુરુષાર્થ કરી રહ્યાં છે. દર શુક્રવારે નારી સંસ્કાર શિબિરમાં ખૂબ સારી સંખ્યામાં બહેનો લાભ લઈ રહ્યાં છે.

પ.પૂ. રેણુકાશ્રીજી મ. ના શાતાકારી પચ્ચખાણથી અને પ્રેરણાથી તપધર્મનો મહિમા સમજાવતા અનેક ભવ્ય આત્માઓએ પર્યુષણ પર્વ પહેલાં તપ આરાધના કરેલ છે. ચંદાબેન વિનોદભાઈ પામેચા, કૃતિબેન પંકજભાઈ જૈન એ ૩૧ ઉપવાસની આરાધના પૂર્ણ કરેલ છે. કુલદીપભાઈ પરમારે ૧૬ ઉપવાસ પરિપૂર્ણ કરેલ છે. અઠ્ઠાઈ-નવ ઉપવાસ પણ ઘણી સારી સંખ્યામાં થઈ ગયેલ છે. એક ઉપવાસ - રાત્રિ સંવરની સાંકળ ચાલુ છે.

વ્યા. સમયમાં દરરોજ બે સામાયિક કરાવવામાં આવે છે. અનુમોદના પન્નાબેન મહેશભાઈ શાહ હાલ ગોરેગાવ તેમ જ ગીતાબેન નરેન્દ્રભાઈ શાહ મલાડ તરફથી આપવામાં આવશે.

ચાતુર્માસના ચાર મહિના બહારથી પધારનાર, સત્સંગનો લાભ લેનાર શ્રાવક-શ્રાવિકાઓ માટે સંઘ તરફથી સાધર્મિક ભક્તિનું રસોડું ચાલુ છે સાધર્મિક ભક્તિનો લાભ લેનાર લાભાર્થી-મારવાડી સમાજ રહેલ છે. દયાવ્રત, એકાસણા નાની મોટી તપશ્ચર્યા આદિનો લાભ સંઘના રસોડે આપવા મારવાડી સમાજના કાર્યકરો, દાતાઓ તેમ જ દિલીપભાઈએ ઉદાર ભાવનાથી નમ્ર વિનંતી કરેલ છે.

દરરોજ સવારે ૯.૧૫ થી ૧૦.૧૫ વ્યાખ્યાન ૧૦.૩૦ થી ૧૧ વાગ્યા સુધી વાંચણી ચાલુ છે.

લૉકડાઉનની વિકટ પરિસ્થિતિમાં અનેક દાતાઓ તરફથી ઉદારદિલે આર્થિક રીતે જરૂરિયાતમંદ પરિવારની સાધર્મિક ભક્તિ કરવામાં આવેલ છે.

નંદલાલ તારાચંદ વોરા હસ્તે બિપીનભાઈ વોરા તરફથી ૫૫ પરિવારને રૂા. ૧૫૦૦ની કીટબેગ આપવામાં આવેલ છે તેમ જ નાના ગૃહઉદ્યોગ જેઓ ઘરમાં ચલાવી રહ્યાં છે તેમ જ જરૂરિયાતમંદ ધંધાર્થીને વગર વ્યાજે ૧ વરસ માટે રૂા. ૧૫૦૦૦ થી ૨૫૦૦૦ લોન પેટે આપવા ૩ લાખ રૂા. ની રકમ મળેલ છે. પ્રાયઃ કરી ૧૫ પરિવારોને આનો લાભ મળેલ છે.

મૃદુલાબેન વસંતલાલ મહેતા તરફથી મોનાબેન વાલકેશ્વરવાળાની પ્રેરણાથી રૂા. ૫૦૦ની કીટબેગ ૬૦ પરિવારને આપવામાં આવેલ.

ચારુબેન રજનીભાઈ શાહ હાલ બોરીવલી તરફથી ૬૦ પરિવારની સાધર્મિક ભક્તિ આપેલ વૃદ્ધાશ્રમમાં પણ ભક્તિ કરેલ.

માતુશ્રી શાંતાબેન સુરજમલ ગાંધી હસ્તે પ્રકાશભાઈ ગાંધી તરફથી ૬૨ પરિવાર દરેકને રૂા. ૧૧૦૦/- નું કવર રોકડા આપવામાં આવેલ. મોનાબેનની પ્રેરણા સહાયક બને.

હીરાલાલજી રાઠોડ સ્મરણાર્થે હસ્તે મનહરબેન રાઠોડ (શૈલેષભાઈ) તરફથી ૬૫ પરિવારોને રૂા. ૩૦૦ની કીટબેગ આપવામાં આવેલ.

## પાણી અને તેલ



સભા ભરચક હતી. વક્તા અસ્ખલિત પ્રભુપ્રેમ વિશે બોલી રહ્યા હતા. વચ્ચે વચ્ચે દાખલા પણ આપતા. વક્તા વિચક્ષણ હતા, ભક્ત હતા. સ્વાભાવિક છે કે ભક્તને જ્ઞાન સહજ જ હોય.

સભામાં એક જ્ઞાની પણ હતા. તેમને વિચાર આવ્યો કે આ વક્તા કરતાં મેં વધુ જ્ઞાન મેળવ્યું છે. શાસ્ત્રોનું અધ્યયન કર્યું છે. વાણી પણ મારી પ્રભાવશાળી છે, તો લોકો કેમ મને નથી જાણી શકતા ? આના કરતાં મને વધુ સન્માન મળવું જોઈએ.

વક્તા પોતાના જ્ઞાનબળે આ જ્ઞાનીના વિચારોને પામી ગયા. તેમણે પોતાનું વક્તવ્ય આગળ વધારતાં દાખલો આપ્યો, 'ભાઈઓ, ફાનસમાં તેલ અને પાણી હોય છે. એક વખત પાણીએ કહ્યું કે હું તારા કરતાં શ્રેષ્ઠ છું. છતાંય તું મારી ઉપર સતત પથરાયેલું કેમ રહે છે ? એટલે તેલે ઉત્તર આપ્યો કે તલરૂપે હું જમીનમાં દટાયું. છોડ બની કપાયું, કચરાયું, ઘાણીમાં પિલાયું અને છેલ્લે લોકોને પ્રકાશ આપવા અગ્નિમાં બળ્યું. આ શ્રેષ્ઠતા એમ ને એમ નથી આવી.'

સભામાં બેઠેલ જ્ઞાનીએ પ્રણામ કર્યા. ક્ષમા માગી અને પોતાને શિષ્ય તરીકે સ્વીકારવા વિનંતી કરી. વક્તાએ કહ્યું, 'આજથી સભાઉપદેશ અને વાતો પણ બંધ, કારણ કે આટલું કર્યું એટલે આટલું મળ્યું આવું મિથ્યાભિમાન મેં આટલાં વર્ષ પોષ્યું, હજી મારે જ સાધનાની જરૂર છે માટે તમે મને ક્ષમા કરો.'

# જ્ઞાન-કર્મ તથા ભક્તિનો ત્રિવેણી સંગમ : વિનોબાજી

વસંત ગઢવી

સંત વિનોબાજી સવાસોમી જન્મશતાબ્દીએ (૧૮૯૫-૨૦૨૦) તેમની સ્મૃતિ અનેક લોકોને થતી હશે. ગાંધીજી એક યુગ કાર્ય કરીને ગયા. તેમના અનેક વિચારો - પદ્ધતિઓનો તેમણે સંપૂર્ણ કે અંશતઃ અમલીકરણ થતું જોયું. તેમ છતાં, બાપુના અગાધ કર્મયોગ - કર્મસંદેશના થોડા ભાગનું જ અમલીકરણ થઈ શક્યું. હિમશિલાની બહાર દેખાતી ટોચ જેટલું આ હતું. ખાસ કરીને ગાંધીજીના જીવનના મોટા ભાગનો સમય દેશની મુક્તિ માટેની ચળવળને દિશા તેમ જ ગતિ આપવાના કામમાં ગયો. આથી અનેક રચનાત્મક કામોનું વાસ્તવિક અમલીકરણ વિશાળ ફલક ઉપર ગાંધીજીની હયાતીમાં થઈ ન શક્યું. આ બાબતની સમજ અને નિસબત વિનોબાજી તથા રવિશંકર મહારાજ જેવા 'ગાંધીના ગોવાળો'ના મનમાં હતી. આથી બાપુના આધ્યાત્મિક વારસદાર એવા વિનોબાજીએ ગાંધીવિચારને ભૂમિગત કરવા માટે તમામ પ્રયાસો કર્યા. ૧૯૫૧થી સતત તેર વર્ષ સુધી સમગ્ર દેશની સિત્તેર હજાર કિલોમીટરની પદયાત્રા વિનોબાજીએ કરી. ભૂમિદાન - ગ્રામદાન અને ગ્રામસ્વરાજની મૂળભૂત તથા મૂલ્યવાન બાબતો અંગે જનજાગૃતિ ઊભી કરી. માત્ર ચૂંટાયેલી સરકારો પર આ પાયાની કામગીરી છોડી દેવામાં આવે તો તેના સુચારુ અમલીકરણની વાત વાસ્તવિક થવી મુશ્કેલ ગણાય. આથી દરેક મનુષ્યમાં ધરબાઈને પડેલા શુભતત્ત્વને જાગ્રત કરવાનું આ ભગીરથ કાર્ય ચુનંદા સાથીઓની મદદથી કર્યું. ઈતિહાસમાં આવા ગજાના વિશાળ ફલક પર થયેલા પ્રયાસોની ભાગ્યે જ જોડ મળી શકે. બાપુએ એક પત્રમાં વિનોબાજીને સંબોધન કર્યું: 'કૃતયુગી વિનોબા' બાબાનો જન્મ કહેવાતા કળિયુગમાં થયો, પરંતુ ગાંધીજીના 'કૃતયોગી' સંબોધનને તેમણે ખરું કરી બતાવ્યું. મોટા ભાગના ધર્મો તેમ જ જુદીજુદી ભાષાઓના સંત



સાહિત્યનો તેમણે ઊંડો અભ્યાસ કર્યો. 'કુરાનસાર', 'ખ્રિસ્ત-ધર્મસાર' તેમ જ 'ધમ્મપદ' જેવા ગ્રંથોની અમૂલ્ય ભેટ આપી. ૧૯૩૨ના ધૂળિયા જેલનાં ગીતા પ્રવચનોનું પુસ્તક આપણા દેશની લગભગ તમામ ભાષાઓ ઉપરાંત અંગ્રેજી, જર્મન તેમ જ જાપાનીઝ ભાષાઓમાં અનુવાદિત થયું. આ પુસ્તકની ૨૬ લાખ નકલો વેચાઈ હોવાનું નોંધાયું છે. (પ્રકાશકીય : મહર્ષિ વિનોબા : યજ્ઞ પ્રકાશન) વિનોબાજી ધૂળિયા જેલમાં હતા ત્યારે જ 'ગીતાઈ'નું પ્રકાશન થયું. પુસ્તકની કિંમત એક આનો હતી. આ જેલના જ કેટલાક કેદીઓ જેલ પાસે ગયા. કેદીઓ જેલરને કહે છે : ''અમારી મજૂરીના પૈસામાંથી બે આના અમને દરેકને જોઈએ છે.'' જેલર પૈસા માગવાનું કારણ પૂછે છે. કેદીઓ કહે અમારે ગીતાઈ ખરીદવી છે. જેલર કહે : ''ગીતાઈની કિંમત તો એક આનો છે અને તમે કેમ બે આના માગો છો ?'' કેદીઓ કહે છે : ''આ બાબત અમે જાણીએ છીએ, પરંતુ એક આનો ગીતાઈ માટે ચૂકવી બીજો એક આનો અમારે વિનોબાને દક્ષિણામાં આપવો છે.'' પરસેવો પાડીને જેલમાં મેળવેલાં નાણાં આ કહેવાતા ''ગુનેગારો'' વિનોબાજીને દક્ષિણામાં આપવા તૈયાર થયા. માનવીનું અંદરનું શુભત્વ જાણે બાબાની હાજરીમાં ખીલી ઊઠ્યું હતું.

ભૂમિહીનોને જમીન અપાવવાનું કામ બાબાની અગ્રતામાં ટોચ ઉપર હતું. બાબાની સ્પષ્ટ સમજ હતી કે પંચ મહાભૂતના બનેલા આ દેહનો સંબંધ જળ-જમીન સાથે નાળ - સંબંધ જેવો સાહજિક છે. આથી જ જમીનથી અળગા થવાનું માનવ કે કદાચ સજીવ માત્ર પસંદ કરતાં નથી. અથર્વવેદના ઋષિએ આથી જ ભૂમિ તથા માનવીના જોડાણને માતા - સંતાનના જોડાણ તરીકે ઓળખાવ્યું છે. ભૂમિ માતા છે જે સંતાનોનું પોષણ કરે છે. આ તેનું એક મહત્ત્વનું આર્થિક પરિમાણ છે. આથી જમીનની સાહજિક ઝંખના સાથે ૧૮ એપ્રિલ, ૧૯૫૧ના દિવસે કેટલાક ભૂમિહીન લોકોએ નિરંતર યાત્રી વિનોબાજી સમક્ષ ભૂમિની માગણી કરી. તેલંગાણાના પોચમપલ્લી ગામમાં આ ઘટના બની. પોચમપલ્લી ગામના આ ભૂમિહીન લોકો માટે જમીનની ટહેલ બાબાએ ગામની સભામાં કરી. સભામાં સ્વાભાવિક રીતે જ ગામના કેટલાક જમીનદારો પણ હાજર હતા. પછી જે ઘટના ઘટી તે ચમત્કારિક હતી. સભામાં હાજર રહેલા જમીનમાલિકોએ એકસો એકર જેટલી જમીન બાબાની ટહેલના પ્રતિસાદ રૂપે તરત જ દાનમાં આપી. જેથી આ જમીન ભૂમિહીનોને ફાળવી શકાય. આ ઘટના બની તેના સંદર્ભમાં બાબા લખે છે : આ ઘટના બની તે રાતે ૩-૪ કલાક જ ઊંઘ આવી. એ શું ઘટના બની ? હું વિચારમાં પડી ગયો. મારી ભગવાનમાં શ્રદ્ધા છે અને ભગવાન બાદ ગણિતશાસ્ત્ર પર વિશ્વાસ છે. મારું ગણિત ફટાફટ ચાલ્યું. જો આખાયે ભારતના ભૂમિહીનો માટે જમીન માંગવી હોય તો પાંચ કરોડ એકર જમીન જોઈએ. એટલી જમીન માંગવાથી મળે ?

ઈશ્વર સાથે સંવાદ થયો. ઈશ્વરે કહ્યું : ''જો એમ ડરીશ અને શંકા કરીશ તો તારો અહિંસાનો દાવો છોડવો પડશે. શ્રદ્ધા રાખ અને (જમીન) માગતો જા. જેણે બાળકના પેટમાં ભૂખ મૂકી છે તેણે માતાના સ્તનમાં દૂધ પણ રાખ્યું છે.'' મારી શંકાનું સમાધાન થઈ ગયું. બીજા દિવસથી ભૂમિહીનો માટે જમીન માગવાનું શરૂ થયું. મનુષ્યના દિલમાં રહેલી ભલાઈ જગાડી શકાય છે.'' ભૂદાનના આવા જગતભરમાં અજોડ આંદોલનના પ્રણેતા વિનોબાજી કુદરતી સંસાધનોની સમુચિત વહેંચણીની અનિવાર્ય આવશ્યકતા પારખી શક્યા અને ભૂદાન યજ્ઞ પ્રજ્વલિત થયો. લોક ભાગીદારીથી જ લોકોના મોટા સમૂહ માટે ઉત્થાનની પ્રવૃત્તિ કરી શકાય છે તે વાત ફરી સાબિત થઈ. સંપત્તિની વહેંચણી વંચિતોને કરવાની વિનોબા દૃષ્ટિ સર્વકાળે સરખી જ પ્રસ્તુત છે. આજ તથા આવતી કાલના કાળમાં પણ આ વાત ચૂકી જવાય તો સ્વસ્થ સમાજનું નિર્માણ માત્ર એક દૂરનું સ્વપ્ન બનીને રહે. સર્વજન હિતાય તથા સર્વજન સુખાયની કલ્પના એ માત્ર ઉપદેશોથી નહિ પરંતુ વિનોબાજીએ લોકસમૂહની માણસાઈ જગાડીને કર્યું. જ્ઞાની ગણાતા વિદ્વાનો જે વાત સમજી ન શક્યા તે વાત વિનોબાજીએ બારીક દૃષ્ટિથી પકડી અને ભૂદાનના કાર્યમાં વેગ લાવ્યા. વિનાયક-વિનોબાજીનો જન્મ ૧૧ સપ્ટેમ્બર, ૧૮૯૫ના દિવસે મહારાષ્ટ્રમાં થયો હતો. ગાંધીવિચારની પાવનકારી ગંગોત્રીને ભૂમિ પર ઉતારવાનો યજ્ઞ વિનોબાજીએ આજીવન પ્રજ્વલિત રાખ્યો. સપ્ટેમ્બર માસમાં આ ''દાઢીવાળા બાવા''ની વિશેષ સ્મૃતિ અનેક લોકોને થાય છે. સપ્ટેમ્બર, ૨૦૨૦માં વિનોબાજીની ૧૨૫મી જન્મજયંતી આવે છે. આથી બાબાની વિશેષ સ્મૃતિ ૨૦૨૦-૨૧ના વર્ષમાં સૌને થયા કરે તે સ્વાભાવિક છે.

ગાંધીજીએ ૧૯૪૧માં વ્યક્તિગત સત્યાગ્રહ શરૂ કરવાનો સંકલ્પ જાહેર કર્યો. એક-એક ચુનંદા સત્યાગ્રહીને તૈયાર કરવાની તેમ જ આ સત્યાગ્રહના માધ્યમથી વિદેશી સરકાર સામે મુક્તિની મશાલ ધરવાની બાપુની આ નવી રણનીતિ હતી. દેશના અનેક લોકોના મનમાં એ જાણવાની ઉત્કંઠા હતી કે બાપુ પહેલા સત્યાગ્રહી તરીકે કોની પસંદગી કરશે ? કોણ એવો સદભાગી હશે જેના નામ પર ગાંધીજી મંજૂરીની મહોર મારશે ? ગાંધીયુગના એ કાળના દિગ્ગજ નેતાઓના સમૂહમાંથી કોઈ એકની પસંદગી પ્રથમ સત્યાગ્રહી તરીકે કરવાની હતી. તેથી તે બાબત તરફ લોકોનું વિશેષ ધ્યાન કેન્દ્રિત થયું હતું. અંતે બાપુની પસંદગીનો કળશ વિનોબાજી પર ઢળ્યો. વિનોબાજી સેવાગ્રામમાં બાપુ સમક્ષ હાજર થયા. બાપુએ પ્રથમ સત્યાગ્રહીની જવાબદારી સ્વીકારવા વિનોબાને જણાવ્યું. વિનોબાની આ કામ માટે અનુકૂળતા તથા સંમતિ જાણવા બાપુએ પ્રયાસ કર્યો. વિનોબાજી કહે : ''આપનો હુકમ તથા યમરાજનો હુકમ પાછા ક્યાં ઠેલી શકાય છે ?'' અને વિનોબાજી દેશના પ્રથમ સત્યાગ્રહી તરીકે અસાધારણ આત્મબળથી ઝળહળી ઊઠ્યા. વિનોબાજીના બાપુ સાથેના મિલનની પૂર્વભૂમિકા પણ જાણવામાં રસ પડે તેવી છે. બનારસ હિન્દુ યુનિવર્સિટીના શિલાન્યાસ (૧૯૧૬) સમયનું ગાંધીજીનું તે કાળનું બહુચર્ચિત વક્તવ્ય વાંચીને વિનાયક નરહરિ ભાવે નામનો એકવીસ વર્ષનો તરુણ કાશીથી હિમાલય તરફ જવાનો નિર્ણય બદલીને સાબરમતીના કિનારે આફ્રિકાથી પરત આવેલા ગાંધીભાઈને મળવા અમદાવાદ પહોંચી ગયો. બનારસના એ ગાંધીજીના પ્રવચનમાં મોટા મોટા અંગ્રેજ અમલદારો તથા રત્નમણિમંડિત રાજાઓની નબળાઈઓ તેમને મોઢામોઢ સંપૂર્ણ નિર્ભયતાથી અને છતાં કડવાશના ભાવ સિવાય કહેનાર આ વીરમાં વિનોબાજીને જુદી માટીના માનવીનાં દર્શન થયાં. ગાંધીજીને મળ્યા અને ગાંધી વિચારના આજીવન જ્યોતિર્ધર બની રહ્યા. ગાંધીજીએ પણ આ વિશિષ્ટ અનુઆઈનું તેજ પારખી તેમને ''જ્ઞાનદેવ અને તુકારામના પગલે ચાલતા સાધક'' તરીકે ઓળખાવ્યા. વિનોબાજીના પિતાને પત્ર લખીને ગાંધીજીએ જણાવ્યું. ''તમારો પુત્ર મારી પાસે છે. આટલી નાની ઉંમરમાં જ વિનોબાએ જે તેજસ્વિતા અને વૈરાગ્ય કેળવ્યા છે તે કેળવતા મને વર્ષો લાગ્યાં હતાં.'' દીનબંધુ એન્ડ્રુઝને બાપુએ કહ્યું : ''આશ્રમના દુર્લભ રત્નોમાંના તે એક છે... તેઓ (વિનોબા) પામવા નહિ પરંતુ આપવા આવ્યા છે.'' ગાંધીવિચારની ગંગોત્રીને ભૂમિ પર ઉતારવાનો સંકલ્પયોગ હૈયે કોતરીને જીવનભર કર્મશીલ રહેનાર વિનોબાજીની સ્મૃતિ ચિરકાળ સુધી જીવંત રહેશે. મહાદેવભાઈ તથા નારાયણભાઈ દેસાઈ તેમ જ કાન્તિભાઈ શાહ (પિંડવળ)ની નિષ્ઠાપૂર્વકની લેખન તેમ જ સંપાદનની મહેનતને કારણે વિનોબાજીના જીવનની-વિચારની અનેક વાતો આપણા સુધી પહોંચી છે.

વિનોબાજીનાં અનેક અવિસ્મરણીય કાર્યોમાં તેમના ભગવદ્ ગીતા પરનાં પ્રવચનો અગ્રસ્થાને છે. અંગ્રેજી સત્તાધીશો સામેની આરપારની લડાઈમાં સત્યાગ્રહીઓ માટે જેલનિવાસ તેમ જ ક્રાંતિકારીઓ માટે ફાંસીના માંચડા કે આજીવન કેદની સજા એ નવાઈની વાત રહી ન હતી. વિનોબાજી આ પ્રક્રિયાના જ એક ભાગ તરીકે ધૂળિયા જેલમાં ૧૯૩૨માં હતા ત્યારે ગીતાના દરેક ભાગને આવરી લઈને જેલના સાથીઓ સમક્ષ પ્રવચનો કર્યાં. સાને ગુરુજીએ આ પ્રવચનો લિપિબદ્ધ કર્યાં. ભગવદ્ ગીતાનું મૌલિક વિચારવિવરણ વિનોબાજીએ કુશળતાપૂર્વક કર્યું. વર્ષો પહેલાં બાળપણમાં પોતાની માતાને આપેલા વચનને પણ વિનોબાજીએ પાળી બતાવ્યું. વિનોબાજી નાના હતા ત્યારે તેમનાં બા રોજ કથા સાંભળવા જતાં. એકવાર સંસ્કારમૂર્તિ સમાન માતાએ પુત્રને કહ્યું કે ગીતા સંસ્કૃતમાં છે તેથી તે સમજવામાં સંસ્કૃતની જાણકારી ન હોય તેને તકલીફ પડે છે. આથી માતાએ પ્રતાપી પુત્રની શક્તિને પારખીને જણાવ્યું : ''તું જ કેમ ગીતાનો અનુવાદ નથી કરતો ? તું આ કામ કરી શકે તેમ છે.'' માતાની ચિરવિદાય પછી એક દસકા બાદ વિનોબાજીએ માતાના આગ્રહને હૈયે ધરીને ગીતાઈની રચના કરી. ગીતાઈ એટલે શ્રીમદ્ ભગવદ્ ગીતાનો સમશ્લોકી મરાઠી અનુવાદ. નામ પણ સુંદર તથા અર્થપૂર્ણ આપ્યું. ગીતા = ગીતા + આઈ. માને મરાઠીમાં આઈ કહે છે.

આપણે ત્યાં પણ માતા માટે 'આઈ' શબ્દો જાણીતો બન્યો છે. વિનોબાજી લખે છે કે મા શબ્દના બધા ભાવ તેમને ગીતામાં જોવા મળેલા છે. માતાના પુણ્ય સ્મરણમાં ગીતા માતાનું ગાન એ વિનોબાજીની સમાજને મળેલી અમૂલ્ય ભેટ છે. વિનોબાજીએ મરાઠીમાં લખેલા સુંદર શબ્દોનો ગુજરાતી અનુવાદ પણ વાંચવો - સાંભળવો ગમે તેવો છે.

ગીતાઈ મારી મા
તેનો હું બાળ અબોધ
પડું છું, રડું છું ઊંચકીને તે
ખોળામાં લઈ લે છે.

ભગવદ્ ગીતાની જેમ વેદ-ઉપનિષદો તથા કુરાને શરીફનું અધ્યયન પણ વિનોબાજીએ ઊંડાણથી કર્યું. વિનોબાજીનું જીવન એ અસાધારણ બુદ્ધિપ્રતિભા તથા સાતત્યપૂર્ણ અધ્યયનશીલતાનું ઊજળું તથા પ્રેરણાદાયક ઉદાહરણ છે. વિનોબાજી કહે છે કે પચાસ વર્ષ સુધી તેમણે વેદોનું અધ્યયન કર્યું. ચાર-સાડા ચાર હજાર શ્લોકનો તો તેઓ મુખપાઠ કરી શકતા હતા. ગાંધીયુગના વિનોબાજી જેવા ઋષિતુલ્ય માનવીઓના જીવનનું જ્ઞાન તેમના આચરણ તથા કર્મોમાં જોઈ શકાતું હતું. વિનોબાજીએ અનેક સમયે આ વાત સ્પષ્ટ પણ કરી છે. તેઓ કહેતા કે પાણીમાં જેમ હાઈડ્રોજન તથા ઑક્સિજન હોય છે તેમ જ જીવનમાં પણ વિચાર (ચિંતન) તથા કાર્ય (action) બંનેનું સરખું જ મહત્ત્વ છે. સ્વાધ્યાયના અભાવે દૃષ્ટિ નિસ્તેજ તથા છીછરી બની રહે છે તેવી વિનોબાજીની વાત સાંપ્રતકાળે પણ કેટલી મહત્ત્વની તથા દિશાસૂચક લાગે છે ! આથી જ વિનોબાજી માટે આચાર્ય શબ્દ યથાસ્થાને છે.

સર્વોદયનો વિચાર વિનોબાજીના પ્રયત્નોથી ઝળાંહળાં થતો રહ્યો. જયપ્રકાશ નારાયણ તેમ જ મહાદેવ દેસાઈ જેવા નિષ્ઠાવાન લોકોએ તેને બળ પૂરું પાડ્યું. વિનોબાજી ગાંધી વિચારની એક હરતી-ફરતી મહાવિદ્યાલય જેવું જીવન વ્યતિત કરી ગયા. વિનોબાજી તેમના પ્રયાસોમાં કેટલા સફળ થયા તેનો નિર્ણય તો કાળદેવતા પર છોડીએ પરંતુ એમ જરૂર કહી શકાય કે બાબાના સમાજઘડતરના પ્રયાસો નિરર્થક ગયા નથી.

❖❖❖

# સત્કાર્ય તો સદાય મૌન જ હોય...

જૈન ધર્મના પ્રથમ તીર્થંકર ભગવાન ઋષભદેવ.

તેમનો પુત્ર ભરત.

ભારે પરાક્રમી સ્નેહ અને વીરતાપૂર્વક તેણે પૃથ્વી પરના છ ખંડો જીતીને ચક્રવર્તીનું પદ પ્રાપ્ત કર્યું હતું.

સત્તા અને સંપત્તિનો નશો શરાબના નશાથીયે વધુ ખતરનાક હોય છે. ચક્રવર્તી ભરતદેવના ભીતરમાં અહમ્ જાગ્યો. સમગ્ર ભરતખંડના વિજેતા બનવું એ કાંઈ નાના બાળકનો ખેલ ન કહેવાય.

ભરતે દિગ્વિજય કર્યો. અપાર સેના સાથે તે વૃષભાચલ પર્વત પાસે પહોંચ્યો. અનેક ઝરણાં અને લીલાંછમ ઘાસથી સમગ્ર પ્રદેશ રળિયામણો લાગતો હતો.

આસપાસમાં સ્ફટિકની અનેક શીલાઓ પથરાયેલી પડી હતી. સ્ફટિકની એ શીલાઓ પર અગાઉ થઈ ગયેલા મહાન ચક્રવર્તી રાજાઓએ પોતાનાં નામ કોતરાવ્યાં હતાં. ભરતદેવને પણ મનમાં ગર્વપ્રેરિત ઝંખના જાગી, પોતે પણ એ શીલાઓ ઉપર પોતાનું નામ કોતરાવી દે.



એણે એક પછી એક એમ બધી શીલાઓ જોઈ, પણ દરેક શીલાઓ ઉપર કોઈકને કોઈક ચક્રવર્તીનું નામ લખેલું જ હતું. ભરતદેવ મૂંઝાયા. હવે પોતાનું નામ કયાં લખવું ?

ત્યાં તો ભૂજબળથી તેમણે એક પથ્થર ઉપરથી અગાઉ લખાયેલું નામ ભૂંસી નાખ્યું. ને ત્યાં પોતાનું નામ લખી દીધું... પરંતુ બરાબર એ જ ક્ષણે ભરતદેવના અંતરમાંથી એક અવાજ પ્રગટ્યો :

રે, તું કેવો મૂરખ છે. તે સ્ફટિકની શીલા ઉપરથી બીજાનું નામ ભૂંસી નાખીને તારું પોતાનું નામ લખી દીધું, પરંતુ ભવિષ્યમાં બીજો કોઈ ચક્રવર્તી આવીને તારું નામ ભૂંસી નાખશે અને ત્યાં તે પોતાનું નામ લખશે...આ પથ્થર પર નામ કોતરવાથી અમરત્વ નથી પ્રાપ્ત થતું...

ને આ વિચાર સાથે જ ભરતદેવનો ગર્વ ગળી ગયો... એ જાણે તદ્દન ખાલી થઈ ગયા...શૂન્ય થઈ ગયા... ને એમના એ શૂન્ય મનમાં નવો શાશ્વત વિચાર પ્રગટ્યો.

અમરત્વ પામવા માટે માણસે આત્માની આરાધના કરવી જોઈએ...સ્વયંને ઓળખવો જોઈએ... સમર્પણભાવે જીવીને જગતમાં સત્કાર્યો કરવા જોઈએ...સત્કાર્ય રૂપે લખાયેલું નામ કાળના પ્રવાહ સામે ટકે છે.

ભરતદેવ માટે એ પળ આત્મજાગૃતિની બની ગઈ.

આપણે તો તુચ્છ કાર્યો કરીને આરસપહાણની તખ્તીઓ લગાવડાવીએ છીએ. અમરત્વ પામવાનો કેવો વામણો માર્ગ ! ધર્મશાળાઓ અને શાળાઓ જેવા જાહેર મકાનો ઉપર ઠેરઠેર જોવા મળતી દાતાઓના નામની તખ્તીઓનું આયુષ્ય કેટલું ?

તખ્તીની લાલસાએ કામ કરીએ તો પ્રભુને ન ગમે, ને એ સત્કાર્ય પણ ન કહેવાય. સત્કાર્ય તો સદાય મૌન જ હોય. ચાલો, મૌન સત્કાર્યનો મહિમા જીવનમાં ઉતારીએ.

**રોહિત શાહ**

# રુક્મિણી હિંમતલાલ દવે

**ડૉ. વિજય શાસ્ત્રી**



જાતજાતના લવારા કરનારા હિંમતલાલ આજ સૂનમૂન થઈને છતે ટીંગાતા બલ્બ તરફ જોતા પથારીમાં પડી રહ્યા હતા તેથી તેમની પત્ની રુક્મિણીને કંઈક અજુગતું થયું હોવાની શંકા ગઈ. પણ રુક્મિણી પાકી હતી. પતિની આદતો આટલાં વર્ષોમાં બરાબર પારખી ગઈ હતી. 'શું થયું ?' પૂછવા જશે તો વડચકું ભરશે એની તેને ખાતરી હતી. એની મેળે જ બધું વાજતુંગાજતું માંડવે આવશે એ સમજતી હતી. ફક્ત થોડી રાહ જ જોવાની હતી. કશું જ બોલ્યા વગર ચૂપચાપ પતિની શય્યામાં પડી રહેવાનું. મેદના ભારથી ફૂલી ગયેલા શરીરને ઝાઝા હલનચલન વગર મૂકી રાખવાનું, ઊંઘી જવાનું નહીં, પણ બહુ જ ઊંઘ આવે છે એવું નાટક કરવાનું, એટલે હિંમતલાલ ઊછળીને બોલે -

'મને વહેમ હતો જ.'

'.....'

'તમને છે કશું ?' ઘોર્યા કરો. છોકરી નાક કપાવીને આવશે ત્યારે સફાળાં જાગશો.'

'પણ છે શું ?' રુક્મિણીએ યોગ્ય ક્ષણે જ શબ્દસ્ફોટ કર્યો. આ 'છે શું ?' ના જવાબમાં હિંમતલાલે જે વિગતો આપી તે મુજબ : કૉલેજના પહેલા વરસમાં જ હજુ તો ભણતી (?) એમની દીકરી નંબર બે, સામે બારણે રહેતા મનોજ સાથે બાઈક પર બેસીને.... હિંમતલાલે આ પોતાની સગી આંખે જોયું હતું. મોટી દીકરી કોલેજના છેલ્લા વરસમાં હતી એને માટે ઠેકાણું ખોળવાનું હતું. તે પહેલાં જ નાની ઓવરટેઈક કરીને ગામ ગજાવે એમ ઝાલી રહેતી ન હતી. મોટી શાંત ને સૌમ્ય હતી. નાની જબરી હતી. તોફાની હતી. લેસન (નહોતી) કરતી ક્યારે ટી.વી. સામે ચોંટી રહેતી. જિન્સ-ટીશર્ટ જીદ કરીને ખરીદી લાવી હતી. હિંમતલાલની સાત પેઢીમાં આવું થયું નહોતું. શું થશે આવી આનું - એવી ચિંતા તેના ચેનચાળા જોતા રહેતા હિંમતલાલને અંદરખાનેથી કોરી રહેતી. છતાં લાડકી આ નાની જ હતી એટલે આકરાં વેણ એને કહેવાતાં નહીં. મનમાં ઊભરો આવી જતો ખરો, પણ છોકરીને કંઈ પણ કહેવા જતાં ઠંડાગાર થઈ જતા અને આજે તેની પરાકાષ્ઠા આવી ગઈ હતી. ટપોરીછાપ ઓલો મનોજિયો....

રુક્મિણી પણ આ બધા ભવાડાની વાત સાંભળીને પહેલાં તો ભડકી જ ગઈ. સાથે જ તેને પોતાનો કિસ્સો યાદ આવી ગયો. પોતે જોકે કૉલેજ કરી નહોતી. કૉલેજમાં જવાની ઈચ્છા બહુ જ હતી, કેમ કે સામે બારણે જ રહેતો રમેશ એનાથી એક વર્ષ આગળ હતો. કૉલેજમાં જતો હતો. પોતે હજુ ધોરણ બાર-માં હતી. નાની દીકરી પણ સામા બારણાવાળા છોકરાના પ્રેમમાં પડી હતી. અજબ યોગાનુયોગ હતો. નાની દીકરીમાં રુક્મિણીને રુક્મિણી દેખાતી હતી. ઘણુંઘણું મળતું આવતું હતું નાની દીકરી સાથે. નાક-નકશો પણ નાનીનો અદ્દલ પોતાના જેવો જ હતો. મારકણી આંખોમાં ભયંકર ભૂરકી હતી. નાનીનો કશો વાંક કઢાય એમ નહોતું. એને જે એક વાર અનાયાસે પણ જુએ તે ચમકી જાય ને પછી ધારીધારીને એકીટસે જોતો રહી જાય. નાની બરાબર પોતે ને પોતે બરાબર નાની-ના તાણાવાણા ક્યારનાય રુક્મિણીના મનમાં ગૂંથાવા લાગ્યા હતા. પણ બધું નિર્વિઘ્ને ચાલ્યું આવતું હતું ત્યાં જ –

આજે હિંમતલાલે નાનીના પરાક્રમનો ભડાકો કર્યો હતો. રુક્મિણીને પણ રમેશ જોડે નાનાકાકા જોઈ ગયા હતા. શેરીને છેડે, શિયાળાના આછા અંધકારમાં રમેશ જોડે ગુસપુસ કરતી જોઈ લીધી હતી એમણે. પછી એ વાત કાકીના કાને તરત જ પહોંચી હતી. કાકી પોતાના ભાઈ હિંમત જોડે ભત્રીજીનું ગોઠવવા ખૂબખૂબ લાંબા અરસાથી મનોયત્ન કરી રહ્યાં હતાં. ગજબની ભૂરકી ધરાવતી ઘરની છોકરી ઘરની બહાર જાય તે કબૂલ કરવા માગતાં નહોતાં. હિંમતને પણ રુક્મિણી ગમતી હતી. બહેનની ભત્રીજી હતી એટલે બધું હસ્તામલકવત્ લાગતું હતું. વારંવાર સાચાંખોટાં બહાનાં કાઢી મોટીબહેનને મળવા આવી પહોંચતો. રુક્મિણી ઘરમાં હોય તો જાતજાતનાં વેવલાં કાઢતો. નામ હિંમત હતું પમ રુક્મિણીની સામે ઊભા રહેતાં પરસેવો છૂટી જતો. રુક્મિણીને, તેને માટે થઈ રહેલી આ બધી અટપટી વેતરણનો ખ્યાલ નહોતો. તેને કૉલેજમાં જવું હતું. રમેશ કૉલેજની અવનવી મોહક વાતો કરતો. કૉલેજનું સ્વપ્નું રુક્મિણીને આખી ને આખી ગળી ગયું હતું. પણ ત્યાં જ નાનાકાકાએ તેને રમેશ જોડે પકડી પાડી હતી. કાકા કશું બોલ્યા નહોતા. કાકા તેને રમેશ જોડે જોઈ ગયા છે એવો વહેમ રુક્મિણીને હતો જ અને તે ઘેર આવ્યા બાદ કાકાની ખાઈ જતી મુખમુદ્રા પરથી દૃઢ બન્યો હતો. કાકા કશું કરતાં કશું બોલતા નહોતા, પૂછતા નહોતા. પણ તે માત્ર રુક્મિણી સાથે જ. કાકીને તો જરાય વિલમ્બ કર્યા વગર રમેશ-રુક્મિણી-શેરીનું નાકું-આછું અંધારું - રુક્મિણીના શરમાતા હાવભાવો (મારા વાલા અંધારામાંય કળી ગયા !) વગેરે જેટલું - જેટલું જોયેલું તે વત્તા બીજું કેટલુંક ન જોયેલું તે પોતાના તરફથી મૌલિક ઉમેરણ કરીને શ્રીમતીજીના કર્ણામૃત તરીકે રેડ્યું. શ્રીમતીજીએ તાબડતોબ ચક્રો ગતિમાન કર્યાં હતાં. રુક્મિણીને ટાઈમમાં ક્યારે આવે છે તે પૂછી લીધું ને લગ્નની કંકોતરીમાં હિંમત જોડે એક શુભ (?)

સવારે પોતાનું નામ લાલ રંગમાં છપાયેલું રુક્મિણીને વાંચવા મળ્યું ત્યારે તેને પહેલી વાર યાદ આવ્યું કે લાલ રંગ ભય-સૂચક પણ ગણાય છે.

કાકા - (કાકી) - એ જરાક પણ અણસાર આવવા દીધા વગર ચૂપચાપ આબાદ પોતાને સકંજામાં સપડાવી દીધી હતી. હિંમત ધોરણ બાર પાસ કરીને સરકારી નોકરીમાં ઘૂસી ગયો હતો. કૉલેજબૉલેજના તેને કશા અભરખા નહોતા. 'આઈ ડૉન્ટ લાઈક બાઈક' એવું અંગ્રેજીમાં ફેંકતો. બાઈક કરતાં ચાલી નાખવું શું ખોટું ? પાચનમાં ઠીક રહે. તેના બાપા માસ્તર હતા. તેના દાદા પણ માસ્તર હતા. માસ્તરવેડા ઘરના પ્રત્યેક કણમાં વ્યાપેલા હતા. ખાવાનું પણ 'શુદ્ધ' ને 'સાત્ત્વિક' રહેતું. તીખી ચટણીવાળી પકોડીપૂરીનો સ્વાદ રુક્મિણીને રમેશે ચખાડ્યો હતો. પોતાની આંગળીએથી ચટણી રુક્મિણીને ચખાડી હતી. રુક્મિણી, બીતાં-બીતાં, ઝડપથી રમેશની આંગળી પરની તીખી ચટણી ચાટી ગઈ હતી. અદ્‌ભુત સ્વાદ આવ્યો હતો. એમાં ચટણીનો કે રમેશની આંગળીનો તેની ગડમથલમાંથી રુક્મિણી બહાર આવે તે પૂર્વે તો -

- મંગળવાજાં વાગી ગયાં હતાં અને રુક્મિણીના નામ પાછળ હિંમતલાલ દવેનું નામ લાગી ગયું હતું. રમેશ સામે બારણે જ હતો છતાં જોજનોનાં જોજનો દૂર પડી ગયો હતો. બધું ધીમેધીમે થાળે પડી ગયું હોવાનું રુક્મિણી અનુભવતી હતી ત્યાં જ શ્રીમાન હિંમતલાલે નાની-ને-મનોજ-ની કથાનું મંડાણ કર્યું હતું તે સાથે જ બધું ગોઠવેલું કડડભૂસ થઈને તૂટી પડ્યું હતું જાણે. રમેશવાળી આખી વાત ભયંકર ફુંફાડો મારી પાછી ફુત્કાર કરી ઊઠી હતી.

'નાનીને તારા ભાઈને ત્યાં જ મોકલી દેવી પડશે' - હિંમતલાલ દવેએ ફેંસલો ફરમાવ્યો. 'કાં'ક કૂંડાળામાં પગ પડ્યો તો મોટીનું કહી ગોઠવાશે નહીં. હિંમતલાલની વાત ખોટી નહોતી છતાં રુક્મિણીથી એકદમ 'હા' પડાઈ નહીં તેને પોતાના કિસ્સાનું પુનરાવર્તન નાનીના કિસ્સામાં થવાના ભણકાર અને અણસાર સંભળાયા તે મૂંગી રહી તેને સંમતિ માની એક સવારે બૅગબિસ્તરા સાથે હિંમતલાલ તેને મામાને ત્યાં ભણવા મૂકી જ આવ્યા.

નાનીના મામા શિક્ષક હતા. શ્રેષ્ઠ શિક્ષકનો ઍવોર્ડ સુધ્ધાં ગમે તેમ કરીને એક વાર મેળવી લાવ્યા હતા. શિસ્તનું તેમને ગજબનું વળગણ હતું. શ્વાસ પણ ગણીને લેતા. મીઠાઈ-ફરસાણ ખાતા નહીં, ચાખતા પણ નહીં, ઘરમાં લાવવા દેતા નહીં. પૂરા ગાંધીવાદી હતા. સમાજ તેમને માન આપતો તે આ ગાંધીવાદીપણાને લીધે તે તેઓ સમજતા હતા. માનસન્માન-ઈનામ-અકરામનો વિરોધ કરતા, છતાં 'મિત્રોના આગ્રહને વશ' થઈ ૬૦ વર્ષની ઉજવણી થવા દીધી હતી. તેમને કોઈ સંતાન ભગવાને આપ્યું નહોતું. 'આ બધાં મારાં સંતાનો જ છે ને ?' એમ વિદ્યાર્થીઓ માટે કહેતા. મામીનું આખું જીવન આ બોચિયા, વેદિયા અને અંદરથી લુચ્ચા, મહાદંભી પુરુષ ( ?)ની જોડે ઘસડાતું વીત્યું હતું. ઠેરઠેર ઉઝરડા પડી ગયા હતા, પણ સહનશીલતાની મૂર્તિ એ આર્યનારીએ પતિનો પડછાયો ત્યજ્યો નહોતો. ભાણી રસિક હતી.ખાવાપીવાના ચટાકા ભારે હતા. બહાર મામી-ભાણી નીકળતાં ત્યારે ભેળપૂરીથી માંડીને પિઝા-બર્ગર સુધીનો સ્વાદ માણી આવતાં. ભાણીના સહવાસથી મામીના સુક્કાભઠ્ઠ થડ જેવા જીવનમાં જાણે એક નવી કૂંપળ ફૂટી નીકળી હતી. આમ, મામી-ભાણીનું સંવનન સરસ ચાલતું હતું. મામા કોઈ ગાંધીમેળામાં ભાગ લેવા બેત્રણ દિવસ બહારગામ જાય ત્યારે મામી-ભાણી વળગીને સૂઈ જતાં... મામા ટ્યુશન કરતા પણ એકે પૈસો કોઈની પાસે લેતા નહીં.

....

આ બાજુ હવે હિંમતલાલ દવે મોટી માટે મુરતિયો ખોળવામાં પડ્યા. મોટીની 'હા-ના'નો તો પ્રશ્ન જ નહોતો. છોકરાને મોટી ગમે ને હા આવે એટલે હથેવાળો કરી દેવાનો. કંઈ આડુંતેડું થવાનો પણ ભય નહોતો. ગરીબ ગાય જેવી મોટી દીકરી દોરે ત્યાં જાય એવી હતી. એક વાર એનું ગોઠવાઈ જાય પછી દુનિયા જખ મારે છે. આખરે એક મુરતિયો તૈયાર થયો. જોકે એની ઈચ્છા નાની માટે હતી. નટખટ અને ઊછળતા ઝરણા જેવી ચંચળ નાનીમાં એનો જીવ પરોવાયો હતો. પણ 'અમારે તો મોટીનું જ વિચારવાનું છે' કહી હિંમતલાલ નાનીની વાત થવા જ નહોતા દેતા. ઊલટું નાનીની વાત સાંભળી મનોમન ભડકતા કે કાં'ક આમાં ને આમાં નાનીનું ગોઠવાઈ જશે તો મોટી ચોક્કસ રહી જ જશે. નાનીનું જો પહેલું થયું તો મોટી કુંવારી જ રહી જાય એવો એક ખોટો ભય તેમના મગજમાં ઘૂસી ગયો હતો. એટલે મોટીને જ ઠેકાણે પાડવા તેઓ ઘાંઘા અને ઉતાવળા થયા હતા.

છેવટે બૅન્કમાં કામ કરતો એક છોકરો જડી આવ્યો. કુટુંબ સારું હતું. છોકરા વિશે પણ છાની તપાસમાં સારો રિપોર્ટ આવ્યો હતો. અધૂરામાં પૂરું લેવડદેવડમાં માનતા નહોતા એ લોકો એટલે ઝાઝું ખરચ પણ નહોતું. હિંમતલાલને હવે નસીબ પાધરું થતું લાગ્યું. નાની મામાને ત્યાં સૅટ થઈ ગઈ હતી. પોતે તેને તેના મામાને ત્યાં મોકલવાનો નિર્ણય લીધો તે કેવો યોગ્ય હતો તે વાત રુક્મિણી આગળ ગર્વપૂર્વક કરતાં થાકતા નહોતા. 'અહીં જ રાખી હોત તો પેલા મનોજિયા જોડે નામ બગાડત.' રંગેચંગે મોટીની જાન વળાવી ત્યારે નાની આવેલી. હિંમતલાલ લગનનાં ઢગલો કામોમાં પણ છૂપી વૉચ રાખી, ઓલા મનોજિયા જોડે નાની કાં'ક સટરપટર તો કરતી નથી ને - તેનું બરાબર ધ્યાન રાખતા હતા. પણ ના, નાની ડાહીડમરી બનીને રહેતી હતી. એક આખું અઠવાડિયું રહી છતાં કશું આડુંઅવળું નહીં. હિંમતલાલને પૂરો સંતોષ થયો. માંડવો છૂટી ગયો. નાની પાછી મામાને ત્યાં ઊપડી ગઈ. રુક્મિણીએ દીકરીને બોલાવીને જાણવા પ્રયત્ન કરેલો કે મામાને ત્યાં સાચેસાચ ફાવે છે કે કેમ. નાનીએ હા-હું કહી મોઘમ-મોઘમ જવાબ આપેલા. અહીં સગાં માબાપ પાસે રહેવાની તૈયારી ઝાઝી બતાવી નહીં એ જોઈ શકેલી રુક્મિણી.

હવે નાનીનો વારો હતો. રુક્મિણીને થયું કે આ શોખીન જીવડા માટે જો કોઈ માસ્તર શોધી કાઢશે તો મારી જેમ જીવતર એળે જ

જશે. ફરી મુરતિયાના બાયોડેટા આવવા માંડ્યા. આ વખતે હિંમતલાલે હા-ના પાડવાની હતી, એટલે કે છોકરીવાળાનો હાથ ઉપર હતો કેમ કે છોકરી સ્માર્ટ હતી. ગોટપીટ અંગ્રેજી બોલી શકતી હતી. ડેન્સિંગ, કૂકિંગ વગેરે તમામ 'ઇંગ'માં પાવરધી હતી. હા-ના એણે કહેવાની હતી. છોકરાવાળાએ ફક્ત અરજી કરવાની હતી. ફોરેન જઈ શકે તેવી તમામ લાયકાત નાનીએ કેળવી લીધી હતી. હિંમતલાલ દવે રંગમાં આવી ગયા હતા. બેપાંચ ટિનપાટિયા મુરતિયાઓને તો તેમણે આઉટરાઈટ રિજેક્ટ કરી દીધા હતા. એમનો ડોળો નવનીતલાલના સુમંત પર હતો. અમેરિકા ભણવા ગયો હતો. પછી ત્યાં જ સૅટલ થયો હતો. એની સાથે મેળ પડી જાય તો 'બેપાંચ વરસમાં જ આપણેય ત્યાં જવાનું થાય' - રુક્મિણી આગળ તેઓ કહેતા. 'કેમ ?' રુક્મિણી પૂછતી. 'કેમ શું ? છોકરાંછૈયાં થાય ત્યારે ત્યાં દીકરીની મા જોઈએ કે નહીં ?' કહી ખડખડ હસતા. રુક્મિણીને પણ વિમાનમાં બેસી અમેરિકા જવાવાળી વાત એકાએક વીજળીનો ઝબકારો થાય ને અંધારામાં ડૂબેલાં ઝાડવાં દેખાઈ આવે તેમ દેખાઈ આવી. તેમનાં પડોશી ભદ્રાબહેન બે વાર અમેરિકા, દીકરીના દીકરાઓની દેખભાળ માટે જઈ આવેલાં ને ત્યાંની વાતો બડાઈપૂર્વક કહેતાં તે રુક્મિણી ઓશિયાળી થઈ સાંભળતી. હવે પોતે આવી વાત કરશે ને ભદ્રાબહેન સાંભળશે.

નવનીતલાલનો સુમંત સપ્ટેમ્બરના ત્રીજા વીકમાં આવવાનો હતો તે વાત હિંમતલાલે નાનીને વત્તા મામાને જણાવી દીધી. 'એ વખતે આવવું પડશે' કહી નોટિસ પણ આપી દીધી. 'તારે પરીક્ષાબરીક્ષાનુ લફરું (!) તો નથી ને ?' એમ પણ કાગળમાં પુછાવી લીધું. ચોખવટથી કાગળનો જવાબ લખવા નાનીને તાકીદ કરી. પરબીડિયું થૂંકથી ચોંટાડી પોસ્ટ કર્યું. હીંચકે જઈ બેઠા. પોતે કેવો સારો પ્લાન કર્યો તેની વાત એક હજારમી વાર, બાજુમાં આવીને બેઠેલી રુક્મિણી સાથે શરૂ કરી કે 'મને એના ઓલા મનોજિયા સાથેના ચેનચાળા કેવા શરૂમાં જ સમજાઈ ગયા! (હું કેવો મહાન!) મેં કેવી એને તારા ભાઈને ત્યાં મોકલી દીધી! (હું કેવો મહાન!) આજે અહીં જ રાખી હોત તો કાં'ક આડુંઅવળું થઈ જાત ને આપણું નાક કપાવત. (હું કેવો મહાન!) હવે તો સપ્ટેમ્બરમાં સુમંતલાલ (જમાઈ થયા પહેલાં જ 'લાલ' લગાવી દેવાયું.) આવે એટલી વાર. છોકરી વિમાનમાં સરરરર ઊડી જશે. પછીના વરસે તુંય તૈયારી રાખજે - વિમાનમાં સરરરર....' કહીને હિંમતલાલે રુસ્મિણીની ભરાવદાર સાથળ પર ધબ્બો માર્યો ને છોગામાં જોરથી ચૂંટી પણ ખણી દીધી. રુક્મિણી ખોટું-ખોટુ ખિજાઈ. એને આ ક્ષણે હિંમતલાલને બદલે રમેશ અનુભવાયો હતો.

નાનીના કાગળની રાહ જોતા હિંમતલાલ છેલ્લા ચાર દિવસથી નિરાશ થતા હતા. ફોન જોડવાનું વિચારતા હતા. ત્યાં જ ટપાલીએ કવર આપ્યું. અક્ષર મામાના હતા. લખ્યું હતું –

ચિ. રુક્મિણી તથા હિંમતલાલ,

લખતાં પેન ઊપડતી નથી પણ લખ્યા વિના છૂટકો નથી. ચિ. નાનીએ મારે ત્યાં ટ્યુશને આવતા રમેશ નામના છોકરા જોડે ભાગીને-'

આગળ ઘણું લખેલું હતું. રુક્મિણીએ છોકરાનું નામ વાંચ્યું - ફરીથી. 'રમેશ'! શો ગજબ! નાની, રુક્મિણી બની રહેવામાંથી ભાગી છૂટી હતી. તેની આંખમાં હરખનાં આંસુ ઊમટ્યાં. હિંમતલાલને એ શોકનાં લાગ્યાં!

❖❖❖

## ધનના ભિખારી અને મનના ભિખારી



વર્ષો પહેલાં માતાના મુખે હું એક વાક્ય સાંભળતો : 'ભાઈ, ધનના ભિખારી થવું સારું - કદી મનના ભિખારી ના થવું.' ત્યારે તો એ વાત બરાબર સમજાઈ નહોતી પણ આજે સમજાય છે કે ધનના ભિખારી પાસે ગમે ત્યારે ધન આવી શકે છે. મનના ભિખારી પાસે ધન આવે તોપણ તે તેના કે બીજા કોઈના કશા કામમાં આવતું નથી! વળી, માત્ર ધનનો ભિખારી જિંદગીને માણવા-સમજવાની બાબતમાં દરિદ્ર હોતો નથી. મનથી એ અમીર હોય એટલે ધન વિનાનો હોય તોપણ તેને દરિદ્રતાની લાગણી સ્પર્શતી નથી, પણ જે મનથી ભિખારી છે તેની પાસે ગમે તેટલું ધન આવે તોપણ તેની 'દરિદ્રતા' કદી દૂર થતી નથી.

જેની પાસે અંતરની અમીરાત છે તે માણસ જિંદગીની ગમે તેટલી ઊથલપાથલો પછી પણ કદી 'દરિદ્ર' બનતો નથી, પણ જે મનથી જ દરિદ્ર છે તે ગમે તેટલી લક્ષ્મી મળ્યા પછી પણ ખરેખર અમીર બની શકતો નથી! એવું બને કે તે ધનને પોતાની જાત પાછળ કે કોઈક વ્યસન પાછળ વાપરે-વેડફે. પણ તે કોઈને કશું આપી શકતો નથી અને પરિણામે તે અંતરથી કશું પામતો પણ નથી.

સુખ-સંતોષના જીવન માટેની સાચી સજ્જતા એ છે કે, લક્ષ્મીને તેના અનેક રૂપો-સ્વરૂપોમાં પિછાનવી અને માત્ર તેને કીમતી ધાતુના કલેવરમાં જ નહીં જોવી. આરોગ્ય પણ મોટી લક્ષ્મી છે. કરોડો રૂપિયાનો માલિક પોતાના દેહની અસાધ્ય વ્યાધિઓમાં ઘેરાય છે ત્યારે આ હકીકતનું તથ્ય તે સમજે છે. સારી પત્ની મોટી લક્ષ્મી છે ને તે ટાંચા સાધનો વચ્ચે સાચી ગૃહસ્થીનું બધું જ સુખ આપી શકે છે. સારાં સંતાનો પણ લક્ષ્મી છે. સાત પેઢીની નિર્ધનતાને તે દૂર કરી દે તેવું બની શકે. ઈશ્વરભક્તિ એ પણ લક્ષ્મી છે. નરસિંહ મહેતા જેવા કાંઈક ભક્તોને તેણે 'માલદાર' બનાવ્યા. માણસ માટેનો અનર્ગળ પ્રેમ એ પણ લક્ષ્મી છે. અનેક માનવીઓ માત્ર આ જ મૂડીના જોરે સંસારમાં અમર બની ગયા. રાજાઓના નામ શોધવા ઈતિહાસનાં પાનાં ફેરવવા પડે છે, પણ માણસની ભલાઇ માટે જીવન સમર્પિત કરનારા સંતો-તપસ્વીઓ અને વૈજ્ઞાનિકોનાં ચરિત્ર લોકસ્મૃતિના કોડિયે પ્રકાશતાં જ રહે છે.

ભૂપત વડોદરિયા

# પથરો

**લતા હિરાણી**



સુમી ફળિયામાં વાસણ ઊટકતી હતી. તડકામાં એની ગોરી ચામડી પર રતાશ પથરાઈ ગઈ હતી. જાણીજોઈને એણે સાડલાને પીઠ પરથી ખસી જવા દીધો હતો. સુરેશ એને જોઈ રહ્યો, એને બાથમાં લેવાનું મન થયું. ઓહ...ઓસરીમાં ખાટ પર બેઠેલાં બા...

સુમીવહુની દિનચર્યા અને સુરેશની બોલચર્યા બા જ નક્કી કરતાં. એમને એક જ કામ, ઓસરીમાં ખાટ પર બેઠાં બેઠાં બધી હિલચાલ પર નજર રાખવી ને પરિસ્થિતિની લંબાઈ-પહોળાઈ નક્કી કરી વેતર્યા રાખવી. કેટલા વખતથી ભગવાનનું દેરુંય ઓરડામાંથી ફેરવવાનો વેંત કરતાં હતાં પણ આ પાણિયારું ને હીંચકાખાટ નડતાં હતાં. ખાટ વગર બાને જાણે ઘડીયે ન ચાલે. સુરેશને કાને બાનો સાદ પડ્યો.

''હા, બા...''

''ત્યાં શું ઊભો છો ? જા ઝટ મારાં ચશ્માં સમાં કરાવવા દીધાં છે, આજે દેવાનાં છે. લેતો આવ.''

''હા, બા'' જીભ પર કાયમ માટે સ્થિર થયેલા શબ્દો બહાર આવ્યા.

સુમી પરણીને આવી ને રાત પડે બેય મળતાં ત્યારે એને તુંકારા પર આવતાં દિવસો લાગ્યા હતા. સુરેશને એ બહુ વહાલી લાગતી પણ એની સાથે કેમ વર્તવું એમાં એ મૂંઝાયા કરતો. આજ સુધી સ્ત્રીના નામે એની આંખ સામે હતાં બા. એને અડોશપડોશમાં જવાનો મોકો ન આવે એનું ધ્યાન બા રાખતા. સુરેશે ભણવાનું અને બા કહે એમ કરવાનું. બાપુજીય એમાં અપવાદ નહોતા. ઘરની આ જ શિસ્ત. દીકરાના લગ્નના થોડાક દિવસ પછી બાએ એને હાથમાં લીધો.

''પેટે પાટા બાંધીને તને ઉછેર્યો છે, દીકરા ! હું તારી સગી જનેતા ને આ તો પારકી છોકરી કે'વાય ! ગગા, મારી વાત ગાંઠ બાંધીને સાંભળી લે, નકર પસ્તાવાનો વારો આવશે. આ કાલ હવારની છોકરીના વેણથી ભરમાઈશ નહીં. આજકાલની છોકરીને નખરાં બહુ આવડે. જરા કડપ રાખવાનો, શું સમજ્યો ! ''

''હા બા !'' - સુરેશ સમજી ગયો.

રાત પડે ઓરડામાં જતાં પહેલાં એ કડપ પહેરવા પ્રયત્ન કરતો ને સુમીનો ચહેરો જોઈને કૂણો પડી જતો. બિચારી ભોળીભટાક છે, કેવી મીઠી વાતો કરે છે ! સુમીની પારેવા જેવી આંખોમાં એ પાંખો ફફડાવ્યા કરતો ને સવારે બાના અવાજ સાથે નીચે પટકાતો. બા કહે એ સાચું જ હોય. પાંખોડિયો વિચાર ત્યાં અટકી જતો ને ભાંખોડિયાં ભરવા માંડતો તાજા બનેલો પતિનો કડપ !

બાને કહેલો ''જેશી કૃષ્ણ ''વાળો અવાજ બદલાઈ જતો ને એ ઊંચા અવાજે સાદ પાડતો,

''સુમી, બાની ચા બનાવી કે નહીં ! આટલી વાર કેમ લાગે છે !'' એને જરી હાશ થતી. વાતે વાતે બાની આજ્ઞા માથે ચડાવવાના અજાણ્યા થાકનુંય આ હાથવગું ઓસડ હતું.

સુમી વિમાસણમાં રહેતી, - રાત પડે સાંપડે છે એ પતિ સાચો કે આ ધોળા દિ'નો ? દિ' ઊગતાં જ આ સમૂળગા બદલાઈ કેમ જાય છે ? બાની સામે કપરકાબી પછાડવાનું એને મન થતું. એ એવું કરી શકતી નહીં. એ ભગવાનનો પાડ માનતી હાશ, આ છોટુ તો છે ! સુમી પરણીને આવી ત્યારનો એને પાડોશમાં રહેતા છોટુનો સંગાથ. બપોર ઢળતાં જ એ છોટુની વાટ જોઈ રહેતી. નિશાળેથી એ સીધો દફ્તર સાથે ભાભી પાસે પહોંચી જતો.

''ભાભી, પે'લાં મને સુખડી દ્યો.''

સુમીએ ઓસરીમાં ખાટ તરફ નજર નાખી હતી. બાએ સાંભળ્યું હતું પણ એ એમ જ હાથમાં માળા લઈને બેસી રહ્યાં. માળા કરતાં એ બોલતાં નહીં, એવું નહોતું. માળા હાથમાં રાખીને સુરેશને મોટું ભાષણ આપતાં, સુમીને ધમકાવી લેતાં અને બાપુજીનીયે ખબર લઈ નાખતાં. છોટુએ બાની સામે જોયું પણ નહીં. ખાટ પાસે જઈ બા હાથ લંબાવે એ પહેલાં ડબ્બો ખોલી, ફટાક કરતા બે દડબા ઉપાડી લીધા.

બાનું મોઢું બગડ્યું, - ''માપ રાખ.''

''બા, બે જ લીધા છે.'' કહેતો ભાભી પાસે ભાગી ગયો.

રોજ આવું કાંઈક થયા કરતું ને સુમીની નજરમાં છોટુ હીરો બની રહેતો. ઠરવાનું ઠેકાણું એ જ. છ મહિનામાં તો સુમી ને છોટુની દોસ્તી પાક્કી થઈ ગઈ હતી. ગરમ ગરમ રોટલી, રોટલા ઊતરતા ને મા-દીકરો જમવા બેસી જતાં.. બાપુજી આવે ત્યારે જમે. એના રોટલા ઉપરેય બા જ ઘી ચોપડી દેતાં. ઘીની ટોયલી ને ડબો બધું તાળાબંધ કોઠારમાં રહેતું. ''કાલ હવારની છોકરી, એને શું ખબર પડે !''

છોટુને નવાઈ લાગતી, ભાભી પેટથી જ કેમ જાડા થવા માંડ્યાં ! સુમી કાઠીએ દૂબલી ને પાછી ખાવાપીવામાં બાની કડકાઈથી એની તબિયત ખાડે જવા માંડી. રાતે એ સુરેશ પાસે રાવ કરતી.

''અતારે મારે બે જીવનું ભારણ તોય બા ધરાઈને ધાન ખાવા નથ દેતાં !''

સુરેશ એને હળવેથી પંપાળતો, ''બસ, એક વાર છોકરું આવી જવા દે, જોજે, બાને વહાલ આવશે ને એટલે બધું બદલાઈ જશે. હમણાં બા કહે એમ કર.''

ધીમે ધીમે ફરિયાદ, રાવ સઘળું શાંત થઈ

ગયું. સુમી ચૂપ થઈ ગઈ. એ રાતવાળા સુરેશ પાસે થોડું જીવી લેતી. દિવસમાં મૂંગીમંતર. બા કાંઈ પણ કહે, જવાબ આપવો જ નહીં. માથાકૂટ તો ટળે. એનો સાર એ આવ્યો, બાના શબ્દોમાં ''પથરા જેવી છે. સાવ નીંભર!''

સુમીને દીકરી જન્મી. ''હે ભગવાન, આણે તો પથરો જણ્યો!'' હવે જુદી મોંકાણ ઊપડી! સુમીને બાળક ખાતર પણ થોડુંક બોલવું પડતું.

''બા, રોટલા પર છાંટો ઘી નાખી દ્યો ને! આ ભૂખી છોકરી નકરું ચૂસ્યા જ કરે છે તે...''

''હા, હવે રાણીબાને ધાવણ ખૂટે છે! ઘીના ભાવ સાંભળ્યા છે બાપ જન્મારે!''

''જરી તો દયા-માયા રાખ હવે. આ છોકરું નિહાકા નાખે,'' બાપુજી ક્યારેક ભલે વાંઝિયુંયે, બોલી નાખતા.

''તમતમારે જઈને નારણની દુકાને બેહો. બૈરાંની વાતમાં ડફાકા નો મારો.''

સુરેશને સાંઠીકડા જેવી દીકરીની ખાસ માયા નહોતી થઈ. એને પણ દીકરાની આશા હતી. એ નાનકડો કુમળો લોચો એનેય પાણો લાગવા માંડ્યો હતો.

સુમીના પિયરમાં માતાજીની આડી હતી, દીકરીને સુવાવડ માટે ન તેડાય.

''પિયરિયાં છૂટી પડ્યાં છે. દીકરી દઈ દીધી તે જાણે પાછું વળીને જોતાં જ નથી.'' બા બોલ્યાં.

''બા, માતાજી આડાં ન ઊભાં હોત તો મારા બાપુજી તેડી જ જાત. બસ સવા મહિને નાહી લઉં એટલે મારી બા મને એક દિ'ય અહીં નૈ રેવા દ્યે.'' – પથરો થઈ ગયેલી સુમીની આંખમાંથી ધાર ચાલી.

''જોયા જોયા હવે મોટા માતાજીવાળા. લવરી બંધ કર!''

સુરેશને માઠું તો લાગ્યું, પણ બા...

છોટુને બહુ ઇંતેજારી હતી કે ભાભીની ઢીંગલી મોટી થાય એટલે એને રમાડવા લઈ જવાય. નાનકડી બબુડી હાથપગ હલાવે ત્યારે એને આનંદ અને આશ્ચર્યથી જોઈ રહેનાર સુમી સિવાય આ એક જ હતો.

છોકરીને ઝાડા થઈ ગયા'તા. સુમી રોતાં રોતાં બાને સંભળાય એમ સુરેશને આજીજી કરતી હતી.

'હવે ઘરના ઓસડિયાથી ફેર નહીં પડે. મારી છોકરીને દાક્તર પાસે લઈ જાવ. એનું પેટ છૂટી પડ્યું છે.'

છોકરીના દેહમાં આમેય કાંઈ હતું નહીં. આ બીમારીના કારણે હાથપગ દોરડી જેવા થઈ ગયા હતા. ચાર દિવસથી એનો ઝાડો બંધ નહોતો થાતો તોય બા, દેશી ઉપચાર જ સારા એ વાતે ટસનાં મસ નહોતાં થતાં. એની ચામડી હવે લટકવા માંડી'તી પણ વાટણ ને ચટામણ ચાલતાં રહ્યાં ને એ નાનકડા બાળે પાંચમા દિવસે માના ખોળે છેલ્લા શ્વાસ લઈ લીધા. બાએ કહી દીધું - 'હશે, જેવી લેણાદેણી.'

વાતે વાતે રોઈ પડતી સુમીની આંખ કાચની થઈ ગઈ'તી કે શું? સુરેશ ગભરાયો. અડોશીપડોશી છાનાં ગુસપુસ કરતાં આવ્યાં. સુમીને છેલ્લી વાર દીકરીનું મોઢું બતાવ્યું પણ એ તો જાણે પથ્થરની મૂરત! ચોવીસ દિવસના લોચાપોચાને કપડામાં વીંટી દાટી આવ્યા. આવીને સુરેશ નાહ્યો ને ફળિયામાં બેઠો.

સુમીએ જેવો સુરેશને જોયો ને મોટા અવાજે પોક મૂકી, છાતી ફૂટતી જાય ને રોતી જાય. શેરી આખી ધ્રુસકે ચડી ગઈ. સુમીનું કલ્પાંત પેટની જણીના મોત જેટલું જ આ નિર્દયી લોકો માટે હતું.

'અરે, કેવા કઠણ કાળજાનાં આ મા-દીકરો! પોતાનું લોહી, પોતાનું બીજ ને કાંઈ દયા-માયા નહીં.....'

સુરેશને સમજાયું નહીં કે હજી છોકરીને લઈને નીકળ્યા ત્યાં સુધી તો સુમીની આંખ કોડા જેવી હતી, હવે રહી રહીને એને શું થયું! પણ સુમીનો વલોપાત એની અંદર કંઈક ઓગાળી નાખતો હોય એવું લાગ્યું. શેરી આખી ટોળે વળી ગઈ.

''છાની રે બેટા! એ તો જેમ ઉપરવાળાએ લખ્યું હોય એમ થાય. આપણું થોડું હાલે છે? ભાયગમાં હશે તો કાલ હવારે બીજું છોકરું આવશે.'' સુમીના કાનમાં બાનો ડાયલૉગ અથડાયો. સુરેશને બાની સમજણ માટે માન થયું. બા ભલે કડક હોય પણ એનેય માયા તો છે હોં!

બાપુજી શહેરમાં શાંતિકાકાની ખબર કાઢવા ગયા'તા. પછી ચાર-પાંચ દિ' રોકાઈ ગયા અને એમાં આ બધું બની ગયું. બાપુજી આવ્યા ને જાણ્યું. એ બા સાથે કંઈ ન બોલ્યા. બહુ દુખી અવાજે એમણે સુરેશને કહ્યું, ''હવે મા'ણા થા તો હારું.''

સુરેશે સુમીને મનાવવા બહુ પ્રયત્ન કર્યા. એનો અફસોસ પણ છાનો રહેતો નહોતો. પોતે ફરીને આવું થવા નહીં દે, બીજું બાળક આવશે ત્યારે એ બરાબર ધ્યાન રાખશે.... પણ એવી કોઈ હૈયાધારણથી સુમીને કળ વળે એમ નહોતી.

સુમીનાં બા-બાપુજી આવીને સુમીને તેડી ગયાં. બાએ વાયદો કર્યો કે સુમીને પંદર દિ'માં પાછી મોકલી દેવી. ઘરમાં કોઈ કામ કરનારું છે નહીં. બાથી તો હવે કામ થાય નહીં ને વળી છોકરું રહ્યું નહીં, નહીંતર જુદી વાત હતી.

પંદર દિ' થયા ને સંદેશો આવ્યો : સુમીની તબિયત સારી નથી, હમણાં નહીં આવે. મહિનો થયો, બે મહિના થયા, સુમીના આવવાના કોઈ અણસારા નહોતા. બાથી કામ નહોતું થતું. સુમી વગર સહુને ફાંફાં પડી ગયાં'તાં. વેવાઈને બે-ત્રણ વાર કહેવડાવ્યું પણ જવાબ ગોળ ગોળ મળ્યા કરતો.

સુરેશે પોતાના દોસ્તની બહેન, જેને સુમીના ગામમાં પરણાવી હતી એની સાથે ચિઠ્ઠી મોકલી,

''તારા વગર મારા હાલ બૂરા છે. એક વાર તું આવી જા. હવે તને કોઈ દુઃખ પડવા નહીં દઉં....'' કોઈ જવાબ નહીં.

♦

સવારના અગિયાર વાગ્યા હતા. ઓસરી તપી ગઈ'તી. લીમડાના ઝાડનો છાંયો આજે તાપને રોકતો નહોતો. 'રામ રામ રા મ રા મરા મરા..'ની માળા જપતાં બા ખાટે બેસી રહ્યાં. બાનો માળા ફેરવતો હાથ ધ્રૂજતો'તો કે

હોઠમાંથી ફફડતા શબ્દો ! આમેય માળા કરતાં કરતાં મનમાં રોજ કેટલીયે ગોઠવણ ચાલતી હોય. આજે એમાં ફડકો ઉમેરાયો હતો. તાપ લાગતો'તો પણ અંદર જવાની પગમાં તાકાત નહોતી વરતાતી.

''મારે શું છે ? આ રહી તમારી છોકરી ! પૂછી લ્યો ને ! શેનું દુખ છે ? અમે ખાવા નથી દેતા ? ઓઢવા-પહેરવા નથી દેતા ? ને આ મારો દીકરો ! છે એનામાં કોઈ એબ ? ઘરમાં ગણીને ચાર મા'ણા ! નથી કોઈ આગળ કે નથી પાછળ. ચાર મા'ણાનું કામેય શું હોય ! હજી અંગૂઠા જેવડી છે તે ક્યારેક વઢવુંયે પડે ! વાંક હશે ત્યારે કહેતા હઈશું ને...'' માળા ફેરવતાં ફેરવતાં બાના હોઠ ફફડતા હતા.

''બોલો બોલો હજી.. બાકી રહ્યું હોય તો..'' બાપુજી ખાટ પાસેથી પસાર થતાં અકળાઈને બોલ્યા.

બાના હાથમાંથી માળાનો જરા ઘા જેવું થઈ ગયું. ગોઠણે હાથ ટેકવી ઊંહકારા કરતાં ઊભાં થયાં. માળા લઈને ઠેકાણે મૂકી. આડે દિવસે આવું થયું હોત તો પછી એક કલાક સુધી બાની વાણી અસ્ખલિત ચાલ્યા કરે પણ આજે બા મૂંગાંમંતર થઈ ગયાં. બાપુજી બોલતાં તો બોલી ગયા પણ પછી એમને પસ્તાવોય થયો. ભલે કબૂલ ન કરે પણ એનેય મનમાં ફડકો તો છે જ.

પતિની વાતનો જવાબ વાળ્યા વગર બાએ વ્યવસ્થા શરૂ કરી દીધી,

''છોટુને કે'જો નિહાળેથી સીધો એના ઘરે વયો જાય. ભાભી ભાભી કરતો હાલ્યો નો આવે !''

હજી તો બાનું વાક્ય પૂરું થાય ત્યાં તો છોટું દફ્તર ઉલાળતો ઠેકડા મારતો આવી પહોંચ્યો.

''મારી બા કે'તાં 'તાં કે આજે ભાભી આવવાનાં છે.''

''તું જા તારે ઘેર. ભાભી આવશે એટલે તને બોલાવશું હોં !''

બાનું સાંભળવાની એને ક્યાં આદત હતી ! એ અંદર જઈને લપાઈ ગયો. ચિંતામાં બાને એનું ધ્યાન ન રહ્યું.

''કાલ હવારની છોકરી..અમથું વાતનું વતેસર કર્યું છે !'' બા ફરી બોલ્યાં. પણ અવાજમાં એમનો અસલ મિજાજ ક્યાં હતો ?

બાપુજી હવે ચુપ રહ્યા. આજે સવારથી બાના હાથમાંથી વારે વારે કંઈક પડી જતું હતું. સુરેશને ચા પીવા બોલાવ્યો તોયે જાણે ગુનો કરતાં હોય એવો દબાયેલો અવાજ લાગ્યો હતો. બાપુજીને ઘડીક વિશ્વાસ નહોતો આવતો કે પોતે જે જુએ છે એ સાચું છે કે નહીં ? પત્નીનું આ રૂપ એમના માટે જુદું હતું. જોકે કારણ સમજાય એવું હતું તોયે...

હાથમાં ગીતાજી લઈ એ બેઠા પણ એમનું મન શ્લોકમાં લાગ્યું નહીં.

તડકો ફળિયામાંથી તરતો તરતો ઓસરીમાં ફેલાઈ ગયો હતો. અંદર ઓરડામાં અંધારું કળાતું હતું. સુરેશે આવીને જાળીનો પડદો ખેંચ્યો અને પછી અંદર જઈ બેઠો. એને હવે પોતે સાણસામાં ફસાઈ ગયો હોય એમ લાગતું હતું. આજ સુધી બા કહે એમ કર્યે રાખ્યું હતું.

'હજી અંગૂઠા જેવડી છે, એને શું ખબર પડે !' - પણ મામલો વધી ગયો. કયાંક બધાની હાજરીમાં ફજેતી ન થાય !' એને રહીરહીને સુમી યાદ આવતી હતી.

મેં જરા કડપ રાખ્યો પણ એ તો બિચારી ગરીબ ગાય જેવી હતી. ક્યાં કોઈ દિ'સામે થઈ છે ! બા અમથા... અને આ પહેલી દીકરી આવી મરી ગઈ ત્યારે બિચારી કેવી રોઈ રોઈને અર્ધી થઈ ગઈ'તી પણ કોણ જાણે ત્યારે મારી આંખેય પાટા બાંધેલા હતા !

બાએ કહ્યું'તું, ''હશે, પા'ણો ગ્યો'' એમાં હું યે પા'ણા જેવો થઈ ગ્યો'તો.

♦

શાંતિકાકાએ આ સંબંધ કરાવેલો એટલે છેવટે એને વચ્ચે પડવાનું થયું. શાંતિકાકાએ પહેલાં સુમીને એકલી બેસાડીને વાત કરી જોઈ. ધ્રુસકે ધ્રુસકે રોતાં રોતાં એ કહે,

''હું બાનું નથી રોતી પણ એવા એ કોક દિ' તો બોલે મારી ભેરમાં ! હું રાત'દિ એના ઘરમાં વૈતરું કરતી જ'તી ને ! મારી દીકરી લાકડા જેવી થઈ ગઈ'તી, તોયે બાપ ઊઠીને એના પેટનું પાણી કેમ નો હાલ્યું ?''

સુમીની કરમ-કથની સાંભળીને એનાં બા-બાપુજીનું લોહી તપી ગયું હતું. એમનું પૈસે ટકે સમૃદ્ધ ઘર હતું. સુરેશનું ખોરડું નબળું પણ એકનો એક દીકરો જાણીને એમણે દીકરી પરણાવી હતી. આમેય દીકરીની વીતક તો જાણતાં હતાં. ધીરે ધીરે સહુ સુધરશે એમ માની સમસમીને બેસી રહ્યાં હતાં. આ સુવાવડમાં આડો આંક વળી ગયો. એમણે શાંતિકાકાની સાથે બધુ બાની સામેના વિરોધ સમેત કહેવડાવી દીધું, જેનો સાર હતો, - 'અમારે છૂટું કરવું છે.'

સુરેશના ઘરમાં સોપો પડી ગયો હતો. બા સડક થઈ ગયાં. દીકરીના બાપ થઈને વેવાઈ આમ ખુલ્લેઆમ પોતાની ઉપર આરોપ મૂકશે એવી એમને કલ્પના નહોતી. દીકરો ક્યાંક વહુનો ન થઈ જાય કે સુખી ઘરની છોકરી ક્યાંક દીકરાની કાનભંભેરણી કરી મા વિરુદ્ધ ચડાવે નહીં, એ વિચારનું જ આ પરિણામ હતું. સુરેશને સુમી નજર સામે તરવરતી. સુમી હતી તો રોજ મા-દીકરો ગરમગરમ ખાવા પામતાં ! સવારમાં ઊઠતાંવેંત બિચારી કામે ચડી જતી ને રાત સુધી નવરી ન થતી ને તોય પોતાનો પડ્યો બોલ ઝીલનારી અને બધી ઈચ્છાને વશ !

પછી તો એવો સમય આવી ગયો કે બાથી કામ અને સુરેશથી બા સહન નહોતાં થતાં. એના કાનમાં બાપુજીના એ દિવસના શબ્દોયે ઘુમરાતા, - ''માણા' થાજે હવે..''

આખરે આ દિવસ આવી પહોંચ્યો. સુમીના બાપુજી કાગળિયાં કરવા આવવાના હતા.

♦

બપોર પછી સુરેશે ઓસરીમાંથી ખાટ છોડી નાખી. બેય બાજુ લાંબી શેતરંજી નાખી. બાપુજી વચ્ચે બેઠા ને સુરેશ ખૂણામાં ગુમસૂમ બેસી ગયો.

સાંજના ચારેક વાગે બધા એક પછી એક આવી ગયા. બે કાકા, ફુઆ અને બે ગામના વડીલ. સુમીના બે મામા, મા ને એના બાપુજી

પાંચેય સાથે આવ્યા. પાછળ પાછળ સુમીય લાજ કાઢી ઘરમાં આવી. એના બાપુજીએ સુમીને સાથે લીધી હતી કે એને આપેલો દાગીનો ને મોંઘી ચીજવસ્તુ પાછી લઈ લે. બા મંદિરવાળા ઓરડામાં હતાં. સુમી સુરેશ સામે એક નજર નાખી ખૂણાની ઓરડીમાં જતી રહી. સુરેશની યાચનાભરી આંખો પળવાર ઊંચી થઈ ને ઢળી ગઈ. બા કાઢી ન મૂકે એ બીકે છોટુ એ ઓરડીમાં ચૂપચાપ બેઠો હતો. ભાભીને ચોંટી પડ્યો. સુમી રોઈ પડી.

''તો હવે શું કરવું છે ?'' ગામના વડીલ ડાહ્યાબાપા બોલ્યા.

''હવે આમ ને આમ નો ખેંચાય. અમારી પારેવા જેવી છોકરી...'' સુમીના મામાએ જવાબ વાળ્યો.

''ભાઈ, હાચું ઈ છે કે સુરેશનો કંઈ વાંક નથી. સાસુ-વહુની થોડીક ચણભણ છે.. બધું થાળે પડી જશે તમે માનો તો...'' સુરેશના કાકાએ સમાધાનના સૂરમાં કહ્યું.

''આને તમે થોડી ચણભણ કયો છો ? વેવાણ મારી છોકરીને ભરખી જશે !'' સુમીના બાપુજી ગુસ્સામાં લગભગ ઊભા થઈ ગયા.

''મોટા ભાઈ, શાંતિ રાખો. તમારું બીપી વધી જશે. આમેય હવે આપણે ફેંસલો કરવાનો જ છે.'' સુમીના કાકા બોલ્યા.

''જુઓ વેવાઈ, અમે કાન બંધ કરીને બેઠા નહોતા. બધીય વાતું વહેતી વહેતી અમારા સુધી પહોંચતી જ 'તી. સુમી ગાળીગાળીને કહેતી'તી તોય એના બોલ્યામાંથી અમે પામી જતાં'તાં કે દીકરી સુખી નથી. અમે અત્યાર સુધીમાં ઓછી બાંધછોડ નથી કરી. વેવાણ જમાનાનાં ખાધેલ છે અને સુરેશચંદ્ર કે તમે કોઈ એને બે વેણ કહી શકતાં નથી.. સો વાતની એક વાત. હવે અમારે છેડાછૂટકો કરવો છે.''

''ભાઈ, તમે માનો તો હવે હું એને વારીશ. તમારી દીકરીનું હું ધ્યાન રાખીશ, બસ ?'' બાપુજી ખચકાતાં બોલ્યા.

''રહેવા દો વેવાઈ. આજ સુધી તમે કેમ ન બોલ્યા ?''

અંદરથી સુમીના રડવાનો અવાજ આવ્યો.

બારણામાંથી છોટુએ ડોકિયું કર્યું.. ''બા બધું સાંભળે છે હોં...''

''તું અહીં મોટાની વાતમાં કેમ ડબડબ કરવા આવ્યો છો ? જા તારા ઘરે જા.. અને વચ્ચેનું બારણું બંધ કરતો જા.'' બાપુજી બોલ્યા.

છોટુએ બારણું અધૂકડું વાસ્યું. ચર્ચાઓ ફરી ઉગ્રતાથી થઈ. પ્રસંગો, ઘટનાઓનાં ફરી ફરીને પોસ્ટમૉર્ટમ થયાં. એનાં નવાં નવાં અર્થઘટનો અને તારણો... પરિણામ એક જ... અમારી છોકરીને અમે પાછી લઈ જશું.

સુરેશ નીચું મોં કરીને બેઠો હતો. આમેય ગામડાગામમાં મા-દીકરો વગોવાઈ ગયાં હતાં. આજે સૌની વચ્ચે સાવ ઉઘાડાં થયાં.

''હશે ભાઈ, તમારે સમાધાન નથી જ કરવું તો આનો અંત લાવો. લઈ જાવ તમારી દીકરીને અને મોટા ભાઈ, વહેવારે સુમીના આણામાં પિયરમાંથી જે આપ્યું હોય એ તમે પાછું આપી દો એટલે વાત પૂરી, બીજું શું ?'' ચતુરકાકા નિવેડા પર આવી ગયા.

''હા, બધુંય આપી દો પાછું એટલે પંચ પાસે લખત કરાવી લઈએ. કોરટમાં પતતાં તો બહુ વાર લાગે.''

ઘરમાંથી એક પછી એક ચીજ વસ્તુઓ આવતી ગઈ. વાસણો, મોતીનાં તોરણ, ચાકળા, ઝુમર, ગાદલું, રેશમી રજાઈ, કપડાં, દાગીના... સુમીના બાપુજી પાસે આણામાં આપેલી વસ્તુઓનું લિસ્ટ હતું. એ પ્રમાણે બધું ઓસરીમાં ખડકાતું ગયું. ટેમ્પાવાળાનેય બોલાવી લીધો હતો.

છોટુ મોટાદાદાની બીકે બહાર નહોતો આવતો પણ કાન માંડીને બેઠો હતો. એક બાજુ ભાભી રોતાં'તાં ને બીજી બાજુ બા રોતાં'તાં. હવે દીકરાનું ઘર ભાંગતું હતું અને પોતે કાંઈ કરી શકતાં નહોતાં.

''એ અમારા છે.'' શાંતિકાકાના હાથમાં રહેલા સાંકળાં જોઈ સુમીના કાકા બોલ્યા.

''આ તો મને યાદ નહોતું તે થયું પૂછી લઉં. સાંકળાં તો અહીંથીયે ચડાવ્યાં હોય ને !''

એમણે ઓરડામાં ઊભેલી સુમીની સામે જોયું અને સાંકળાં વેવાઈને આપી દીધાં.

બધો હિસાબ પૂરો થયો. ''સૂમી બેટા, તું તૈયાર છો ને ? ચાલ ચંપલ પહેરી લે.'' મામાએ પૂછ્યું અને નિસાસો નાખ્યો. ''કોને ખબર હતી કે મારે તને આમ પાછીય લઈ જવી પડશે !''

સુમીની હિંમત છૂટી ગઈ હતી. એ સૌની દોરવાઈ દોરાતી હતી. પિયર ગઈ ત્યારે તો એને લાગ્યું હતું કે બસ હવે એ છૂટી આ નરકમાંથી. એને સુરેશ યાદ આવી જતો પણ એ કઠણ થઈને બેસી રહેતી. આવો નમાલો વર શું કાનો ? મા પાસે મિયાંની મિંદડી! જમ જેવી સાસુ સાથે જન્મારો કેમ નીકળે ! પણ આજે જેવી સામસામી ચર્ચા શરૂ થઈ ને સુમીના હાથ-પગ પાણી પાણી થવા માંડ્યા હતા. મામાએ ચંપલ પહેરવાનું કહ્યું અને એનું શરીર કોથળા જેવું થઈ ગયું. આંખે અંધારાં આવી ગયાં. જેમતેમ પગ નાખ્યા. ડાબા, જમણાનુંયે ઓસાણ ન રહ્યું.

મામાએ સુમીનો હાથ પકડ્યો. બીજા લોકો બહાર નીકળી ચૂક્યા હતા. અચાનક છોટુ દોડતો આવ્યો. સુમીભાભીનો પાલવ ખેંચતો બોલ્યો,

''તમે તમારી બધીય વસ્તુ લઈ જાવ, અમારી નંઈ.''

સુમીના મામા બાઘાની જેમ જોઈ રહ્યા.

''લગન થ્યા ત્યારે શીલાકાકીએ મને કીધું'તું, ભાભી તો અમારાં છે.''

ધ્રુસકા ઉપર ધ્રુસકા... અને સુમીએ પગમાંથી ચંપલ ફેંકી દીધાં. ❖❖❖

## વાચકોની વિચારગોઠડી

**માન. શ્રી સંધ્યાબહેન,**

ઓગસ્ટ- ૨૧ નો અંક વાંચ્યો લેખોની અને વાર્તાઓની પસંદગી ઉમદા છે. કાવ્યો વિવિધ રસ ધરાવતા પસંદ કર્યા છે ''કેવડીયાનો કાંટો'' રોમેન્ટિક કાવ્ય છે. બધાજ લેખ સરસ છે તેમાં કૃષ્ણનો વિષાદ યોગ હૃદયસ્પર્શી છે એમાંય રાધા કૃષ્ણનો સંવાદ આંખ ભીની કરી દે છે. અંતે કહું તો અંકનું પ્રિટીંગ અને આવરણ સરસ છે, એક રૂપકડો અંક છે. ધન્યવાદ.

**રમણિકભાઈ દવે - લીંબડી**

# ચમત્કાર જોઈએ છે ?

❖ ડૉ. આઈ.કે. વીજળીવાળા ❖

ડૉન સ્ટોબી નામની એક નર્સ હંમેશાં પોતાની કારમાં ઘરેથી હોસ્પિટલ આવ-જા કરતી. ત્રીસ વરસની સ્ટોબી આશાઓ અને સપનાંથી ભરી ભરી સ્ત્રી હતી. ઉત્સાહથી ભરેલી સ્ટોબી અને આનંદમાં ડૂબેલી એની જિંદગીની કોઈને પણ ઈર્ષ્યા આવી જાય એવું એનું જીવન હતું.

એક દિવસ એને પેડુમાં દુખવા આવ્યું ગૅસની સાદી તકલીફ સમજીને એણે દુખાવાને અવગણ્યો. એ પછી એકાદ બે વખત પેટના દુખાવાની સાદી ટીકડી લઈને ચલાવ્યું. પરંતુ એના થોડા દિવસ પછી જ એક વખત જ્યારે એ કાર ચલાવીને ઘરે પાછી આવી રહી હતી ત્યારે એને અચાનક પેટમાં એટલો બધો દુખાવો થયો કે એનાથી અકસ્માત થતાં થતાં માંડ બચ્યો. એ દિવસે એને લાગ્યું કે એને થઈ રહેલો દુખાવો સાવ સાદો તો નથી જ. એને સમજાઈ ગયું કે કાંઈક તો ગડબડ છે જ.

આમેય એ પોતે પણ એક નર્સ જ હતી. ઘરે જઈને એણે પોતાની તકલીફોનો કયા નિદાન સાથે મેળ ખાય છે એ શોધવાની કોશિશ શરૂ કરી. થોડી મિનિટોમાં જ એને નિદાન મળી ગયું. એનું ગળું સુકાઈ ગયું અને ઠંડીનું એક જોરદાર લખલખું એની કરોડરજ્જુમાંથી પસાર થઈ ગયું. એના દરેક લક્ષણ સાથે મેળ ખાતું નિદાન હતું : ઓવેરિયન કેન્સર - અંડાશયનું કેન્સર !

બીજા જ દિવસે એ અને એનો પતિ રીચ, હોસ્પિટલ ગયાં. બધા જ રિપોર્ટ્સ પછી ડૉક્ટરે કહ્યું કે, 'સ્ટોબી! તારું કેન્સર ખૂબ જ ફેલાઈ ગયું છે. કેન્સરનો રિપોર્ટ ૧૬૨ અંક આવ્યો છે જ્યારે નોર્મલ ફક્ત ૩૦ અંક જ હોય છે. તારા માટે સર્જરી અને કિમોથેરાપી એમ બે જ વિકલ્પ બાકી રહ્યા છે.'

સ્ટોબી ધ્રૂજી ગઈ. એને થયું કે ડૉક્ટર એનો રિપોર્ટ નથી વાંચી રહ્યા પણ જાણે કે એના મોતનું એલાન કરી રહ્યા છે. બસ! જીવન આટલું બધું અનિશ્ચિત અને બટકણું હોય છે ? આટલો પ્રેમાળ પતિ, બે ટીનેજર દીકરીઓ, સગાંવહાલાં, ઢગલો એક મિત્રો ! એ બધાંને એમ જ છોડીને જતા રહેવાનું ? જિંદગીની દોરી



આટલી જલદી તૂટી જઈ શકે ? એ ભાંગી ગઈ.

ગભરાટ અને ઉચાટે જ્યારે એને બરાબર તોડી નાખી ત્યારે એ પોતાના પતિ રીચ સાથે ચર્ચની મુલાકાતે ગઈ. ફાધરે એટલું જ કહ્યું કે, 'પ્રાર્થના કર ! એમાં આપણે ધારીએ છીએ એના કરતાં વધારે શક્તિ હોય છે અને ચમત્કારની આશા રાખ ! ચમત્કારો બનતા જ હોય છે !'

સ્ટોબીને એ વાત મગજમાં ઊતરી ગઈ. એણે પ્રાર્થના કરવાનું નક્કી કરી લીધું. પરંતુ વિજ્ઞાનની વિદ્યાર્થિની હોવાને કારણે એનું મન પ્રાર્થનામાં લાગતું જ નહોતું.

એ પછીના અઠવાડિયે એના પર સર્જરી કરવામાં આવી. એના બંને અંડાશય, ફેલોપિયન ટ્યૂબ્સ અને કાઢી શકાય એટલી ગાંઠ કાઢી નાખવામાં આવી. હોસ્પિટલમાંથી રજા આપતી વખતે ડોક્ટરે નિખાસલ ચર્ચા દરમિયાન કહ્યું કે ઓપરેશન પછી પણ સ્ટોબીના બચવાના ચાન્સિસ ફક્ત ૧૫% જ હતા, કારણ કે કેન્સર શરીરના લગભગ દરેક હિસ્સામાં ફેલાઈ ગયું હતું અને બીજા અઠવાડિયાથી કિમોથેરાપી શરૂ કરવી એ જ યોગ્ય વિકલ્પ હતો.

એ પછી કિમોથેરાપીની અસર તેમ જ આડઅસર અંગે એને વિગતે સમજાવવામાં આવ્યું. દર અઠવાડિયે એક કોર્સ લેવાનો એમ છ સાઈકલ પૂરી કરવાની એ પણ જણાવવામાં આવ્યું.

કિમોથેરાપીની આગળની રાત્રે સ્ટોબીએ પ્રથમ વખત સાચા દિલથી પ્રાર્થના કરી અને કહ્યું કે, 'હે ભગવાન ! જો મને આ કેન્સરમાંથી પાર ઉતારીશ તો હું એક વધુ સારી પત્ની, માતા અને એક ઉમદા ઈન્સાન બનવાની કોશિશ કરીશ. કોઈ ચમત્કાર કર, પ્લીઝ ! મને એક ચાન્સ આપ !'

કિમોથેરાપી શરૂ થઈ. એ સાથે જ સ્ટોબી માટે જાણે નર્કની યાતના શરૂ થઈ. કિમોથેરાપીની દરેક સાઈકલ પછી એ વધારે નબળી અને અત્યંત માંદી થઈ જતી હતી. એના વાળ ઊતરવા માંડ્યા હતા અને મોંમાં ચાંદા પણ ખૂબ પડી જતાં હતાં. છતાં જેમતેમ કરી, મિત્રો અને સગાંવહાલાંએ આપેલી હિંમત અને પ્રાર્થનાઓના સહારે એણે કિમોથેરાપીની છ સાઈકલ પૂરી કરી. મિત્રો અને સગાંસંબંધીઓ એના માટે પૈસા એકઠા કરતાં હતાં અને એનું આત્મબળ ટકી રહે એવા કિસ્સાઓ અંગે વાતો કરી એને મદદરૂપ થઈ રહ્યાં હતાં.

છેલ્લી કિમોથેરાપી પત્યા પછી સ્ટોબીને પોતાને પણ થોડો વિશ્વાસ આવ્યો. એણે પોઝિટિવ રહેવા માટે સતત પ્રાર્થના કરવા માંડી. ભગવાનને એ કોઈક ચમત્કાર કરવા વિનવતી

રહેતી. પોતે સાવ કેન્સરમુક્ત બની ગઈ છે એવાં દૃશ્યો એ મનોમન ઊભાં કરતી અને પછી જોયા કરતી. એનો પતિ રીચ એમાં એને ખૂબ મદદ કરતો. ૧૪ વર્ષની દીકરી લિન્ડ્સે અને ૧૬ વરસની સારાહ એને હંમેશાં એમ જ કહેતી કે, 'મા! તું સંપૂર્ણ સારી થઈ જઈશ જોજે!' એમની વાત સાંભળીને સ્ટોબીને ખૂબ આનંદ થતો, પરંતુ થોડીવાર પછી વાસ્તવિકતા યાદ આવતાં જ એ ભાંગી પડતી અને રડવા લાગતી.

એક દિવસ એની મિત્રે એને એક સુંવાળો અને ભૂખરા રંગનો પથ્થર ભેટમાં આપ્યો. એના પર લખેલું હતું કે, 'ચમત્કારની આશા હંમેશાં રાખો!' સ્ટોબીને એ પથ્થર ખૂબ જ ગમી ગયો. એના પોતાના મનોભાવોને જ વર્ણવતા એ પથ્થરને એ ૨૪ કલાક પોતાની સાથે જ રાખતી. એના પરનું લખાણ વાંચીને એ ભગવાનને વિનવતી કે કોઈક મોટો ચમત્કાર પોતાની સાથે પણ બને!

કિમોથેરાપી પૂરી થયા પછીની વિઝિટ વખતે ડોક્ટરે કહ્યું કે એ લોકો સ્ટોબી કેન્સર-ફ્રી છે એવું તો જ કહી શકે કે જો એના શરીરમાંથી ૧૦૦ જગ્યાએથી લીધેલ બાયોપ્સી કેન્સર-ફ્રી આવે. (બાયોપ્સી એટલે જે તે જગ્યાએથી સોય કે છરીની મદદથી લીધેલ કોશિકાઓની તપાસ) '૧૦૦ જગ્યાએથી બાયોપ્સી?' સ્ટોબી ધ્રૂજી ગઈ, પરંતુ પોતે નર્સ હોવાથી એને રૂટિનની ખબર હતી. એ તૈયાર થઈ ગઈ. બાયોપ્સી માટેની સર્જરીની આગળની રાતે એણે ભગવાનને દિલથી પ્રાર્થના કરી કે બીજા દિવસે એ કોઈ ચમત્કાર જરૂર કરે.

સવારે લાંબી સર્જરી પછી એણે જ્યારે આંખો ખોલી ત્યારે સફેદ કપડાં પહેરેલી અને અત્યંત સુંદર ચહેરો ધરાવતી એક યુવતી સ્ટોબીના ખાટલા પર ઝૂકીને એના જાગવાની રાહ જોઈ રહી હતી. સ્ટોબીને થયું કે કદાચ ડ્યૂટી-નર્સ હશે, પરંતુ એની પાસે બ્લડ-પ્રેશર માપવાનું મશીન, સ્ટેથોસ્કોપ કે અન્ય કોઈ એવું ઉપકરણ નહોતું. સ્ટોબીએ ભારે પોપચાં સાથે ઊંચે જોયું એટલે એ યુવતી વધારે ઝૂકી. એણે નીચા નમીને પૂછ્યું, 'શું તમે એ જ વ્યક્તિ છો જેને ચમત્કારની જરૂર છે?'

સ્ટોબી આવો સવાલ સાંભળીને બેબાકળી થઈ ગઈ. એ મૂંઝાઈ ગઈ. એને કાંઈ સમજાયું નહીં. આમેય હજુ એ એનેસ્થેસિયાની અસર નીચેથી પૂરી બહાર પણ નહોતી આવી. લોચા વાળતી જીભે એ બોલી, 'હેં? હમ... હા! પણ... પણ... તમને એ ખબર શી રીતે પડી? તમે મને...'

સ્ટોબી પોતાનું વાક્ય પૂરું કરે એ પહેલાં પેલી યુવતી ગાયબ થઈ ગઈ. સ્ટોબીને કાંઈ સમજાયું નહીં, પરંતુ કદાચ ઘેનની અસરના કારણે આવું બન્યું હોઈ શકે એવું માનીને એણે કોઈને વાત ન કરી.

એ પછી આખો દિવસ એને આ ઘટનાના વિચારો જ આવતા રહ્યા. સાંજે મુલાકાતીઓને આવવાનો સમય થયો ત્યાં સુધીમાં એને ખાતરી થઈ ગઈ કે નક્કી એ બધું ઘેનની દવાઓના કારણે જ બન્યું હોઈ શકે. બાકી કોઈ રીતે એ અનુભવને મૂલવી શકાય એમ જ નહોતો. સાંજે બધા મળવા આવ્યા ત્યાં સુધીમાં તો સ્ટોબી એ ઘટનાને લગભગ ભૂલી પણ ગઈ હતી. બીજા દિવસે એનો રિપોર્ટ આવવાનો હતો. ૧૦૦ જગ્યાએથી બાયોપ્સી લીધી હોવાને કારણે એ રાતે પણ સ્ટોબીને ઘેનની દવા આપીને સૂવડાવી દેવામાં આવી.

બીજા દિવસે સ્ટોબી થોડી વહેલી જાગી ગઈ. બાયોપ્સીનો રિપોર્ટ આવવાનો હોવાથી એની ઊંઘ થોડી વહેલી ઊડી ગઈ. ઊઠીને એ હજુ કાંઈ વિચારે એ પહેલાં જ એણે જોયું કે પેલી સફેદ કપડાંવાળી સુંદર યુવતી જે આગલા દિવસે આવી હતી, એ જ એના ખાટલા પાસે ઊભી હતી. સ્ટોબી કાંઈ બોલે કે કાંઈ પૂછે એ પહેલાં જ એણે પોતાના કાંડે બાંધેલું એક બ્રેસલેટ જેવું ઘરેણું ઉતારીને એને બતાવ્યું! એના પર લખેલું હતું, 'ચમત્કારો હંમેશાં બનતા જ હોય છે!' એણે હાથ લાંબો કરીને સ્ટોબીને એ ઘરેણું આપીને કાંડા પર પહેરી લેવાનો ઈશારો કર્યો. એ પછી કહ્યું, 'તારે જ ચમત્કાર જોઈતો હતો ને?' આ તારા માટે છે!'

સ્ટોબીની આંખોમાંથી આંસુની ધાર વહી નીકળી. એ ફક્ત માથું હલાવીને 'હા' પાડી શકી. એને બે દિવસથી સતત ચાલતો આ ઘટનાક્રમ મૂંઝવી રહ્યો હતો. પરંતુ એ કાંઈ પણ બોલે કે પૂછે એ પહેલાં જ આગલા દિવસની જેમ જ એ યુવતી અચાનક ગાયબ થઈ ગઈ.

'સ્ટોબી! એ સ્ટોબી! હવે ઊઠ જોઉં!' પતિ રીચે એને હડબડાવીને ઉઠાડી. ઊંઘરેટી આંખે એણે રીચ સામે જોયું. એ સમજી ગઈ કે એણે હમણાં જે દૃશ્ય જોયું અને આગળના દિવસે જે અનુભવ થયો હતો એ બંને બીજું કાંઈ નહીં, પણ તંદ્રાવસ્થામાં આવેલાં સપનાં જ હતાં. ઘણા દિવસથી એ ચમત્કારોના વિચારો કરતી હતી અને એમાં બે દિવસથી એને ઘેનની દવાઓ આપવામાં આવતી હતી, એટલે એવું સપનું આવ્યું હશે. પતિ રીચે ઉઠાડી ત્યારે એને એ વાતનો બરાબર તાળો મળી ગયો. એને બધું સમજાઈ ગયું.

'શું છે રીચ?' એણે પતિને પૂછ્યું, 'કેમ આમ ઉઠાડે છે?'

'અરે સ્ટોબી! તું નહીં માને!' પતિ રીચે એકદમ ઉત્સાહપૂર્વક કહ્યું, 'બન્યું જ છે એવું કે તને આમ જ ઉઠાડવી પડે! સાંભળ! તારી સોએ સો બાયોપ્સીનો રિપોર્ટ નેગેટિવ આવ્યો છે! તારા શરીરમાં કયાંય કરતાં કયાંય કેન્સરનું નામોનિશાન નથી રહ્યું. ડોક્ટરે તને કેન્સર-મુક્ત જાહેર કરી દીધી છે અને આજે આપણે ઘરે જઈ રહ્યાં છીએ! ડિયર! મારા માટે તો આનાથી મોટો બીજો કોઈ ચમત્કાર જ ન હોઈ શકે! હવે તું ઊભી થા અને ફ્રેશ થઈ જા! ત્યાં સુધીમાં હું હોસ્પિટલના બિલની અને રજાની બધી ફોર્માલિટી પતાવું છું!' એટલું કહીને રીચ દવાખાનાની રજા લેવાની ઔપચારિકતાઓ પૂરી કરવા ગયો.

રીચ ગયો પછી સ્ટોબી રૂમમાં એકલી પડી. છેલ્લા બે દિવસનાં વિચિત્ર સપનાં અંગે વિચારતાં વિચારતાં એ બાથરૂમ તરફ જવા ઊભી થવા ગઈ. એ જ વખતે એની નજર એના પોતાના જમણા હાથના કાંડા પર પડી. એના પર પેલું બ્રેસલેટ જેવું ઘરેણું પહેરેલું હતું, જેના પર લખેલું હતું, 'ચમત્કારો હંમેશાં બનતા જ હોય છે!'

❖❖❖

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા –મુંબઈ
# ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન

**સ્નેહાળ સભ્ય મિત્રો,**

ઝાલાવાડી સભા આપ સર્વેની કુશળતા ઈચ્છે છે. સભ્યોની તંદુરસ્તી બની રહે તેવી ઈશ્વરને પ્રાર્થના.

ઝાલાવાડી સભાના દરેક સભ્યોને જણાવતાં અત્યંત આનંદ થાય છે કે આપણી મુંબઈ ઓફિસ રાબેતા મુજબ ચાલુ થઈ ગયેલ છે. સભાના ચારેય સેનિટોરિયમનું બુકિંગ ઓનલાઈન કરવાનું રહેશે. **સેનિટોરિયમનું ઓનલાઈન બુકિંગ ચાલુ છે. પત્રિકામાં છપાતી જાહેર ખબરની રકમ તથા સંસ્થાને મળતું ડોનેશન હાલમાં online સ્વીકારવામાં આવે છે.**

**Shree Zalawadi Sthanakwasi Jain Sabha - Mumbai**
**Bank of India - Kalbadevi Branch - A/c. 002410100027896 - IFSC Code: BKID0000024**
**પત્રિકા માટે જાહેરાતની રકમ ઉપર આપેલ એકાઉન્ટમાં જમાં કરાવવાની રહેશે**

**Zalawadi Sabha Charitable Foundation**
**Bank of India - Kalbadevi Branch - A/c. 002410100055214 - IFSC Code: BKID0000024**
**અનુદાન/ ડોનેશનના રૂપિયા ચેરિટેબલ ફાઉન્ડેશનમાં મોકલવા જેથી કરરાહતનો લાભ મળી શકે.**

**જે પણ રકમ દાનની ઓનલાઈન મોકલો તેની Transaction ID /Receipt પ્રદીપભાઈને મોકલવા વિનંતી.**

લોનાવલા : મિલનભાઈ
**9860125136**
પંચગીની : નિરવભાઈ
**9819012468**

માથેરાન તથા સંસ્થાના અન્ય કામ માટે સભાના મેનેજર શ્રી પ્રદીપભાઈ તુરખિયાનો સંપર્ક કરવો. **9867748120**

પત્રિકા જાહેરખબર
દેવલાલી : આશાબેન
**9819956529**

સુરેન્દ્રનગર અતિથિ ભવન
સુરેન્દ્રનગર – કેતનભાઈ શાહ
**9099350644 / 9426756100**
મુંબઈ – મિલનભાઈ તુરખિયા
**9860125136 / 7208472884**

**તા. ૪-૧-૨૦૨૧થી સેનિટોરિયમનું બુકિંગ ઑનલાઈન zalawadi.com ઉપર જ કરવાનું રહેશે એની નોંધ લેવા વિનંતી.**

**Please Note Office New Mobile No.**

## 7208472884 • 7208481791 • 7208472744

**ઝાલાવાડી સભાના સભ્યોને વિનંતી કે જેમના વડીલ અવસાન પામ્યા હોય તેમની માહિતી ઓફિસમાં જણાવવી. ઘરના અન્ય વ્યક્તિએ નવું સભ્યપદ લેવાનું રહેશે. આપણા સ્થાનિક પ્રતિનિધિઓ પાસે માહિતી હોય તો ઓફિસમાં જણાવી તેમના ઘરના અન્ય વ્યક્તિને નવા મેમ્બર બનવા માટે જણાવવા વિનંતી.**

**મુંબઈ ઑફિસ**

## Shree Zalawadi Sthanakwasi Jain Sabha - Mumbai

**301, Bay View (East), 3rd Floor, 47, Dr. M.B. Velkar Street,**
**(Kolbhat Lane) Chira Bazar, Mumbai - 400 002.**

**Office Time : 11.00 A.M. To 7.00 PM ● Lunch Time : 1.00 To 2.00 PM**

**Please Note Office New Mobile No.**

## 7208472884 • 7208481791 • 7208472744

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા -મુંબઈ
# ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન

૩૦૧, બે વ્યુ (ઈસ્ટ), ત્રીજે માળે, ૪૭, ડૉ. એમ. બી. વેલકર સ્ટ્રીટ, (કોલભાટ લેન) ચીરાબજાર, મુંબઈ-૪૦૦ ૦૦૨.
૭૨૦૮૪૭૨૭૪૪ • ૭૨૦૮૪૭૨૮૮૪ • ૭૨૦૮૪૮૧૭૯૧

## દિવાળી વેકેશન - લોનાવલા, પંચગીની, દેવલાલી, માથેરાન

### માત્ર સંસ્થાના સભ્યો માટે

**શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા**

**શ્રીમતી કમળાબેન ગંભીરચંદ ઉમેદચંદ શાહ આરોગ્યધામ, લોનાવલા**
ઓલ્ડ મુંબઈ - પુના રોડ, હરિ ઈન્ટરનેશનલ હૉટલ સામે, લોનાવલા - ૪૧૦ ૪૦૧. Tel. : 02114273107

**ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન**

**શ્રીમતી ઈન્દુમતીબેન ધીરજલાલ છોટાલાલ શાહ આરોગ્યધામ - પંચગીની**
ખીનગર રોડ, ભારતીય વિદ્યાપીઠ સામે, પંચગીની, જિલ્લો : સતારા. Tel. : 02168241277

**શ્રી સી.યુ. શાહ આરોગ્યધામ - દેવલાલી**
દુરઝાડ માલા રોડ, કોરલ ગાર્ડન પાસે, ઓફ-લામ રોડ, દેવલાલી, જિલ્લો - નાસિક પીન-૪૨૨ ૪૦૧. Tel. : 02532492014

**શ્રીમતી હંસાબેન આશકરણભાઈ શાંતિલાલ શાહ આરોગ્યધામ - માથેરાન**
અશોકા હોટલની બાજુમાં તા. કરજત, જિલ્લો -રાયગડ, માથેરાન પીન - ૪૧૦ ૨૦૧

- ઉપર મુજબ ચારેય આરોગ્યધામના દિવાળી વેકેશન માટે લક્કી ડ્રો કરવામાં આવશે. શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા - મુંબઈ તથા સુરેન્દ્રનગર સંસ્થાના મેમ્બરો માટે અરજી ફોર્મ સ્વીકારવાની તા. ૨૪-૯-૨૦૨૧ થી ૩૦-૯-૨૦૨૧. (રવિવાર તથા રજાના દિવસો શિવાય)
- **લક્કી ડ્રો માટે બુકિંગ**
  દિવસ - ૩ : સોમવારથી બુધવાર ૧-૧૧-૨૦૨૧થી ૩-૧૧-૨૦૨૧
  દિવસ - ૪ : ગુરુવારથી રવિવાર તા. ૪-૧૧-૨૧થી ૭-૧૧-૨૧ માટેની અરજીનો લક્કી ડ્રો કરવામાં આવશે.
- **લક્કી ડ્રો તા. ૪-૧૦-૨૦૨૧ ના રોજ સાંજે ૫ કલાકે સભાની મુંબઈ ઓફિસે કરવામાં આવશે.**
- આરોગ્યધામના દાતાઓએ ડોનર્સ રાઈટ ક્વોટા બુકિંગ માટે ઉપર મુજબની તારીખે અરજી કરવા વિનંતી. ૩૩% થી વધારે અરજી આવશે તો ડોનર ક્વોટાની અરજીનો લક્કી ડ્રો કરવામા આવશે.
- લક્કી ડ્રોમાં જેમને રૂમ એલોટ થઈ હશે તેમને જાણ કરવામાં આવશે અને મોકલાવેલ બેંક Detailsમાં બુકિંગની રકમ ત્રણ દિવસમાં જમા કરાવવાની રહેશે. જો આપના તરફથી આ રકમ જમા નહી થાય તો બીજા સભ્યને આ રૂમનું Allotment થઈ જશે તેની ખાસ નોંધ લેવી. રકમ આવ્યા બાદ આપને રસીદ મોકલવામાં આવશે.
- સંસ્થાના ફોર્મ પર જ અરજી કરવાની રહેશે. ફોર્મ પાછળ છાપેલ છે.

**શ્રી સી.યુ. શાહ અતિથિ ભવન - સુરેન્દ્રનગર**
'મહાવિરાલય' બીજે માળે, કમળ મંદિર પાસે, (ઘર હો તો ઐસા) સુરેન્દ્રનગર ૩૬૩૦૦૨. મો . ૯૦૯૯૩૫૦૬૪૪/ ૯૪૨૬૭૫૬૧૦૦
**સુરેન્દ્રનગર અતિથિ ભવન માટે લક્કી ડ્રો માં બુકિંગની જરૂર નથી, સુરેન્દ્રનગર અથવા મુંબઈના આપેલ મોબાઈલ નંબર પર Booking કરાવી શકો છો.**

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા -મુંબઈ
# ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન

૩૦૧, બે વ્યુ (ઈસ્ટ), ત્રીજે માળે, ૪૭, ડૉ. એમ. બી. વેલકર સ્ટ્રીટ, (કોલભાટ લેન) ચીરાબજાર, મુંબઈ–૪૦૦ ૦૦૨.

સંચાલિત

**લોનાવલા – પંચગીની – દેવલાલી – માથેરાન સેનેટોરિયમના દિવાળી વેકેશન માટે અરજી ફોર્મ**

આપને જે સેનેટોરિયમનું બુકિંગ કરાવવું છે તે નામ આ બૉક્સમાં લખવું. ☐

**ફક્ત કાર્યાલયે ભરવાની વિગત**

રજાચિઠ્ઠી નં. ______ તારીખ ______ રૂ. ______

ડિપોઝિટ રસીદ નં. ______ તારીખ ______ રૂ. ______

તારીખ ______ થી તારીખ ______ સુધી, કુલ દિવસ ______

રિમાર્ક ______ સભ્ય નંબર ______ ☐ સભ્યના ગેસ્ટ તરીકે

☐ મંજૂર

☐ નામંજૂર

રૂમ નંબર :

કુલ રૂમ :

(અધૂરી વિગત સાથેનું અરજી ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં.)

૧. રહેવા જનાર મુખ્ય વ્યક્તિનું નામ ______ ઉંમર ______

૨. ઘરનું પૂરું સરનામું ______

______

______ ફોન નં. (ઘર) : ______

ફોન (ઓફિસ) ______ ઈ-મેલ : ______ મોબાઈલ ______

૩. મૂળ વતન ______ તાલુકો ______ જીલ્લો ______

૪. ઝાલાવાડી સભાના સભ્ય હો તો ક્યા નામથી ? ______ LM/YM No. ______

સભ્યપદની લવાજમ ભર્યાની (છેલ્લી) રસીદની ઝેરોક્ષ આ અરજી ફોર્મ સાથે મોકલવી જરૂરી છે.

૫. રહેવા જનારની સંસ્થાના સભ્ય સાથે સગાઈ ______

૬. આરોગ્યધામ કઈ તારીખથી કઈ તારીખ સુધી જોઈએ છે ? તા. ૧.૧૧.૨૦૨૧ થી તા. ૩.૧૧.૨૦૨૧ *અથવા* તા.૪.૧૧.૨૦૨૧થી તા. ૭.૧૧.૨૦૨૧

સેનેટોરિયમ બુકિંગ : સોમવારથી બુધવાર (ત્રણ દિવસ) ગુરુવાર થી રવિવાર (ચાર દિવસ) જે તારીખનું બુકીંગ જોઈતુ હોય તે તારીખ લખવી.

(અ) તારીખ ______ થી તારીખ ______ સુધી, કુલ દિવસ ______

નીચેના નામની પૂરી વિગત અરજદારે લખવી ફરજિયાત છે. સેનેટોરિયમમાં રહેવા માટેની અરજી કરનારનું નામ, રહેવા જનારના નામો, ઉંમર અને અરજી કરનાર સભ્ય સાથેનું સગપણ (સગાઈ) પૂરી વિગત સાથે લખવું જરૂરી છે.

| ક્રમ | મુખ્ય અરજી કરનાર તથા રહેવા જનારના નામો | ઉંમર | મુખ્ય અરજદારની સાથેની સગાઈ | મેમ્બરશિપ નંબર/ ગેસ્ટ / ડોનર ગેસ્ટ | રહેઠાણ અને પરાનું નામ |
|---|---|---|---|---|---|
| ૧ | | | | | |
| ૨ | | | | | |
| ૩ | | | | | |
| ૪ | | | | | |
| ૫ | | | | | |
| ૬ | | | | | |
| ૭ | | | | | |
| ૮ | | | | | |

આપ આપનું તેમ જ જો એકથી વધારે રૂમ હોય તો દરેક રૂમમાં રહેનાર મુખ્ય વ્યક્તિનું ફોટો આઈ કાર્ડ સાથે લેવાનું ભૂલશો નહી...

સેનેટોરિયમના નિયમો સંપૂર્ણપણે મને તથા મારી સાથે આવનારને કબૂલ મંજૂર છે અને તે નિયમોનો અમલ કરવા અમો બંધાયેલ છીએ.

અરજદારનું પૂરું નામ ______ સહી ______

તારીખ : ______ મોબાઈલ નં. :______

# SHREE ZALAWADI STHANAKWASI JAIN SABHA - MUMBAI
# ZALAWADI SABHA CHARITABLE FOUNDATION

301, Bay View (East), 3rd Floor, 47, Dr. M.B. Velkar Street, (Kolbhat Lane) Chira Bazar, Mumbai - 400 002.
Mobile No. : 7208472884 • 7208481791 • 7208472744

## New RATE CARD Effective from April 2021

**LONAVALA SANATORIUM CHARGES + GST FOR PER DAY PER ROOM**

| રૂમ ના પ્રકાર | ROOM NUMBER | ZALAWADI MEMBER | GUEST CHARGES | PERSON | EXTRA 1 PERSON |
|---|---|---|---|---|---|
| વન રૂમ કિચન | 2, 3, 4, 5, 6 | 500 | 700 | 4 PERSON | 150 |
| ડાયમંડ રૂમ (એસી) | 7, 8, 9, 10, 11, 12 | 1000 + 120 = 1120 | 1300 + 156 = 1456 | 4 PERSON | 150 |
| ગોલ્ડન રૂમ (એસી) | 33, 24, 25, 14 | | | | |
| ગોલ્ડન રૂમ (એસી) | 32 | 1300 + 156 = 1456 | 1600 + 192 = 1792 | 4 PERSON | 150 |
| ગોલ્ડન રૂમ (નોન એસી) | 15, 16, 17, 18, 19, 20, 21, 22, 23, 26, 27, 28, 29, 30, 31, 34, 35, 36 | 600 | 900 | 3 PERSON | 150 |

**PANCHGINI SANATORIUM CHARGES + GST FOR PER DAY PER ROOM**

| રૂમ ના પ્રકાર | ROOM NUMBER | ZALAWADI MEMBER | GUEST CHARGES | PERSON | EXTRA 1 PERSON |
|---|---|---|---|---|---|
| ડિલક્સ રૂમ (નોન એસી) | 2, 3, 4, 6-A, 6-B, 7, 8, 9, 10, 11, 12, | 750 | 1000 + 120 = 1120 | 3 PERSON | 150 |
| ડિલક્સ રૂમ (એસી) | 5, 13, 14, 15, 16, 17, 18, 19, 20, 21, 22,23,24, 25 | 950 | 1200 + 144 = 1344 | 3 PERSON | 150 |

**DEVLALI SANATORIUM CHARGES + GST FOR PER DAY PER ROOM**

| રૂમ ના પ્રકાર | ROOM NUMBER | ZALAWADI MEMBER | GUEST CHARGES | PERSON | EXTRA 1 PERSON |
|---|---|---|---|---|---|
| સ્ટુડિયો રૂમ (એસી) | 102,103,108,109,202, 203,208,209,302,303, 308,309 | 800 | 1100+132=1232 | 3 PERSON | 200 |
| સ્ટુડિયો રૂમ બાલ્કની (એસી) | 101,110,201,210, 301,310 | 850 | 1150 +138=1288 | 3 PERSON | 200 |
| સ્ટુડિયો નોન એસી બી, બિલ્ડિંગ | 102,103,302,303,309 | 600 | 800 | 3 PERSON | 200 |
| એક બેડરૂમ હોલ | 104,105,106,107,204,205, | 1100+132=1232 | 1350+162=1512 | 4 PERSON | 200 |
| કિચન (એસી) | 206,207,304,305,306,307 | | | | |

**SURENDRANAGAR SANATORIUM CHARGES FOR PER DAY PER ROOM**

| રૂમ ના પ્રકાર | ROOM NUMBER | ZALAWADI MEMBER | GUEST CHARGES | PERSON | EXTRA 1 PERSON |
|---|---|---|---|---|---|
| ડિલક્સ રૂમ (એસી) | 1,2,3,4,5,6,7,8 | 750 | 750 | 3 PERSON | 150 |

**MATHERAN SANATORIUM CHARGES FOR PER DAY PER ROOM**

| રૂમ ના પ્રકાર | ROOM NUMBER | ZALAWADI MEMBER | GUEST CHARGES | PERSON |
|---|---|---|---|---|
| ડિલક્સ રૂમ (એસી) | 01,02,03, 05, 07 | 1000 | 1200 | 2 PERSON |
| સ્ટુડિયો બાલ્કની (એસી) | 08, 09, 10, 11 | 1100 | 1300 | 3 PERSON |
| સ્યુટ (એસી) | 06 | 1200 | 1400 | 4 PERSON |

**For Matheran Food Coupon Compulsory for 3 Days Rs. 500/- Per Day, Per Person**

# BIO-DATA



**NAME : RUSHABH NILESH SHETH**
D.O.B/Place : 23 August 1993 / Mumbai
Height : 5'11" (183 cms)
Education : M.M.S (Finance), B.Com (A&F)
Native Place : Limbdi
Religion : Zalawadi Vishashrimali Sthanakvasi Jain
Occupation : Asst. Manager, Axis Trustee Services Ltd.
Residential Address : Flat No. 302, Kalp Vruksh, Plot no. 23, K.A. Subramaniam Road, Matunga, Mumbai - 400019.
Contact : 8433538408/rushabhsheth4@yahoo.com
Hobbies : Travelling & Music

**FAMILY DETAILS**
Father : Nilesh Rasiklal Sheth - Mob:9870004105
Occupation : Investment Advisor
Mother : Sejal Nilesh Sheth Mob : 9702278403
Occupation : Housewife and LIC Agent

**PATERNAL SIDE**
Grandparents : Late Rasiklal P. Sheth & Late Ranjanben R. Sheth

**Father's Uncle & Aunt :**
(1) Hasmukhlal P. Sheth - Late Sushilaben Mob :9821284945
(2) Late Bhupendra P. Sheth - Hansaben Mob : 9870877567
(3) Hareshbhai P. Sheth - Nitaben Mob : 9821263167

Fouva-Fai : Atulkumar R. Sanghvi - Minaben Mob : 9920966441

**MATERNAL SIDE**
Grandparents : Hasmukhlal T. Vora - Miraben Mob : 7021560496
Mama-Mami : Rajesh H. Vora - Manisha Mob : 9821781668 / 9870717330

(Advt.)

**SHREE ZALAWADI STHA. JAIN SABHA**
**301, Bay View (East), 3rd Floor,**
**47, Dr. M.B. Velkar Street,**
**(Kolbhat Lane) Chira Bazar,**
**Mumbai - 400 002.**
**7208472884 • 7208481791**
**7208472744**

## New RATE CARD Effective from April 2021

(1) YEARLY MEMBERSHIP FEES (RENEWAL) RS.250/ without Patrika (including GST) RS 100 EXTRA FOR NEW MEMBER REGISTRATION FEES

(1-A) YEARLY MEMBERSHIP FEES (RENEWAL) RS.350/ With Patrika (including GST) RS 100 EXTRA FOR NEW MEMBER REGISTRATION FEES

(1-B) LIFE MEMBERSHIP FEES Rs. 6000/- including GST 18%

(2) *PATRIKA ADVERTISEMENTS* RATE + 5% GST

**LAST PAGE COLOUR** RS.10000+500 =10500/- (Size = 171 x 199 mm)
**FULL PAGE COLOUR** RS.8000 + 400 = 8400/- (Size = 171 x 234 mm)

**FULL PAGE B/W** RS.4100 + 205 = 4305/-

**HALF PAGE B/W** Rs.2100 + 105 = 2205/-

**ONLY PATRIKA FEES**
FOR 3 YEARS RS.1000 + 180 = 1180/-

FOR 1 YEARS RS.400 + 72 = 472/-

**QUARTER PAGE B/W** RS.1100 + 55 = 1155/-

(3) **SANATORIUM BOOKING** NO GST UPTO ROOM CHARGES RS.1000/- PER DAY ABOVE RS 1000 ROOM CHARGES+12% GST

(4) *MATRIMONIAL SERVICES* 18% GST Rs.1000+180=1180

# પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ ભાવભીની શ્રદ્ધાંજલિ



જન્મ
૨૩-૧૧-૧૯૫૫

અરિહંતશરણ
૨૬-૦૮-૨૦૨૦

## અ. સૌ. જ્યોત્સનાબેન મહેન્દ્રભાઈ વાડીલાલ શાહ

**મૂળ વતન : ગેડી (ઝાલાવાડ) હાલ : વિક્રોલી (મુંબઈ)**

આપના વાત્સલ્યના વિયોગને એક વર્ષ પૂર્ણ થયું. આપની હયાતી અમારી પ્રેરણા હતી. હૈયું માનવા તૈયાર નથી, કે હયાતી નથી આપની, જીવન એવું જીવી ગયા ને ઓચિંતી લીધી વિદાય. તમારામાં રહેલું વાત્સલ્ય, તમારામાં રહેલી પરિવાર પ્રત્યેની લાગણીઓ વિશાળ હતી. ધર્મ કદી ભૂલ્યા ન હતા, વ્યવહાર કદી ચૂક્યા ન હતા. વારંવાર યાદ આવો છો તમે, તસવીર જોઈ આપની. અમારા પ્રેમના દરિયાદિલ હતા, હવે તેમાં આવી ઓટ, સદા રહેશે તમારી ખોટ.

હે પરમતારક દેવાધિદેવ અરિહંત પ્રભુ સદ્‌ગતના આત્માને આપજે આપનું શરણું, શાશ્વત સુખ અને પરમ શાંતિ.

*આપનો શોકાતુર પરિવાર*

**મહેન્દ્રભાઈ વાડીલાલ નાનચંદ શાહ પરિવાર**

**પુત્રી : જમાઈ**
નેહા આશિષભાઈ શાહ
ધરા મહેશભાઈ નંદુ
હિરલ હાર્દિકભાઈ હકાણી

**ભાઈ -ભાભી**
સ્વ. રમેશભાઈ-હંસાબેન
સ્વ. સુધીરભાઈ- અલ્કાબેન
જીતેન્દ્રભાઈ - ગીતાબેન

**સાળા**
સ્વ. નલિનભાઈ બાબુલાલ દોઢીવાળા
અશોકભાઈ બાબુલાલ દોઢીવાળા

**દોહિત્ર** : દિશાંત, હિત, તીર્થ
**દોહિત્રી** : વૃદ્ધિ, ક્રિશા, આધ્યા

Advt.

# ભાવભીની શ્રદ્ધાંજલિ



જન્મ
તા. ૧૪-૧-૧૯૩૧





અરિહંતશરણ
તા. ૨૨-૬-૨૦૨૧

## સ્વ. ડૉ. નરેન્દ્ર ગુલાબચંદ ગાંધી

**(વઢવાણ શહેર નિવાસી હાલ – સાયન, મુંબઈ)**

અમારા પરિવારના સાદગીસભર જીવન જીવનારા તથા સેવાભાવી - પરોપકારી એવા અણમોલ રતન સમ વ્યક્તિત્ત્વએ આ દુનિયામાંથી વિદાય લઈને શ્રી અરિહંતના ચરણમાં સ્થાન લીધેલ છે.

**'મળે છે દેહ માટીમાં, પણ માનવીનું નામ જીવે છે,**
**વિદાય લે છે માનવી પોતે, પણ માનવીના કામ જીવે છે.''**

પરમકૃપાળુ પરમાત્મા તમારા આત્માને પરમ શાંતિ આપે.

**સ્વ. અંજવાળીબેન ગુલાબચંદ ગાંધીના સુપુત્ર**
**સ્વ. હરિચંદ માણેકચંદ શાહ (વિરનગર નિવાસી)ના જમાઈ**

**શ્રદ્ધાંજલિ અર્પણ કરનાર**



પત્ની : મધુબેન નરેન્દ્ર ગાંધી
પુત્રી : બેલા નરેન્દ્ર ગાંધી – ગૌરી સંજયભાઈ કોઠારી
બહેનો : સ્વ. સુશીલાબેન શાહ – સ્વ. શારદાબેન સંઘવી
સ્વ. વિમળાબેન શાહ – સ્વ. સરલાબેન દોશી
સ્વ. અનસુયાબેન ગાંધી – જ્યોત્સનાબેન વોરા

ૐ શાંતિ..શાંતિ..શાંતિ..



Advt.

# ભાવભીની સ્મરણાંજલિ



**નાગરદાસ દેવચંદ ટોળીયા–શાહ**
(સ્વર્ગવાસઃ ૨૨.૦૨.૧૯૫૪)



**નીરંજનાબેન રમેશભાઈ ટોળીયા–શાહ**
(સ્વર્ગવાસઃ ૨૦.૦૯.૨૦૧૪)



**ધીરજબેન નાગરદાસ ટોળીયા–શાહ**
(સ્વર્ગવાસઃ ૦૮.૦૮.૧૯૮૬)

જીવનના દરેક ચડાવ-ઉતારમાં અમારો હાથ ઝાલી, હેત-હુંફ સાથે, તોફાનો સામે લડી લેવાની શીખ આપી અમારી હિંમત વધારનારા દિવ્ય આત્માઓને અમારી વિનમ્ર સ્મરણાંજલિ...

**સ્વ. અનીલભાઈ નાગરદાસ ટોળીયા – સ્વ. મધુબેન અનીલભાઈ ટોળીયા**
**ચંદ્રકાંતભાઈ નાગરદાસ ટોળીયા – સ્વ. પ્રવિણાબેન ચંદ્રકાંતભાઈ ટોળીયા**
**જસવંતભાઈ નાગરદાસ ટોળીયા – નીલાક્ષીબેન જસવંતભાઈ ટોળીયા**
**રમેશભાઈ નાગરદાસ ટોળીયા – અનીષ – કેજલ, મેઘના – રીતેશભાઈ**
**રીઆના – આર્યન – વિવાન**
**નરેશભાઈ નાગરદાસ ટોળીયા – ચંદ્રીકાબેન નરેશભાઈ ટોળીયા**
**સ્વ. ધીરજબેન નાગરદાસ ટોળીયા પરિવાર**
**સ્વ. કમળાબેન તારાચંદભાઈ શાહ પરિવાર**

Advt.

પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ
।। પિતૃદેવો ભવ ।।

૨૧મી વાર્ષિક પુણ્યતિથિ
।। માતૃદેવો ભવ ।।





સ્વ. ન્યાલચંદ ત્રિભોવનદાસ શાહ
અરિહંત શરણ ૨૮/૮/૨૦૨૦

સ્વ. સરલાબેન ન્યાલચંદ શાહ
અરિહંત શરણ ૪/૩/૨૦૦૦

બોટાદ નિવાસી, હાલ બોરીવલી

જીવનમાં અમને સુખ મળ્યું એ તમ આશિષનું ફળ મળ્યું
અમારા વ્હાલા માતા-પિતા, અમારા વટવૃક્ષ-શિરછત્ર
અમારા વાત્સલ્યનો ધોધ, અમારા સ્નેહની સરવાણી
અમારા જીવનના ઘડવૈયાને કોટિ કોટિ વંદન

માતા પિતા ની પુણ્ય સ્મૃતિ માં ઝાલાવાડી સભાની
શૈક્ષણિક ઉત્કર્ષ યોજનામાં રૂા. ૧ લાખ અર્પણ કરીએ છીએ.
જેના સંસ્કાર થકી અમે ઉજળા બન્યા તે પૂજ્ય માતા પિતાને કોટિ કોટિ પ્રણામ...

આપને સદૈવ યાદ કરનાર

પુત્ર-પુત્રવધુ :અશ્વિન - રીટા
મુકેશ - ભારતી
નિલેશ - રીના
દિકરી જમાઈ :મીનાબેન - નરેન્દ્રકુમાર શાહ
ઉર્વશીબેન - રાજેનકુમાર વોરા

તથા વઢવાણ નિવાસી, હાલ ઘાટકોપર
સ્વ. તલકશી ભગવાનદાસ પરિવાર

Advt.

# પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ



જન્મતારીખ :
૧૧-૯-૧૯૫૩

અરિહંતશરણ :
૬-૯-૨૦૨૦

## સ્વ. પ્રદિપભાઈ નવીનચંદ્ર સોગઠી

પરિવાર જેનું મંદિર હતું, સ્નેહ જેની શક્તિ,
પરિશ્રમ જેનું કર્તવ્ય હતું, પરમાર્થ જેની ભક્તિ,
આપનું સાદગીભર્યું જીવન, માયાળુ લાગણીશીલ સ્વભાવ
નિ:સ્વાર્થ પ્રેમ, સદા હસતો ચહેરો, કુટુંબ પ્રત્યેનો પ્રેમ
સમાજ પ્રત્યેની સેવા, ધર્મ પ્રત્યેની શ્રદ્ધા,સદાય અમને પ્રેરણા આપતા રહેશે
એવા દિવ્ય આત્માને શત્ શત્ નમન...

### આપના વ્હાલા પરિવારજનો

| | | |
|---|---|---|
| ધર્મપત્ની | : | નીલાબેન પ્રદિપભાઈ સોગઠી |
| પુત્ર-પુત્રવધુ | : | કૃણાલ - શીતલ |
| દીકરી-જમાઈ | : | રૂપાલી - જગદીશ |
| | | સોનાલી - તેજસ |
| પૌત્ર | : | પાર્શ્વ |
| દોહિત્ર-દોહિત્રી | : | પ્રથમ, સ્મીત, આર્યન, પ્રીશા |

સ્વ. નવીનચંદ્ર વાડીલાલ સોગઠી પરિવાર
સ્વ. ચીમનલાલ વાડીલાલ સોગઠી પરિવાર (જલગાંવ)
સ્વ. નવનીતલાલ નરોત્તમદાસ શાહ પરિવાર (સસરાપક્ષ)

ફર્મ :
N. P. Developers, M.: 98212 19008 / 93222 18513

Advt.

॥ શ્રી પાર્શ્વનાથાય નમઃ ॥

## પ્રથમ પુણ્યતિથિએ અશ્રુભરી શ્રધ્ધાંજલિ

જન્મ:
તા. ૧૫-૦૫-૧૯૨૮

અરિહંતશરણ:
તા. ૦૮-૦૯-૨૦૨૦



# સ્વ. શ્રી ચંપકલાલ મણીલાલ અજમેરા

(રંગપુર નિવાસી હાલ બોરીવલી)

'તમારી યાદોને ભુલાવવામાં થોડી વાર તો લાગે. આંખોને સુકાવવામાં થોડી વાર તો લાગે.
કોઇ વ્યક્તિ ને ભૂલાવી દેવી એટલી સરળ તો નથી હોતી, દિલને સમજાવવામાં થોડી વાર તો લાગે.'

આપના જેવા દિવ્ય આત્માએ આ પરિવારમાં જન્મ લીધો. લાગણી, પ્રેમ, વાત્સલ્ય, સ્નેહ અને નિષ્ઠાનો અમને અહેસાસ તો હતો પણ એની અનુભૂતિ તમારા દ્વારા થઈ. આ પાંચ તત્વ ની અનુભૂતિ કરાવી આપ પંચ તત્વમાં વિલીન થઈ ગયા. પાછળ મૂકતા ગયા આપના અવિસ્મરણીય સ્મરણો... જેના આધારે આખો પરિવાર જીવી રહ્યો છે.

આપ સફળ જિંદગી જીવ્યા, ઝિંદાદિલ થી વરસાવ્યા સહુ પર લાગણીના ફૂલ, સૌના હૈયે મઘમઘતા રહ્યા.
તમારૂ અમ સહુને છોડી ને ચાલ્યા જવું એ અમારી જીંદગીની કરૂણતા છે.

આપના પવિત્ર આત્માને શાશ્વત શાંતિ મળે અને
જન્મોજન્મ જૈન ધર્મનું શરણું અને નવકાર મંત્રનું સ્મરણ રહે એ મનોકામના.

### શ્રધ્ધાંજલિના સુમન અર્પણ કરતા સ્વજનો

મૃદુલાબેન ચંપકલાલ મણીલાલ અજમેરા
શશીકાંતભાઈ મણીલાલ અજમેરા
લલીતભાઈ મણીલાલ અજમેરા
બીનાબેન હસમુખભાઈ શાહ
હસમુખભાઈ શાહ
માતુશ્રી કંચનબેન વૃજલાલ શેઠ

ડૉ. મનીષ ચંપકલાલ અજમેરા
શિલ્પાબેન મનિષભાઈ અજમેરા
ડૉ. પરાગ ચંપકલાલ અજમેરા
ડૉ. અલ્પા પરાગભાઈ અજમેરા
હિરેનભાઈ ચંપકલાલ અજમેરા
લીનાબેન હિરેનભાઈ અજમેરા

સૌરભ — અપેક્ષા, પ્રિતેશ — જીનલ,
ડૉ. જય — મુક્તિ, ડૉ. રોનક — ડૉ. ફોરમ,
યશ — હિલોની, વિધિ — દિશાંગ, ડૉ. કૃપા — ડૉ. રાહુલ

અરિહંત હાર્ટ ક્લિનિક્ એન્ડ નર્સીંગ હોમ

Advt.

ભાવભર્યા પ્રેમના પુષ્પોની શ્રધ્ધાંજલિ
ઝાલાવાડી વિશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન
વઢવાણ નિવાસી હાલ નાસિક (ઘાટકોપર)



-: જન્મ :-
તા. ૧૪/૧૧/૧૯૫૫

-: અરિહંતશરણ :-
તા. ૧૫/૦૭/૨૦૨૧

# શ્રી રાજેશભાઈ અનોપચંદભાઈ શાહ

(નાથાભવનવાળા)

જીવન ક્ષણિક છે, મુત્યુ નિશ્ચિત છે.
છોડી સ્વજનો નો સાથ, તમે વસ્યા પ્રભુને પાસ
શૂન્યમાંથી સર્જન કરી, સર્વત્ર સુવાસ ફેલાવી આપે,
તમો અમ જીવનમાં સદા રહેશો, શ્રધ્ધા, સ્મૃતિ અને સંસ્કારથી
સાગર જેવુ નિખાલસ હૃદય, કુટુંબ સાથેનો આપનો અતુટ સબંધ
કાયમી સંભારણુ બની રહેશે, તમારો કુટુંબ પ્રેમ હતો મહાન
તમારા દિવ્ય આત્માને શાંતિ આપે એજ પરિવારની પ્રભુને પ્રાર્થના

-: શ્રધ્ધાજંલિ અર્પતા સ્વજનો :-

| | | | | | |
|---|---|---|---|---|---|
| ધર્મપત્ની | : | પ્રફુલ્લાબેન | સસરાજી | : | મથુરદાસ ખોડીદાસ ગોસલીયા |
| પુત્રી-જમાઈ | : | સ્વીટુ ધર્મેશભાઈ દેસાઈ | | | (ગોવાવાળા) |
| દોહિત્રી | : | દર્શની દેસાઈ | સાળા | : | મહાસુખભાઈ, જયવંતભાઈ |
| ભાઈ ભાભી | : | સ્વ. કનકભાઈ - હીરાબેન | | | ડૉ. નલીનભાઈ, પ્રકાશભાઈ |
| | | સ્વ. સુરેશભાઈ | | | શરદભાઈ, હર્ષદભાઈ |
| | | સ્વ. અશ્વિનભાઈ - ઉષાબેન | સાળીઓ | : | સ્વ. વિમળાબેન શશીકાંતભાઈ |
| ભત્રીજા | : | હિતેષ, બિમલ, અમીત, હનીષ | | | સ્વ વસંતબેન અમૃતલાલભાઈ |
| ભત્રીજી | : | નીતાબેન શૈલેષભાઈ મહેતા | | | લતાબેન શશીકાંતભાઈ |
| વેવાઈ | : | હરીશભાઈ પ્રતાપભાઈ દેસાઈ | | | પ્રીતિબેન પ્રફુલ્લભાઈ |

અનોપચંદ ત્રંબકલાલ શાહ પરિવારના જય જિનેન્દ્ર

Advt.

# ઝાલાવાડી વિશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન



(૨૪.૧૦.૧૯૩૧) (૧૬.૦૮.૨૦૨૧)

## શ્રી મુગટભાઈ ગફલભાઈ દોશી

(સુરેન્દ્રનગર નિવાસી હાલ ઘાટકોપર મુંબઈ)

ભૂતપૂર્વ પ્રમુખ : જૈન સોશ્યલ ગ્રુપ -ઈન્ટરનેશનલ ફેડરેશન ● ભૂતપૂર્વ પ્રમુખ : જૈન સોશ્યલ ગ્રુપ - ઘાટકોપર

---

આપનું જીવન અમારી પ્રેરણા છે, આપના આદર્શો અમારા માર્ગદર્શક છે
સમાજસેવા અને ધર્મભાવ આપની ઓળખાણ છે.
આપ સદાય અમારા સ્મરણોમાં રહેશો.

---

**પ્રેમાળ સ્મૃતિમાં**

માતા-પિતા : સ્વ. ચંચળબેન ગફલભાઈ મેઘજીભાઈ દોશી
ધર્મ પત્ની : સ્વ. સરલાબેન મુગટભાઈ દોશી
પુત્ર-પુત્રવધુ : ઉપેન -રૂપા ● દિકરી-જમાઈ : નૂતન કિરીટભાઈ મહેતા, ઉષા
ભાઈ : સ્વ. મનસુખભાઈ, સ્વ. હરગોવિંદભાઈ, સ્વ. અમૃતભાઈ, સ્વ. રમેશભાઈ
બહેન : કંચનબેન, સ્વ. હીરાબેન, સ્વ. શાંતાબેન, મધુબેન
પૌત્રી : જેનીશા, શ્રીલા ● દોહિત્રી : કરિશ્મા , દેવીશા
સાસુ -સસરા : સ્વ. અંજવાળીબેન ગુલાબચંદ ગાંધી
વેવાઈ વેવાણ : ગં. સ્વ. સુશીલાબેન મનહરલાલ શાહ (કલકત્તા)
સ્વ. ધનલક્ષ્મીબેન ઈશ્વરભાઈ મહેતા (મુંબઈ)

---

**JAIN SOCIAL GROUPS INTERNATIONAL FEDERATION**
**JAIN SOCIAL GROUP GHATKOPAR**
**JAIN EDUCATION SOCIETY**
**ZALAWADI STHANAKWASI JAIN SABHA**
**RAJAWADI JAIN UPASHRAYA**

Advt.

To,

Registered with register of Newspaper under RNI No. 6489/57, Postal Registration No. MCS/046/2021-23. WPP Licence No. MR/Tech/WPP - 341/South/2021-23 Published on 5th of every Month, Posted on 10th & 11th of Every Month at Patrika Channel Sorting Office Mumbai - 400 001.


# ઝાલાવાડ દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન
# મૂળી નિવાસી - હાલ ઘાટકોપર

**વાર્ષિક પુણ્યતિથિ**



**અશ્રુભીની શ્રદ્ધાંજલિ**



**માસિક પુણ્યતિથિ**



**સ્વ. પોપટલાલ બી. શાહ**
જન્મ : ૨૮-૫-૧૯૩૧
અરિહંત શરણ : ૧૫-૭-૨૦૨૦

**ગં.સ્વ. ઈન્દિરાબેન પી. શાહ**
જન્મ : ૪-૧૧-૧૯૩૫
અરિહંત શરણ : ૬-૮-૨૦૨૧

માણસાઈ અને આવકાર જૈના હ્રદયમાં હતા, કરુણા જેના દિલમાં હતી,
પરોપકાર જેના પગલામાં હતા, કોઈના દુઃખે દુઃખી, કોઈના સુખે સુખી એવો જીવનમંત્ર હતો,
એવા દિવ્ય આત્માઓને પ્રભુ શાંતિ અર્પે એજપ્રાર્થના

**શોકાતુર**

કલ્પનાબેન ઉમેશભાઈ શાહ
ઉર્મિબેન કૈલેશભાઈ શાહ
દિપ્તિબેન સુનિલભાઈ શાહ
અલકાબેન સંજયભાઈ શાહ

Advt.


Printed & Published by Pravinchandra G. Shah on behalf of Shree Zalawadi Sthanakwasi Jain Sabha Masik Patrika, 47, Dr. M. B. Velkar Street, 1st Floor,Mumbai - 400 002. Printed at : RAJESH PRINTERY, 115, Pragati Industrial Estate, 316, N. M. Joshi Marg, Lower Parel (E), Mumbai - 400 011. Mobile : 98675 40524. Editor : Sandhya B. Shah